સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વા. મંદિર – સરધારનું મુખપત્ર

# સ્વામિનારાયણ ચિંતન

જુલાઈ, ૨૦૧૯ • બે વર્ષ લવાજમ રૂા. ૧૬૦/–



શ્રીજીમહારાજના સંસર્ગમાં આવેલ પશુ-પ્રાણીઓ : લેખમાળા શ્રેણી અંતર્ગત

## ભગવાન શ્રી સ્વામિનારાયણ અને માણકી ઘોડી

**માણકીએ ચઢ્યા રે મોહન વનમાળી, શોભે રૂડી કરમાં લગામ રૂપાળી...**




## શ્રીમદ્ ભાગવત કથા
## ડેટ્રોઈટ-અમેરિકા

મીશીગન રાજ્યના ડેટ્રોઈટને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાન્નિધ્યમાં
પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના વકતાપદે યોજાયેદ શ્રીમદ્ ભાગવત કથાપારાયણ





## શ્રી સ્વામિનારાયણ મહોત્સવ
## ટોરોન્ટો-કેનેડા

કેનેડાના ટોરોન્ટોને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાન્નિધ્યમાં યોજાયેલ
શ્રી સ્વામિનારાયણ મહોત્સવમાં સત્સંગ કથાવાર્તાનો લાભ આપતા પૂ. સ્વામી શ્રી પૂર્ણસ્વરૂપદાસજી




## ત્રિદિનાત્મક સત્સંગ સભા
## સાન-ફ્રાસીસ્કો (USA)

કેલીફોર્નિયા રાજ્યના સાન-ફ્રાસીસ્કોને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાન્નિધ્યમાં યોજાયેલ
ત્રિદિનાત્મક સત્સંગસભામાં કથાવાર્તાનો લાભ આપતા પૂ. સ.ગુ. સ્વામીશ્રી નિત્યસ્વરૂપદાસજી





## સત્સંગ જ્ઞાનયજ્ઞ
## એડમીન્ટન-કેનેડા

કેનેડાના એડમીન્ટનને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાન્નિધ્યમાં યોજાયેલ
સત્સંગસભામાં કથાવાર્તાનો લાભ આપતા પૂ. સ.ગુ. સ્વામીશ્રી નિત્યસ્વરૂપદાસજી







અધ્યક્ષશ્રી



પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય
શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજ

ઉપાધ્યક્ષશ્રી



પ.પૂ. ૧૦૮ ભાવિઆચાર્ય
શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજ


# સ્વામિનારાયણ ચિંતન

પ્રયોજક : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

વર્ષ :– ૭ । અંક :– ૬ । તારીખ :– ૨૦ જુલાઈ, ૨૦૧૯

**પ્રસિદ્ધ કર્તા**
**શ્રી સ્વામિનારાયણ મંદિર**
**મું. સરધાર, તા.જી. રાજકોટ**

**પ્રકાશક – માલિક – તંત્રી**
*સાધુ પતિતપાવનદાસજી*

**સંપાદક**
*સ્વામી આનંદસ્વરૂપદાસજી (વેદાંતાચાર્ય)*

**લવાજમ દર**
*બે વર્ષ : રૂા. ૧૬૦/-*
*પંચવાર્ષિક : રૂા. ૩૫૦/- • પચ્ચીસ વર્ષ : રૂા. ૭૫૦/-*
*પરદેશમાં લવાજમ : **$ 200 U.S.A., £ 125 U.K.***

છબીકલા : મીત બોરડ – મો. ૭૦૪૮૧ ૨૯૫૬૨

સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધારનું રજિસ્ટર્ડ મુખપત્ર. દર માસની ૨૦ તારીખે પ્રકાશિત થતું, આપના સમગ્ર કુટુંબ-પરિવારમાં આનંદ અને સંસ્કારની સૌરભ પ્રસરાવે અને જીવનનું અનેરું ઘડતર કરતું સામયિક.

લવાજમદર અંગે
ગ્રાહક પત્ર વ્યવહાર

'ચિંતન કાર્યાલય', શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર
તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫. ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧
www.sardhardham.com chintankaryalay@gmail.com


## વચનામૃત વિષે મૂર્ધન્ય સાહિત્યકાર વિદ્વાનોના અલૌકિક અભિપ્રાયો

"સંપ્રદાયનો મૂળ ગ્રંથ 'વચનામૃત' તરીકે ઓળખાય છે. આ ગ્રંથે પ્રદેશ (ગુજરાત)ના પ્રાકૃત સાહિત્યના એક સર્વોત્કૃષ્ટ ગ્રંથ તરીકેનું સ્થાન પ્રાપ્ત કરી લીધું છે. એટલું જ નહિ, પણ આ ગ્રંથ વિશ્વનાં સમગ્ર ઉચ્ચતમ ધર્મશાસ્ત્રોની સાથે ઊભો રહેશે. વચનામૃતમાં સંપ્રદાયના સિદ્ધાંતોનો સાર આલેખાયો છે. પરંતુ તે કેવળ તાત્ત્વિક ચર્ચાનું શાસ્ત્ર નથી. જે પણ કંઈ થોડીઘણી તત્ત્વની ચર્ચા આવે છે, તે પણ સંપૂર્ણપણે ધાર્મિક અને આધ્યાત્મિક ઘડતર માટે નોંધાઈ છે, કે જે વક્તાનું એકમાત્ર લક્ષ્ય હતું. આ જ કારણથી એમાં અનુભૂતિનો એક ચોક્કસ રણકાર છે, અને વચન તથા વિચારનો સુંદર સંવાદી સમન્વય થતો જોવા મળે છે. આટલા વિશાળ ગ્રંથનાં સેંકડો પૃષ્ઠોમાં તમને એક પણ બિનજરૂરી શબ્દ કે અસ્થાને આવેલો વિચાર, કે જે મૂળ મોક્ષ વિષયથી જુદો પડતો હોય, તે મળવો ભારે કઠણ પડશે. ખરેખર, વચનામૃત એ એક વિશિષ્ટ કૃતિ છે, અને ભગવાન સ્વામિનારાયણને એક ઉત્તમ કોટિના આચાર્ય તરીકે બિરદાવે છે...

...આ ગ્રંથમાં શુદ્ધ સિદ્ધાંતોને એટલી સાદી, સરળ છતાં એટલી જ રસાળ શૈલીમાં રજૂ કરવામાં આવ્યા છે કે અભણને અઘરું ન લાગે અને વિદ્વાનને સહેલું ન લાગે. વળી, તેમાં જે પચાવવા માટે સક્ષમ હોય તેમના માટે ભારે ખોરાક પણ છે, અને જે ભારે ખોરાક પચાવી શકે એમ ન હોય તેમના માટે હળવો ખોરાક પણ છે. આ ગ્રંથની એક ખાસ વિશિષ્ટતા એ છે કે પ્રત્યેક ઉદ્‌બોધનના પ્રારંભ પૂર્વે ભગવાન સ્વામિનારાયણનું ચિત્રાત્મક વર્ણન આવે છે. કેવળ વાતોને જ રજૂ ન કરવી, પરંતુ વક્તાને પણ એટલું જ પ્રાધાન્ય આપવું, એ આ વર્ણનનો હેતુ છે, જેથી એમનું વ્યક્તિત્વ પણ વાચકોના મનમાં સ્થાપિત થાય...

...સમગ્રપણે જોતાં 'વચનામૃત' હિંદુ શાસ્ત્રનો એક સર્વોત્તમ ગ્રંથ છે. એક આદર્શ આચાર્ય, ઉપદેષ્ટા તરીકે ભગવાન સ્વામિનારાયણને ઓળખવા માટે આ ગ્રંથ એક જ પૂરતો છે."

– મણિલાલ પારેખ (ધર્મવિષયના પ્રાધ્યાપક)

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૦૧ | ભગવાન શ્રી સ્વામિનારાયણ અને માણકી ઘોડી | ૦૪ |
| ૦૨ | ભગવાન શ્રી સ્વામિનારાયણના અન્ય અશ્વલીલા-પ્રસંગો | ૧૧ |
| ૦૩ | સત્સંગ સમાચાર પત્રિકા | ૩૯ |



હમારા લક્ષ્ય – વિશ્વ કા કલ્યાણ હો...
લક્ષ્ય ટી.વી. ચેનલ દ્વારા...
સમગ્ર ગુજરાતમાં ઘેર બેઠા આપ માણો...

| પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુળ મુગટમણિ શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની | પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના શ્રીમુખે | પૂ. સ્વામી શ્રી પૂર્ણસ્વરૂપદાસજીના શ્રીમુખે |
|---|---|---|
| દિવ્ય અમૃતવાણી | સત્સંગ કથાપારાયણ | સત્સંગ કથામૃત |
| સમય : દરરોજ | દરરોજ રાત્રે ૮.૦૦ થી ૧૧.૦૦ | દરરોજ સવારે ૬.૦૦ થી ૭.૦૦ |



श्रीजीमहाराजना संसर्गमां आवेल पशु-प्राणीओ : लेखमाळा श्रेणी अंतर्गत

# ભગવાન શ્રી સ્વામિનારાયણ અને માણકી ઘોડી

લેખાંક – ૨

**માણકીએ ચઢ્યા રે મોહન વનમાળી, શોભે રૂડી કરમાં લગામ રૂપાળી...**

**ગતાંકથી આગળ...**

પછી ત્યાંથી મધ્યાહ્ન સમયે સર્વે સખાના ઘોડાની ઘુમ્મરમાં રમૂજ કરતા ભગવાન શ્રીહરિ ઝપાટાથી ચાલ્યા, તે શીતળ આરતીએ વડતાલમાં હનુમાનજીના દરવાજા પાસે આવ્યા. સર્વે સખાએ ઊંચે સ્વરે **'જય જયકાર'** કર્યો. તે સાંભળી તે મંદિરમાં તથા ગામમાં સર્વે જણે જાણ્યું કે, ભગવાન શ્રીહરિ વડોદરામાં વિજય કરી પધાર્યા

(શ્રીસ્વામિનારાયણ ચરિત્ર ચિંતામણિ : અધ્યાય - ૧૦ના આધારે...)

**'હાથીથી ઉતર્યા હરિ જ્યારે, બેઠા માણકી ઘોડીયે ત્યારે;**
**ચાલ્યા ઝડપથી ધર્મકુમાર, રહ્યા સાથે સહુ અસવાર.**
**થઈ શીતળ આરતી જ્યારે, વરતાલ આવ્યા વાલો ત્યારે;**
**હનુમાન તણે દરવાજે, આવી જય કહી મિત્રસમાજે.'**

(શ્રીહરિલીલામૃત : ૮/૪૮/૨૦-૨૧)

### માણકી ઘોડી લઈ જાય ત્યાં જઈશું :

સં. ૧૮૮૪માં ભગવાન શ્રીહરિ કરમડ ગામમાં અન્નકૂટોત્સવ ગઢપુરથી સંતો-હરિભક્તોનો સંઘ લઈ નીકળ્યા. બોટાદ થઈ રાણપુર પધાર્યા. ત્યાં બડેમિંયાનો નાની ઉંમરનો દીકરો આલમમિંયાનો ભાવ જોઈ તેના ઉપર પ્રસન્ન થઈ લોયા પધાર્યા. લોયામાં મહારાજ સુરાખાચરના દરબારમાં ઊતર્યા. બીજે દિવસે ભેંસજાળથી કાયોજીભાઈ વગેરે દરબારો આવ્યા. તેમણે મહારાજને ભેંસજાળ પધારવા વિનંતી કરી. એટલામાં સુરાખાચરે કહ્યું : "મહારાજ ! નાગડકા પાસે જ છે એટલે નાગડકા થઈને ભેંસજાળ પધારો."

આ સાંભળી કાયોજી દરબાર વિચારમાં પડી ગયા. તેમને થયું કે કરમડમાં અન્નકૂટનો ઉત્સવ છે. દિવાળીના દિવસો હવે દૂર નથી. એટલે જો મહારાજ નાગડકા પધારશે, તો પછી ત્યાં જ સુરાખાચર બે-ત્રણ દિવસ રોકી પાડશે અને ભેંસજાળ આવવાનું બનશે નહીં. તેમણે તરત જ હાથ જોડીને મહારાજને કહ્યું : "મહારાજ ! આપ ગરીબનિવાજ છો, એટલે અમારું ગરીબનું રાખો તો સારું."

એટલે સુરાખાચરે કહ્યું : "પણ મહારાજે ભેંસજાળ આવવાની ક્યાં ના પાડી છે ? નાગડકાથી ભેંસજાળ પધારશે."

તેમની ખેંચતાણ જોઈ ભગવાન શ્રીહરિએ કહ્યું : "તમે બંને સાંભળો ! અમારે કોઈ પક્ષપાત નથી. અમે તો માણકી ઘોડીની લગામ છૂટી મૂકી દેશું એટલે માણકી જ્યાં લઈ જશે

ત્યાં જઈશું.''

બપોરે મહારાજ લોયાથી નીકળ્યા અને માણકીની લગામ ઢીલી મૂકી દીધી. માણકી ભેંસજાળના માર્ગે ચાલી. મહારાજે કાયાજીભાઈને કહ્યું : ''બાપુ ! તમારો ભાવ તો અમારી માણકી ઘોડી પણ જાણી ગઈ !'' કાયોજીભાઈને લાગ્યું કે, મહારાજે યુક્તિ કરી કોઈને ખોટું ન લાગે તેવું કર્યું.

'સુણી બોલ્યા હરિ સાક્ષાત્, નથી મારે કાંઈ પક્ષપાત;
છુટી મૂકું ઘોડીને લગામ, ઘોડી જાય જવું તેહ ગામ.
છુટી મેલી લગામ તે જ્યારે, ભેંસજાળ ચાલી ઘોડી ત્યારે;
કાયોભાઈ બોલ્યા તેહ સ્થાન, બેલી ગરીબ તણા ભગવાન.
પ્રભુએ પછી ઘોડી દોડાવી, ભેંસજાળ તે તરત જ આવી;
હરિભક્ત ઘણા સામા આવ્યા, વાજતે ગાજતે પધરાવ્યા.'

(શ્રીહરિલીલામૃત : ૮/૫૪)

## ગઢપુરમાં દરબારગઢના ફળિયામાં માણકીને ખેલવવાની અદ્‌ભુતલીલા કરતા ભગવાન શ્રીહરિ

**ઘોડી ખેલવવા ભગવાન શ્રીહરિને પ્રાર્થના :** બુદ્ધિશાળી **લલિતા** કહેવા લાગ્યાં, ''હે પ્રભો ! આપની અશ્વ ખેલવવાની લીલા જોવાની મને ઈચ્છા છે. વળી મારી જેમ જયા તથા સર્વે ભક્તોની પણ આપની અશ્વ ખેલવવાની લીલાના દર્શન કરવાની ઘણી જ ઈચ્છા છે. મારા પિતાએ એક માણેકના જેવા રંગવાળી તથા બીજી તાજણ એ ઘોડીઓ દૂધ તથા જલેબી વગેરે દરરોજ ખવડાવી આપના માટે જ ઉછેરી છે. માટે આ વિશાળ આંગણામાં તે સુંદર ઘોડી ઉપર બેસીને તમો તેને ખેલાવો. તરુણ તથા રૂપ, શીલ અને ગુણોથી યુક્ત, અતિ સુંદર ગતિ જેમની છે એવી, આપને બેસવા માટે આ બંને ઘોડીઓ યોગ્ય છે. ગરુડ તથા અનલ પક્ષીનો ગર્વ, જેમના વેગથી હરાય ગયો છે. તેવી સુંદર ગતિવાળી આ બંને ઘોડીઓના સ્વરૂપે અહીં આપની સેવા કરવા માટે જાણે તે બંને મુક્તો જ આવ્યા છે. માટે વિવિધ પ્રકારનાં અલંકારોથી શોભાયમાન આ બંને ઘોડીઓ ઉપર વારાફરતી આરોહણ કરીને આપ કૃપાથી તે બંનેનો જન્મ સફળ કરો.''

લલિતાનું બહુ પ્રેમયુક્ત આવું વચન સાંભળીને પોતાના ભક્તોને આનંદ આપવાની ઈચ્છાથી શ્રીહરિ અત્યંત પ્રસન્ન થયા. પછી ધર્મનંદન શ્રીહરિએ માણિક્ય વર્ણવાળી ઘોડીને તૈયાર કરવા નાન્ન ભક્તને આજ્ઞા કરી. નાન્ન ભક્ત તેટલામાં વિચિત્ર અલંકારોથી અલંકૃત કરેલી આ સોનેરી પલાણ જેને છે એવી સુશીલ માણકી ઘોડી તૈયાર કરીને લાવ્યા.

પોતાના ભુવનની આગળના ભાગમાં આવેલા ઓટલાની સમીપમાં ઊભી રહેલી, ઉત્તમ સુંદર ભૂષણોથી શણગારેલ અને જનસમુદાય જેને નીરખી રહ્યા છે એવી માણકી ઘોડી ત્યાં શોભતી હતી.

**માણકીને શણગાર સજ્યા :** શોભાયમાન મણિઓ જેમાં છે એવા સુવર્ણના ઝાંઝરોથી જેના આગલા બે પગ શોભે છે એવી અને હૃદયપર્યંત લાંબી શોભાવાળી મણિજડિત સુવર્ણની માળા જેની ડોકમાં છે એવી અને કંઠમાં ધારણ કરેલા સુંદર સોનાના હારવાળી, વિવિધ મણિમય સુવર્ણના મુખનાં ભૂષણોથી શોભાયમાન; જડેલા શુદ્ધ લીલા, લાલ તથા પીળા, શ્વેત મણિઓના પ્રકર્ષથી પ્રકાશમાન મનોહર દેદીપ્યમાન સુવર્ણનો મયૂર મસ્તકમાં ધારણ કરતી; બંને કપાળોમાં શોભાયમાન સુવર્ણના સૂર્યોની કાંતિથી શોભતી, ભાલમાં સુવર્ણ અને ઉજ્જવળ મણિની શોભાયુક્ત અર્ધચંદ્રના ભૂષણવાળી; સોનાની ઘૂઘરીઓ સહિત રત્નજડિત સુવર્ણના વિભૂષણો તથા વિવિધ પ્રકારના નીલ, રક્ત, પીત, શ્યામ વગેરે અનેક ધાતુઓથી પર્વતની ભૂમિ જેમ શોભે તેમ તે ઘોડી શોભતી હતી. લલાટમાં શ્વેત રોમનું સુંદર ચિહ્ન છે એવી લાલ વર્ણવાળી ઘોડી બીજના ચંદ્રમાને ધારણ કરતી સંધ્યા જેમ શોભે તેમ અત્યંત શોભતી હતી. જડેલા લીલા, પીળા, લાલ, કાળા, ધોળા મણિઓની શોભાથી યુક્ત સુવર્ણનાં ભૂષણોની કાંતિથી યુક્ત, બંને પડખામાં બાંધેલા બંધની વચ્ચે ચળકતા, અતિ લાલ ડુમચી નામના અલંકારથી તે ઘોડી શોભતી હતી.

કસુંબી રંગથી રંગાયેલી ડોક ઉપરની કેશવાળીની ઘટાથી અત્યંત શોભતી, લાલ સુંદર પૂંછડાના વાળથી અત્યંત શોભતી; નીલાદિ પંચ વર્ણોવાળા મણિઓની કાંતિ જેમાં છે એવો સુવર્ણનો કાંઠલો તથા શ્યામ વર્ણવાળા રેશમી વસ્ત્રમાં સુવર્ણના બુટ્ટાઓની શોભા છે એવી દળીથી શોભતી; શ્વેત તથા લાલ મણિઓની શોભાથી યુક્ત તેમજ વિલાસ કરતા હંસોની પ્રતિમાઓ જેમાં છે એવા સુવર્ણના બંને પેંગડાંથી વિભૂષિત કરેલી.

**માણકી ઘોડીને ભગવાન શ્રીહરિમાં અનુરાગ :** આવી શોભાએ યુક્ત માણકી ઘોડી પોતાના પતિ એવા શ્રીહરિનાં, કામદેવને પણ મોહ પમાડનાર રૂપને જોતી પતિવ્રતા જેમ આનંદ પામે તેમ આનંદનાં અશ્રુ જેના નેત્રમાં છે એવી રોમાંચ ગાત્રવાળી થઈ. શ્રીહરિએ તે ઘોડી ઉપર દૃષ્ટિ કરી એટલે તે ઘોડી ભક્તિપૂર્વક મધુર હણહણાટથી જાણે શ્રીહરિની સ્તુતિ કરતી હોય તેવી દેખાતી હતી. વળી વારંવાર નિઃશ્વાસ મૂકતી તે અત્યંત સંતાપયુક્ત હતી.

પોતાના પતિથી ઉપેક્ષિત પતિવ્રતા સ્ત્રી પતિમાં

આસક્તિવાળી બની પતિની સન્મુખ જેમ પોતાના પગથી પૃથ્વીને ખોતરે તેવી રીતે **માણકી ઘોડી** પણ શ્રીહરિમાં આસક્તિવાળી જાણે પોતાના પતિ શ્રીહરિએ તેની ઉપેક્ષા કરી હોય તેવી બની પોતાના પગથી પૃથ્વીને ઉખેડતી હતી. નરનાટ્યધારી શ્રીહરિ આ પ્રકારની ઘોડી જોઈને તેની સમીપ જઈને કૃપાથી તેના પ્રત્યે જોવા લાગ્યા. તે સમયે પ્રસન્નતા પામેલી ઘોડી તત્કાળ પગને ચલાવતી પોતાના આત્માને કૃતાર્થ માનતી શ્રીહરિની સમીપ ગઈ. પછી માણકી સુંદર ચંદન ચર્ચેલા શ્રીહરિનાં ચરણકમળોને ચાટવા લાગી. તેથી શ્રીહરિ હસતાં હસતાં તેના અંગ ઉપર હાથ ફેરવવા લાગ્યા.

**માણકીએ ચડ્યા માણીગર માવ :** શ્રીહરિએ ડાબા હાથે ઘોડીની સુંદર કેશવાળી પકડી અને જમણા હાથે પલાણ પકડીને ઘોડી ઉપર તત્કાળ બિરાજ્યા. ઘોડીની સોનેરી લગામ ડાબા હાથમાં ધારણ કરી, જમણા કરકમળમાં શોભાયમાન સુવર્ણની સોટી ધારણ કરતા શ્રીહરિ, ચંદનના જળથી છંટકાવ કરેલા ચોકમાં હર્ષથી તે ઘોડીને વિચિત્ર ગતિઓથી ચલાવતા હતા.

ઘોડીની **વિવિધ ચાલ** અને **નૃત્ય :** આસ્કંદિત, ધોરિતક, વલ્ગિત, રેચિત, પ્લુત તથા અર્ધ પુલાયિત વગેરે વિવિધ પ્રકારની ગતિઓથી તે ઘોડીને શ્રીહરિ ચલાવતા હતા. શ્રીહરિ પોતાની કોમળ બે મોજડીઓ બંને પગમાં ધારેલા થકા મનોહર ઘોડીને ઉત્તરથી દક્ષિણ તરફ દોડાવતા હતા. તે સમયે તે ઘોડીના નૃત્યને આકાશમાં રહીને જોતી ઉર્વશી વગેરે અપ્સરાઓ પોતાનાં નૃત્યની ચતુરાઈના ગર્વનો ત્યાગ કરતી હતી.

પોતાના વેગથી ધનુષ્યથી નીકળેલા બાણ તથા નદીના પ્રવાહના વેગનો તિરસ્કાર કરતી તે ઘોડીને પૂર્વ તથા પશ્ચિમમાં શ્રીહરિ દોડાવતા હતા. ગતિની શીઘ્રતાથી ગરુડના ગર્વનો નાશ કરનારી તે ઘોડીને ચંચળતાપૂર્વક ખેલાવતા શ્રીહરિને જેમની પાઘમાં તોરા ઊછળે છે એવી શોભાયુક્ત જોઈને ચંદ્રને જોઈને ચકોર જેમ આનંદ પામે તેમ તે ભક્તો આનંદ પામતા હતા.

**વ્હાલો ઘોડલા ખેલાવે ઘનશ્યામ રે, બાઈ મારે આંગણિએ :** અભય રાજાના આંગણામાં અક્ષર બ્રહ્મના ભાવને પામેલા અતિ પ્રિય લીમડાના વૃક્ષની ચારેય તરફ શ્રીહરિ ઘોડી મંડલાકારથી ફેરવતા હતા. સુવર્ણની ઘૂઘરીઓવાળાં, અવાજ કરતા બંને ઝાંઝરોથી શોભતી અને ગોળાકારે ફરતી હોવાથી વંટોળિયાના સુંદર ગોળાકાર વેગનો તિરસ્કાર કરતી તે ઘોડી અત્યંત શોભતી હતી.

સમગ્ર ક્રિયાઓમાં પ્રવીણ **શ્રીહરિ** ઘોડીને (દેખનારને) જેવું ગમે તેવું ભ્રમણ કરાવતા હતા. તે ભ્રમણ જોઈને વાયુ હાલમાં પણ વંટોળિયાને વિસ્તારીને તે ઘોડીના **વેગ**નો **અભ્યાસ** કરવા માટે નિરંતર ભ્રમણ કરે છે. સર્વેશ્વર પરમેશ્વરનો યોગ પામેલી, બંને પગમાં પહેરેલાં-ખણકતાં ઝાંઝરથી શોભતી તે ઘોડીના વેગની અનુપમ શ્રેષ્ઠતા જોઈને મન પણ પોતાના વેગના ગર્વનો ત્યાગ કરતું હતું. વિવિધ પ્રકારની સમગ્ર ગતિઓમાં નિપુણતાવાળી ઘોડીનું ભ્રમણ જોઈને આકાશમાં ભ્રમણ કરતા સૂર્યના અતિ મોટા છંદ નામના ઘોડાઓ પણ અતિ વિસ્મય પામ્યા.

મકરધ્વજ (કામ)નો વિનાશ કરનારી શ્રેષ્ઠ વાંકી ભ્રકુટીને ચલાવતા, ઘોડીને અત્યંત વેગપૂર્વક ભ્રમણ કરાવવાથી ઊછળતા સુંદર પુષ્પોના જે બંને કુંડળો તેથી શોભાયમાન મણિઓથી જડેલાં સુવર્ણના અલંકારો તથા વિવિધ પ્રકારના શ્રેષ્ઠ વસ્ત્રો જેમને છે એવા, ચાલતી ઘોડી ઉપર બેઠેલા માટે જ વીજળીએ સહિત ઈન્દ્રધનુષથી યુક્ત નવીન-ચપળ ગતિવાળા મેઘની કાંતિ સમાન શરીરવાળા; શ્રમથી થયેલા પરસેવાના બિંદુઓ રૂપી નવાં મોતીઓથી અત્યંત શોભાવાળું મુખ, હિમના અતિ નિર્મળ બિંદુઓથી વ્યાપ્ત ખીલેલા કમળ સમાન શોભતું હતું. શોભાયમાન ઘોડીને ખેલવવાની શ્રીહરિની ચતુરાઈ જોઈને સ્વર્ગમાં દેવો પણ પોતાના વિમાનના વેગનો ગર્વ ભૂલ જઈ અતિ આશ્ચર્ય પામતાં હતાં.

પછી જેના મોઢામાંથી ફીણ નીકળે છે અને જેનું શરીર શ્રમિત થયું છે એવી તે ઘોડીની **સ્થિતિ** જોઈને શ્રીહરિ તે ઘોડી ઉપરથી ઊતર્યા. પછી શ્રીહરિ આવીને પોતાના આસન ઉપર બિરાજ્યા. તે વખતે શ્રીહરિને ઉત્તમ રાજા વીંજણાથી પવન નાખવા લાગ્યા. અતિ પ્રેમના સ્થાનભૂત અખિલેશ્વર અચ્યુત શ્રીહરિને બીજા પાર્ષદો પણ તાડના પંખાઓથી આદરપૂર્વક પવન નાખવા લાગ્યા. મનુષ્યભાવને અનુસરતા શ્રીહરિ જાણે થાકી ગયા હોયને શું ? એમ જણાવવા હતા. પછી પોતાની સેવામાં રહેલા નારાયણાનંદ વર્ણી પાસે જળ માગ્યું તે તેઓ લાવ્યા એટલે શ્રીહરિએ તે મીઠું જળ પીધું.

પછી દયાસાગર **શ્રીહરિ** પોતાના પાર્ષદોને કહેવા લાગ્યા, "હે પાર્ષદો ! આ ઘોડીને ઘણો પરિશ્રમ પડ્યો છે માટે તેને પવન નાંખો." શ્રીહરિની આજ્ઞાથી કેટલાક પાર્ષદો ઘોડીઓની જાતમાં અલંકારરૂપ તે નિષ્પાપ ઘોડીને પવન નાખવા લાગ્યા.

પછી પરમાત્મા શ્રીહરિની આજ્ઞાથી ઉન્મત્ત ગંગાના જળમાં તે ઘોડીને સ્નાન કરાવવા લઈ ગયા. શ્રીહરિ દશ આવર્તોવાળી, (બે આવર્તો ઉરસ્થળમાં, બે મસ્તકમાં, બે

આગલા પગમાં, બે પાછલા પગમાં, એક ભાલમાં તથા એક અપાન પ્રદેશમાં એમ દશ આવર્તો કહેલા છે. વળી જે ઘોડાને કે ઘોડીને છાતીમાં ઊભી રૂંવાટીવાળા ત્રણ આવર્તો હોય છે તેને **શુક્તિ** કહે છે. તે વિજયસૂચક ચિહ્ન છે. તેવી ત્રણ શુક્તિ તાજણ ઘોડીને હતી. કંઠ પ્રદેશમાં **દેવમણી** નામનો આવર્ત હતો.) વિવિધ અલંકારોથી શોભતી એવી તાજણ ઘોડીને શ્રીહરિ માણકી ઘોડીની માફક ખેલાવતા હતા.

આ પ્રકારે નવા નવા અલંકારો તથા નવીન વસ્ત્રો ધારણ કરતા **શ્રીહરિ** ક્યારેક ક્યારેક અભય રાજાના આંગણામાં, લક્ષ્મીવાડીમાં તથા ગઢપુરના સીમાડામાં રહેલી રાધાવાડીમાં શણગારેલી ઘોડીઓ તથા ઘોડાઓને પણ વિચિત્ર ગતિઓથી ખેલવતા હતા. આવી રીતે ભગવાન શ્રી સ્વામિનારાયણ પોતાની મૂર્તિની સ્મૃતિ માટે દર્શનીય **ઘોડા ખેલવવાની લીલા** ઘણીવાર કરતા હતા.

(શ્રીહરિલીલાકલ્પતરુ : ૪/૨૯-૩૦)

### મહારાજે સુરાખાચરને માણકીમાં ગરુડ દેખાડ્યો :

અક્ષરઓરડીમાં મહારાજ વિરાજમાન હતા અને સુરાખાચર મહારાજના દર્શને ગયા. અને અક્ષરઓરડીની પછવાડે **માણકી ઘોડી** બાંધી હતી. ત્યારે મહારાજ બોલ્યા જે, "સુરાખાચર ! આ શું બાંધ્યું છે ?" ત્યારે **સુરાખાચર** કહે, "મહારાજ ! ઘોડી બાંધી છે." ત્યારે મહારાજ કહે, "ઘોડી નહીં, ગરુડ બાંધ્યો છે." સુરાખાચર કહે, "ના મહારાજ ! ઘોડી છે." પછી સુરાખાચરે ઘોડી સામું જોયું, એટલે ઘોડી પાંખું ફફડાવવા મંડી. ત્યારે સુરાખાચર બોલ્યા જે, "મહારાજ ! આ તો **ગરુડ** દેખાય છે."

(શ્રી અક્ષરાનંદ સ્વામીની વાતો : ૧૦૦)

## ભગવાન શ્રીહરિ અંતર્ધાન થયા પછી માણકી ઘોડી ઉપર બેસીને ભક્તોને દિવ્ય દર્શન આપ્યાં

### વડોદરાના રામચંદ્ર વૈદ્યને માણકી ઘોડી ઉપર આવતા માણીગર માવ સામે મળ્યા :

ભગવાન શ્રીહરિ અંતર્ધાન થયા તે જ દિવસે એટલે જેઠ સુદ - ૧૦ને દિવસે વડોદરાથી **રામચંદ્ર વૈદ્ય** હરિભક્તોના સંઘ સાથે મહારાજની અસ્વસ્થ તબિયતના સમાચાર સાંભળી ગઢપુર આવતા હતા. તેઓ ઉગામેડી પહોંચ્યા ત્યાં સામેથી જ તેમણે મહારાજને **માણકી ઘોડી ઉપર** આવતા જોયા. સાથે દસ પાર્ષદો પણ અશ્વ ઉપર આવતા હતા. રામચંદ્ર વૈદ્ય હર્ષમાં આવી એકદમ બોલી ઊઠ્યા : "જુઓ, જુઓ, મહારાજ પધાર્યા !"

એટલામાં ભગવાન **શ્રીહરિ** નજીક આવી ગયા. માણકી ઉપરથી ઊતર્યા ત્યાં તો વૈદ્યરાજ મહારાજને દંડવત્ કરવા લાગ્યા. મહારાજે તેમને ઊભા કર્યા અને પૂછ્યું : "વૈદ્યરાજ ! આ સંઘ લઈને ક્યાં જાઓ છો ?"

વૈદ્યરાજે તરત જ કહ્યું : "મહારાજ ! આપની તબિયતના સમાચાર સાંભળી અમે આપના દર્શન કરવા આવતા હતા."

મહારાજ આ સાંભળી હસ્યા. પછી પોતાનો હાથ લાંબો કર્યો અને વૈદ્યરાજને કહ્યું : "રામચંદ્રજી ! જુઓ અમારી નાડી."

રામચંદ્ર વૈદ્યે મહારાજનો જમણો હાથ પોતાના હાથમાં પકડ્યો અને નાડી જોવા લાગ્યા. થોડીવારે તેમણે કહ્યું : "મહારાજ ! નાડી જોતાં તો નખમાં પણ રોગ જણાતો નથી."

ભગવાન શ્રીહરિએ આ સાંભળી હસીને કહ્યું : "નજીવા મંદવાડથી સૌએ સમાચાર ફેલાવી દીધા ને ગામોગામથી ભક્તો **ગઢપુર** આવવા લાગ્યા. તમે પણ આવ્યા. હવે ગઢપુર જાઓ અને ગોપીનાથજી દેવનાં દર્શન કરો. અમે અત્યારે સારંગપુર જઈએ છીએ અને કાલે ગઢપુર પાછા આવીશું." એમ કહી મહારાજ માણકી ઘોડી ઉપર બિરાજમાન થઈને માણકીને પૂરપાટ વેગમાં દોડાવી મૂકી. મહારાજનાં સાજા-સારા દર્શન થયાં એટલે સૌને શાંતિ થઈ ગઈ ! મહારાજની આજ્ઞાનુસાર ગઢપુર જવા તેઓ આગળ ચાલ્યા.

### ધોલેરાના અજુબા તથા ફૂલીબાને મહારાજ મળે છે :

વડોદરાનો સંઘ આગળ ચાલ્યો. તેની પાછળ જ ધોલેરાથી **અજુબા** તથા **ફૂલીબા** ગાડામાં બેસી મહારાજના દર્શન કરવા આવતાં હતાં. નિંગાળા પાસે નદીમાં તેમણે ગાડું છોડ્યું અને બળદને પાણી પાયું. થોડો વિશ્રામ કરતા હતા ત્યાં મહારાજ **માણકી ઉપર** અસવાર થઈ પધાર્યા ! સાથે દસ અસવારો પણ હતા. સૂર્યાસ્ત સમય થયો હતો અને તેઓ ગાડું જોડીને ગઢપુર પહોંચવાની ઉતાવળમાં હતા. એટલામાં તેમને મહારાજનાં દર્શન થયાં. મહારાજને જોઈ બંનેએ મહારાજને પંચાંગ પ્રણામ કર્યા. પછી મહારાજે તેમને પૂછ્યું : "તમે ક્યાં જાવ છો ?"

તેમણે કહ્યું : "મહારાજ ! આપે મંદવાડ ગ્રહણ કર્યો હતો તે સમાચાર સાંભળી અમે આપના દર્શન કરવા ગઢપુર આવતાં હતાં."

મહારાજે હસીને કહ્યું : ''હમણાં જ વડોદરાના રામચંદ્ર વૈદ્ય અમને મળ્યા. અમારી નાડી તેમણે તપાસીને કહ્યું કે નખમાંય રોગ નથી. અમે તો સાજા-સારા છીએ અને દર્શન દેવા ગામોગામ ફરીએ છીએ.'' એટલું કહીને તેમને કહ્યું : ''તમે હવે ગઢપુર જાઓ અને ગોપીનાથજી દેવના દર્શન કરો.'' એટલું કહી મહારાજ તરત જ ત્યાંથી માણકી ઉપર અસવાર થઈને વિદાય થયા.

વડોદરાનો સંઘ અને પૂંજાભાઈ દરબારના બહેન **ગઢપુર** પહોંચ્યાં. ત્યાં તેમને સમાચાર મળ્યા કે ભગવાન શ્રીહરિએ તો પંચભૌતિક દેહનો ત્યાગ કરી દીધો હતો અને અગ્નિસંસ્કાર વિધિ પણ થઈ ગયો હતો. આ સમાચારથી તેમનું હૈયું ભાંગી ગયું. છેલ્લા છેલ્લા તેમને માણકી ઘોડીએ અસવાર શ્રીજીમહારાજના દિવ્ય સ્વરૂપનાં પણ **દર્શન** થયાં, તેથી તેમને કાંઈક **આશ્વાસન** મળ્યું.

### વડનગરના વિપ્રોને મહારાજ દિવ્ય દર્શન આપે છે :

તે જ દિવસે વડનગરથી **બે બ્રાહ્મણો** ભગવાન શ્રીહરિના દર્શન કરવા માટે ગઢપુર આવતા હતા. જ્યારે તેઓ ગઢપુરની નજીક ઉગામેડી ગામ પહોંચ્યા ત્યારે ભગવાન શ્રીહરિએ તેમને દર્શન દીધાં. મહારાજ પોતે માણકી ઘોડી ઉપર બિરાજમાન હતા. પછી વિપ્રોને દર્શન દેવા માટે મહારાજ તેમની નજીક આવ્યા.

ત્યારે બંને વિપ્રો ભગવાન શ્રીહરિના ચરણમાં નમી પડ્યા અને બોલ્યા : ''મહારાજ ! અમે જ્યારે આપની માંદગીના સમાચાર સાંભળ્યા એટલે દર્શન કરવા માટે આવ્યા છીએ, પણ આજે આપને સાજા-સારા દેખ્યા એટલે અમને ખૂબ સુખ થયું છે.'' ત્યારે **મહારાજ** કહે : ''તમે બંને અત્યારે ગઢપુર જાઓ. અમે આ બાજુના ગામે જઈને પાછા આવીએ છીએ.'' એમ કહી મહારાજે માણકી ઘોડીનું ચોકડું મરડ્યું અને આગળ ચાલ્યા. બંને વિપ્રો ગઢપુરને માર્ગે રવાના થયા. પછી તે બંને વિપ્રો ગઢપુર ગામમાં આવ્યા ત્યારે તેમણે સાંભળ્યું કે ભગવાન શ્રીહરિ ધામમાં પધાર્યા છે. તેથી તેમના અંતરમાં ઘણું દુઃખ થયું. પછી તે બંને મનમાં **વિચાર** કરવા લાગ્યા કે, ''સર્વ કર્તા મહારાજે આપણને દિવ્ય દર્શન આપ્યાં છે. માટે હવે તો આપણે સંસારના સુખનો ત્યાગ કરી આ દેહથી આત્મકલ્યાણનું કાર્ય કરી લેવું છે.'' એમ દૃઢ **નિર્ધાર** કર્યો. પછી તે બંને સંસારનો ત્યાગ કરી બ્રહ્મચારી



થયા. તેમાં એકનું નામ '**હરિકૃષ્ણાનંદ**' રાખ્યું અને બીજાનું નામ '**ઘનશ્યામાનંદ**' રાખ્યું.

### હળવદના બે બ્રાહ્મણોને ભગવાન શ્રીહરિના દિવ્ય દર્શન થયાં :

ભગવાન શ્રીહરિના માંદગીના સમાચાર જાણીને તે દિવસોમાં હળવદના **બે બ્રાહ્મણો** ભગવાન શ્રીહરિનાં દર્શન કરવા માટે હળવદથી તત્કાળ નીકળીને ગઢપુર આવતા હતા. તે દિવસે તેઓ જ્યારે ગઢપુરના સીમાડે પહોંચ્યા ત્યારે માણીગર શ્રીહરિના દર્શન થયાં. સર્વ સુખધામ શ્રીહરિ **માણકી ઘોડી ઉપર** બેઠા થકા તેમની **સન્મુખ** આવ્યા. જ્યારે તે બ્રાહ્મણોએ ભગવાન શ્રીહરિને પોતાની સમીપે દેખ્યા ત્યારે મનમાં ખૂબ **આનંદ** થયો. અતિશય પ્રેમથી તે પગે લાગ્યા અને ભગવાન શ્રીહરિના ચરણોમાં ભેટ મૂકી. પછી તે વિપ્રોએ પૂછ્યું : "હે પ્રભુ ! આપ સવારી લઈને અત્યારે ક્યાં જાઓ છો ?" ત્યારે **શ્રીજીમહારાજ** બોલ્યા : "હું આજે દેશમાં ફરવા જઈ રહ્યો છું. અમે પાછા આવી જશું. તમે બંને ગઢપુર જાઓ." આમ કહીને ભગવાન શ્રીહરિ માણકી ઘોડીને લઈને પશ્ચિમ દિશા તરફ ચાલ્યા ગયા. જ્યારે તે બ્રાહ્મણો ગઢપુર આવ્યા ત્યારે ભગવાન શ્રીહરિ સ્વધામ પધાર્યા છે તેવી તેમને ખબર પડી. પછી તો તે **બંને બ્રાહ્મણો** ઉદાસ થઈ ગયા અને રડતાં રડતાં એમ બોલ્યા કે, "હે નાથ ! આપની ગતિ-રીતિભાતિ તો અકળ છે. તેના પારને કોઈ પામી શકતું નથી. ચાહે કોઈ દેવ હોય કે મુક્ત હોય, તોપણ આપની ગતિને તે જાણી શકતા નથી."

### નંદસંતો તથા અન્ય સંતો-ભક્તો રચિત માણકી ઘોડીના કીર્તનપદો :

માણીગર શ્રીહરિએ **માણકી ઘોડી ઉપર** સ્વાર થઈને કાઠી ઘોડેસ્વાર સખાઓની સાથે **સત્સંગ વિચરણ** કર્યું છે. ભગવાન શ્રીહરિના સૌરાષ્ટ્ર અને ગુજરાતના વિચરણમાં અને સત્સંગ પ્રવર્તનમાં માણકી ઘોડીનો સદાય સાથ રહેલ છે. માણકીને મોહનવર સંગાથે અનન્ય સ્નેહભાવ હતો. ભગવાન શ્રીહરિની મરજી પ્રમાણે ચાલતી રહેતી. કવિ **નંદસંતો**એ મહાપ્રભુ શ્રીહરિ સાથે માણકીના **ગુણગાન**નાં **કીર્તનો** પણ રચ્યાં છે.

**ο સ.ગુ. શ્રી પ્રેમાનંદ સ્વામી :**

**માણકી**એ ચડ્યા રે મોહન વનમાળી,
શોભે રૂડી કરમાં લગામ રૂપાળી...મા૦
માણીગર સૌને કહે છે થાઓ ત્યાર,
મુનિ વર્ણિ પદાતિને અસવાર;
વ્રતપુરી જાવા કર્યો નિરધાર...માણકીએ૦૧
કેસર બેરી બોદલી ને ફૂલમાળ,
તાજણ તીખી વાંગળીનો ઘણો તાળ;
શોભે ઘણા વહાલા લાગે છે મરાળ...માણકીએ૦૨
પ્રેમી ભક્ત વિનતિ કરે દોડી દોડી,
લોહચુંમક તુલ્ય વૃત્તિ મૂરતિમાં જોડી;
નથી જાતી દરબારમાંથી ઘોડી...માણકીએ૦૩
આજ્ઞા આપો અમે જઈએ વ્રતપુરી,
જાઓ પ્રભુ રામનવમી નથી દૂરી;
સેવકદાસ પ્રેમાનંદ હજૂરી...માણકીએ૦૪

વાલમજી વે'લા વળજો ગઢપુર,
વ્રતપુરી નથી દેશાંતર દુર...વાલમજી૦
**માણકી**નો વેગ દેખ્યો સુણ્યો કોઈ,
આકાશેથી તારો ખર્યો જાણ્યું જોઈ;
ગરુડ લાજ લોપી માણકીએ સોઈ...વાલમજી૦૧

આવી **માણકી** દાદાના દરબારમાં,
નીરખી સહજાનંદ ભગવાન શોભે અસવારમાં...

ઊતર્યા **માણકી**એથી અલબેલડો,
ધર્મકુંવર ડોલરિયો દિવાન શોભે રંગરેલડો...

આ પાદુકા પે'રી આવતા રે,
મારે મંદિર મુનિના રાય...સજની૦૫
આ ફળિયામાં ઘોડી ફેરવતા રે,
**માણકી** મતવાલી મહારાજ...સજની૦૬

**ο સ.ગુ. શ્રી ભૂમાનંદ સ્વામી :**

માવો **માણકી** પર અસવાર રે, સખા ચારે કોરે શોભતા;
રથ મેનાનો નહિ પાર રે...ચાલો૦૨

**ο સ.ગુ. શ્રી કૃષ્ણાનંદ સ્વામી :**

આંખોથી આંસુ ઝરે રે, હૈડે આગ અપાર;
ચાલો તો મંદિરીયે જઈએ, **માણકી**ના અસવાર રે...

અમરના સરદાર, હરિ મારા નેણતણા શણગાર;
નેણ તણા શણગાર, ગુણવંત **માણકી**ના અસવાર...

**ο અન્ય ભક્તકવિઓ :**

**માણકી** રે ઘોડી પ્રીતમને પ્યારી,

અક્ષરપતિ કરતા અસવારી..મા૦૧
કેશર વર્ણી મનવેગી ચાલે,
વખાણી છે વિશ્વપતિ વહાલે...મા૦૨
એના રે તપજપમાં નથી ખામી,
બિરાજે છે અંગપર બહુનામી...૦૩
સેવા સજી લાભ ઘણો લીધો,
હરિરસ પ્રેમ ધરી પીધો...૦૪
અક્ષય સુખ આપ્યું અવતારી,
**નારણદાસ** બલિહારી...૦૫

**માણકી** હું રે તુજને પૂછું એક વાતડી રે,
કેને આવાં શાં તેં કીધાં ભારે પુન્ય રે...
મોહનને વાલી માણકી રે.૦
માણકી ધન્ય તારી પેલા ભવની પ્રીતડી રે,
તારા તપજપમાં નથી કાંઈ નુન્ય રે...મોહન૦૧
માણકી રંગે રાતી કેશર જાતિ જાણવી રે,
માણકી શણગારમાં શોભે સૂરજ તુલ્ય રે...મોહન૦૨
માણકી રૂપે રૂડી તેજે પુરી જાણવી રે,
ઉપર પલાણ આવે છે અદકે મુલ્ય રે...મોહન૦૩
શોભે ઘુઘરમાળ મોતીહાર કંઠમાં રે,
ઝળકે લેલાવટીએ હીરામણિ સાર રે...મોહન૦૪
માણકી મન વેગીને તાજન તિખિ જાણવી રે,
જેના સહજાનંદ સ્વામી અસવાર રે...મોહન૦૫
અતિ આનંદ લીધો છે અક્ષર નાથનો રે,
જેનો મહિમા મોટા મુનિજનો ગાય રે...મોહન૦૬
નારણદાસ કહે છે શ્રીજીના પ્રતાપથી રે,
**માણકી** ઘોડી આખા વિશ્વમાં વખણાય રે...મોહન૦૭

રથ વેલ જુત સાજા, નંદ સંતકા સમાજા;
**માણકી**એ મહારાજા...જબ૦૭ - કવિ માવદાનજી

ભક્તોનો સાદ તમે સાંભળતા રે લોલ,
પ્રભુ તુર્ત થતાં **માણકી**એ અસવાર જો...વસમી૦૫

### આચાર્યપ્રવર શ્રી વિહારીલાલજી મહારાજશ્રી શ્રીહરિલીલામૃત ગ્રંથમાં માણકી ઘોડી :

- કરી **માણકી** પર અસવારી, સખા સંગે શોભે સુખકારી; વર્ણી ચમર કરે તેણી વાર, છડિદાર બોલે જેજેકાર. (૬/૧૬)
- એમ કહી હરિ નાવાને કાજ, ચાલ્યા લૈ સાથે સંતસમાજ; થયા **માણકીયે** અસવાર, વાજાં વાજે ત્યાં વિવિધ પ્રકાર. (૬/૨૯)
- ચાલવાનો સમય થયો જ્યારે, નાગમાલો મહાભક્ત ત્યારે; લાવ્યા **માણકી** સજી શણગાર, અવિનાશી થયા અસવાર. (૭/૧)
- થયા **માણકીયે** અસવાર, છડીદાર બોલે જયકાર; સંત હરિજન કીર્તન ગાય, તેની શોભા વરણવી ન જાય.
- પછી **માણકીયે** ચડી માવ, ચાલ્યા ગામમાં નટવર નાવ; સંત હરિજન કીર્તન ગાય, વાજાં બાજે ને ઉત્સવ થાય. (૭/૫)

સેવકે **માણકી** સજ્જ કરી, સોનારૂપાના શણગાર ધરી; વૃષપુત્ર થયા અસવાર, છડિદાર કહે જયકાર. (૭/૨૫)

શણગારિ સારી **માણકી** અસવારિ શ્રીહરિએ કરી, ધરી અંગપટ નવરંગ જડિયલ નંગનાં ભૂષણ ધરી. (૭/૨૮)

- ગામથી તો ઉત્તર દિશમાંય, હોળી પ્રગટી હતી ગયા ત્યાંય; હતા **માણકી** પર પ્રભુ પ્યારા, દીધી હોળીને દુધની ધારા.

રહ્યા જન સહુ વેગળા જ્યારે, પ્રભુ ઝાડથી ઉતર્યા ત્યારે; થઇ **માણકી**એ અસવાર, ચાલ્યા ના'વાને ધર્મકુમાર. (૭/૩૨)

- ઘેલાભાઈ આદિક હરિજન, સાથે લૈ ચાલ્યા જગજીવન; થયા **માણકી**એ અસવાર, સાથે કાઠિયો પણ શસ્ત્રધાર. (૭/૪૧)
- માવે **માણકી** ઘોડી મંગાવી, કરી પાર્ષદે હાજર લાવી; થયા અશ્વીએ હરિ અસવાર, સાથે સર્વે ચાલ્યાં નરનાર. (૭/૫૮)
- ત્યાં તો સત્સંગી સૌ મળી આવ્યા, વાજાં વિવિધ પ્રકારનાં લાવ્યાં; લાવ્યા **માણકી**ને શણગારી, ઘનશ્યામે સજી અસવારી. (૭/૬૦)
- મહાપ્રભુ **માણકીયે** બિરાજ્યા, શિરે કરે ચામર વર્ણીરાજા; કુબેરસિંહે છડી હાથ ધારી, વાણી મુખેથી જયની ઉચ્ચારી. (૮/૨)



▶ એમ ખૂબ કરી રંગખેલ, પછી ના'વા ચાલ્યા અલબેલ; થયા **માણકીયે** અસવાર, સાથે સત્સંગી સંત અપાર. (૮/૧૧)

▶ શ્રીહરિ સૂરતમાં જવા, થયા **માણકીયે** અસવાર; હરિજન હરખ્યા નિરખીને, સહુ ઉચ્ચરે જયજયકાર.

વિનતી સુણી વિશ્વઆધાર, થયા **માણકીયે** અસવાર; આજ્ઞા બે ભ્રાતપુત્રને થઈ, બેસો હાથી ઉપર તમે જઈ. (૮/૩૩)


▶ શોભે અશ્વ ભલા શણગાર્યા, શોભે સાજ ને શણગાર ધાર્યા; ધર્મરક્ષક ધર્મકુમાર, થયા **માણકીયે** અસવાર.

હતો લીંબડો દરબારમાંય, **માણકી**ને ઉભી રાખી ત્યાંય; હરિ ત્યાંથકી ઊતરી હેઠા, દરબારને ઓરડે પેઠા. (૮/૩૮)

▶ હાથીથી ઉતર્યા હરિ જ્યારે, બેઠા **માણકી** ઘોડીયે ત્યારે; ચાલ્યા ઝડપથી ધર્મકુમાર, રહ્યા સાથે સહુ અસવાર. (૮/૪૮)

▶ ચડ્યા **માણકી**એ ગિરધારી, કરે ચમર મુકુંદ બ્રહ્મચારી; શોભે સંગે સખા અસવાર, દાદાખાચર આદિ અપાર. (૯/૩)

▶ હવે મંદિરમાં જશું અમે, વેલા આવજો ત્યાં સહુ તમે; એવાં વચન કરીને ઉચ્ચાર, થયા **માણકીયે** અસવાર. (૧૦/૫)



# ભગવાન શ્રી સ્વામિનારાયણના અન્ય અશ્વલીલા-પ્રસંગો

શ્રીહરિની શોભાનો કોઈ પાર ન હતો. **સરધાર** ગામનો માર્ગ પૂછીને પછી એકદમ ઉતાવળે ચાલ્યા. પીપળિયા ગામના બધા હરિભક્તોને પાછા વાળ્યા. અને પ્રિયતમ પ્યારા **શ્રીહરિ** આગળ ચાલ્યા. ઘોડાઓ હણહણાટ કરતા હતા. તેના શબ્દથી આકાશ ભરાઈ જતું હતું. બોકાની બાંધેલા અને બખતર પહેરેલા ઘોડેસવાર દરબારો બધા સાથે હતા. સહુના હાથમાં ભાલાં પકડેલાં હતાં. પીઠ પાછળ ઢાલો બાંધી હતી. સોનેરી મૂઠવાળી તલવારો પણ ભેટમાં બાંધી હતી. તે ઘણી ચિત્ર વિચિત્ર રૂપમાં દેખાતી હતી. ઘોડા ઉપરનો બધો સાજ સોનાનો હતો. બંકા તે વીર પુરુષો ઘણા કરડા લાગતા હતા.

શ્રીહરિએ તે સમયે સાથે રહેતા દરબારો (રાજાઓ)ને કહ્યું : ''જ્યારે યુદ્ધ કરવા જાઓ ત્યારે તમારા ઘોડાને કઈ રીતે ફેરવીને ચલાવો ? અને યુદ્ધમાં આયુધોને કઈ રીતે ફેરવો-ઘુમાવો ?'' પછી જ્યારે જમીન બધી સપાટ-મેદાન જેવી આવી અને ચારે બાજુના ગામ ઘણા દૂર હતાં, ત્યારે બધા સવારો **યુદ્ધનો ખેલ** ખેલવા લાગ્યા અને શ્રીહરિ જોવા લાગ્યા કે આમાં શૂરવીર કોણ છે ? સહુએ યુદ્ધક્રીડામાં

ભાલાનો ખેલ કર્યો. એક ઘડી સુધી તે ચાલ્યો. છેલછબીલા શ્રીહરિએ તે ખેલ જોયો અને સહુનાં વખાણ કર્યાં.

શ્રીહરિ રસ્તામાં ચાલ્યા જતા હતા ત્યારે તેમણે દરબારોને કહ્યું : ''તમારા બધા **અશ્વ** જાતવાન છે, તે કઈ કઈ **જાતિ**ના છે ?'' ત્યારે તે બધા દરબારો રજવાડામાં પ્રસિદ્ધ કહેવાતી ઘોડાની સારી જાતો બતાવવા લાગ્યા. અત્યારે અમારી પાસે જે ઘોડાઓ છે તે બધા જાતવાન છે. આ 'માણેક વર્ણી માણકી', આ 'લાલ' 'હીરાળી' 'રોઝી' 'ફૂલમાળ' 'મલ્લી' 'હરણી' 'બેરી' 'બાંદરી' 'વાંગળી' 'કેસર' 'ચાડી' 'વીજળી' 'બોદલી' 'રેડી' 'તાજણ' 'જબાદા' 'ભૂતડી' 'છોગાળી' 'શિંગાળી' 'હરડી' 'કરડી' 'પંખાળી' અને 'વીંછણ' વગેરે આપણા દેશમાં જે જે સારી જાતિના અશ્વ કહેવાય છે તેના નામ અમે આપને કહ્યા. તેમાં **'માણકી'** જાત તે શિરોમણિ સહુનો રાજા કહેવાય. તેથી વધારે **સારી જાતિ** કોઈ કહેવાય નહિ.

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૩/૫૩)

કરિયાણા ગામ, કાળુભાર નદી અને સામેનો પર્વત, તેની શોભા અવર્ણનીય હતી. તે દેખીને શ્રીહરિ ખુશ થઈ ગયા. પછી થોડું હસીને બોલ્યા, આવું સ્થાન દેખીને અમને તેના ઉપર ખૂબ જ પ્યાર ઊપજે છે, પણ અત્યારે તો ગામમાં જઈએ. કોઈ વખત આવીને અહીંયાં રહેશું. સાંજ થવા આવી. શ્રીહરિ ઘોડે સવાર થયા. શ્યામસુંદરની સવારી ચાલી, તેની શોભાનું વર્ણન કરી શકાતું નથી. તે વખતે ગામના અપાર લોકો સામૈયું લઈને શ્રીહરિની સન્મુખ આવ્યા. વિવિધ પ્રકારનાં બધાં વાજિંત્ર વાગતાં હતાં, તેનો કોઈ પાર ન હતો.

'જય જયકાર'ના શબ્દથી આકાશ ભરાઈ ગયું હતું. વિમાનોથી આકાશ છવાઈ ગયું હતું. તે સમયે અપાર અપ્સરાઓ નાચતી હતી અને વિવિધ પ્રકારના વાજિંત્ર વાગતાં હતાં. તે સમયે ત્યાં દેવરાજ ઈન્દ્ર એક ભારે અમૂલ્ય દેવઅશ્વ લઈને આવ્યા. તે અશ્વ અનંત કલાઓથી સંપન્ન હતો. તે શ્રેષ્ઠ અને અનુપમ એવા હાથી અને ગરુડનું રૂપ ધારી શકતો હતો.

ઈન્દ્ર બ્રાહ્મણને રૂપે આવ્યા હતા. તેણે તે અશ્વ શ્રીહરિને અર્પણ કર્યો. તે અશ્વને જોઈને લોકોને આશ્ચર્ય થયું. આ અશ્વ ભૂમિ ઉપર ક્યાંય નહિ રહેતો હોય. કાઠી દરબારોએ તે બ્રાહ્મણને પૂછ્યું, આ ઘોડોની કઈ જાત છે ? ત્યારે બ્રાહ્મણે કહ્યું, આ ઘોડો 'દેવ' જાતિનો છે. હું બ્રાહ્મણ છું, મારાથી આ ઘોડો સચવાતો નથી. આ ઘોડાનો વેગ મનના જેટલો છે. મને કોઈ રાજાએ આ દાનમાં આપ્યો છે. મને ધન આપનારા મળ્યા હતા પણ મારે ધનની કાંઈ જરૂર નથી. આ અશ્વ મારે આપવો હતો પણ કોઈ સત્પાત્ર મળ્યું નહિ, પછી મેં નિર્ધાર કર્યો કે આ અશ્વ મારે શ્રીહરિને આપવો. શ્રીહરિ તે અશ્વ ઉપર બેઠા. તરત જ તે અશ્વ હાથી બની ગયો. તે દેખીને લોકો વિસ્મય પામ્યા. આપણે આવી વાત ક્યારેય પણ સાંભળી નથી. જ્યારે ગામને દરવાજે આવ્યા ત્યારે લોકોની ભીડ ઘણી થઈ.

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૩/૬૪)

શ્રીહરિ **કરિયાણા** પધાર્યા. સવારે ઊઠીને શૌચવિધિ કર્યો. પછી **'દેવઘોડો'** મગાવ્યો. કુશળતાથી તેના ઉપર સવારી કરી. સમતળ જમીન જોઈને પછી તેને ફેરવવા લાગ્યા. ભારે માંહેલો ઘોડાનો સામાન મગાવીને ઘોડાને શણગારી દીધો. સુંદર અને સોનેરી એક વસ્ત્ર જોઈને શ્રીહરિએ તેને મસ્તકે બાંધ્યું. શુભ પીતાંબર ધોતી પહેરી. છાતી ઉપર મોતીના હાર પહેર્યા. હાથના બંને કાંડામાં કડાં પહેર્યાં અને લાલ રંગની સાલ ખભા ઉપર રાખી. જરકસી પટકો કસીને કમરે બાંધ્યો. દેખનારાના મનમાં વસી જાય એવી મનોહર મૂર્તિ હતી. નટના જેવી છેલછબીલા શ્રીહરિએ છટા કરી. શ્રીહરિએ આવી અદ્‌ભુત શોભાને ધારી લીધી. શ્રીહરિએ દેવઘોડાને પ્રથમ સીધી પાટીએ ધીરેથી દોડાવ્યો. પછી કુંડાળામાં ફેરમાં નાખ્યો. તે **'અશ્વારોહણ'** રૂપ શ્રીહરિનું **ચરિત્ર** જોવા માટે સંતો અને હરિભક્તોનો સમાજ ઘણો ભેળો થઈ ગયો. દેવતાઓ દુંદુભિ વગાડવા લાગ્યા. ગાંધર્વો સારા રાગથી ગાવા લાગ્યા. દોઢ પહોર (૪.૩૦ કલાક) જેટલો સૂર્ય ચડ્યો ત્યાં સુધી શ્રીહરિએ તે અશ્વને ફેરવ્યો. કાળુભાર નદીથી દક્ષિણમાં અને બુરજથી થોડું પશ્ચિમમાં તે અશ્વ ફેરવ્યો હતો. તે સમયે તેના પડેલાં ચિહ્ન હજી સુધી પડેલાં છે. તે મેં જોયા છે. તે ચિહ્ન વર્તુલાકારે દેખાય છે. (આ લીલા બાદ ગ્રંથકાર ૫૪ વર્ષે લખે છે.) શ્રીહરિ ઘોડા ઉપરથી ઊતર્યા. તે પછી સ્નાન કર્યું અને અનુપમ વસ્ત્રો પહેરીને બુરજમાં આવ્યા.

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૩/૬૫)

શ્રીહરિ અશ્વ ઉપર સવાર થયા. ચોપદાર છડી બોલવા લાગ્યો. શ્રીહરિ નાગકડા ગામને માર્ગે આગળ ચાલ્યા. આગળના ભાગમાં અપાર વાજિંત્ર વાગતાં હતાં. તેનાથી સંપૂર્ણ આકાશ ગાજવા લાગ્યું. વિવિધ પ્રકારના પંચરંગી સોનેરી નિશાન ઊડી રહ્યાં હતાં. અનેક જાતની સવારી શ્રીહરિની આગળ આગળ સોહામણી લાગતી હતી. આ બધી શોભાને જોઈને દરબાર સુરાખાચર મનમાં ખૂબ ખુશી થયા. પોતાને ધન્ય ભાગ્ય માનવા લાગ્યા. કારણ કે અત્યારે શ્રીહરિ પોતાને ઘેર પધારી રહ્યા છે. શ્રીહરિ સુરાખાચરને પોતાના અત્યંત પ્રેમીભક્ત માનતા અને અનન્ય દાસ ગણતા

તેથી તેમની સામે જોઈને બહુ જ રમૂજ કરતા. રસ્તો એકદમ સારો અને ચોખ્ખો આવ્યો. ત્યારે શ્રીહરિએ પોતાના ભક્તોને ધ્યાન કરવા માટે ઉપયોગી થશે એમ જાણીને ત્યાં ઘોડાને ખૂબ જ ફેરવ્યો. ઘોડાને દેખીને બધા દરબારોએ તેના ઘણા વખાણ કર્યા. આનો વેગ વિમાન કરતા પણ અધિક છે. આના વેગની આગળ ગરુડનો વેગ પણ શા લેખામાં ? વીજળીના સમાન આનો વેગ (ગાજ) છે માટે તેને વાજી કહેવાય. બધા જ વાહનોમાં આ અશ્વ શિરતાજ-માથાનો મુગટ સર્વશ્રેષ્ઠ છે. કારણ કે હાથી આના જેવો ધાર્યો વેગ કરી શકે નહિ.

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૪/૫૨)

શ્રીહરિ ડભાણમાં મહાયજ્ઞ મહોત્સવ કરીને જેતલપુર, ધોળકા, રોજકા, ભીમનાથ, કુંડળ, સારંગપુર થઈ **કારિયાણી** ગામ આવ્યા. ત્યાં જે હરિભક્તો રહેતા હતા તે સહુએ આવીને શ્રીહરિનાં દર્શન કર્યાં. ત્યાં રાત રોકાઈને સવારે ચાલતા થયા. શ્રીહરિ અશ્વની ઉપર બેઠા હતા. તેમણે અશ્વના વખાણ બહુ જ કર્યા. અત્યાર સુધી આવો કોઈ અશ્વ આપણી પાસે રહ્યો નથી. ઘણી ઘોડીઓની સાથે રહે છે, પણ ક્યારેય રંચમાત્ર પણ તોફાન કરતો નથી. તેને જલેબી, મધ અને મેંદો બહુ ખવડાવીએ છીએ, તોપણ તે ક્યારેય તોફાન કરવાનું નામેય લેતો નથી. જ્યાં સુધી અશ્વ તોફાને ન ચઢે ત્યાં સુધી અમે આ અશ્વ ઉપર ચઢશું. આ ઊંચી જાતનો છે અને સારા શીલ-સ્વભાવનો છે. આવી કોઈ ઘોડી હોય તો તે અમને ગમે. વાળા, ખુમાણ અને ખાચર, એ દરબારોમાં ક્યાંય સારી વછેરી હોય તો સહુ દેખતા રહેજો. થાન અને મૂળી સુધી તેમજ ધ્રાંગધ્રા તથા મોરબી સુધી તપાસ કરતાં રહેવું. વઢવાણ, લીંબડી, સાયલા, ચૂડા, મીણાપર, નાગનેશ, વાગડ, વાંકાનેર, જે કોઈ ઠેકાણે સારી વછેરી છે એવું સંભળાય તો અમને **વાત** કહેજો. હું સહુને સંભળાવી દઉં છું કે, તે વછેરીની કિંમત મોઢે માગી આપશું. ત્યારે કોઈ કાઠીએ એમ કહ્યું કે, "અમરેલીના દીવાનને સારી વછેરી લેવાનું બહુ તાન છે. રૂપિયા ઘણા આપે છે પણ સારી વછેરી મળતી નથી. સારામાં સારી વછેરી તો તો જ મળે, જો કોઈ પરસ્પર હેત પ્રીતવાળા આપે."

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૩/૨૬)

જ્યારે મહારાજાધિરાજ શ્રીહરિજી જ્યારે ઘોડાની વાત કરતા ત્યારે તે કાઠીઓને ઘણી ગમતી હતી. તેઓ એમ બોલ્યા, આજ **શ્રીહરિ** ઘણા ખુશ છે. ઝીંઝાવદરમાં દરબાર અલૈયા ખાચરના દરબારમાં રહ્યા. ગઢપુરના દરબાર **જીવાખાચર** ત્યાં આવ્યા અને શ્રીહરિના ચરણોમાં પડ્યા. શ્રીહરિએ તેને પોતાની પાસે બેસાડ્યા. તેમણે ડભાણમાં જે યજ્ઞ થયો તેની વાત પૂછી અને શ્રીહરિએ બધી વાત કહી. તે સાંભળીને ખુશી થયેલા જીવાખાચરે હાથ જોડ્યા અને કહેવા લાગ્યા : "યજ્ઞના દર્શન કરીને જે હરિભક્તો ગઢપુર આવ્યા તેમણે વાત કહી છે કે, યજ્ઞ વખતે હરિભક્તો ઘોડા માટેનો બધો જ સાજ-સામાન સોનેરી કરાવીને લાવ્યા હતા. આપ મારા ઉપર કૃપા કરીને તે બધો સોનેરી સાજ-સામાન ઘોડા ઉપર મૂકીને બતાવો તો મને ખબર પડે કે, તે સામાન કેવો સારો અને અનુપમ છે. આપ પણ તે વખતના સોનેરી વસ્ત્ર અને ઘરેણાંને પહેરો અને અમને દર્શન આપો." પછી શ્રીહરિએ દરબારને કહ્યું તે પ્રમાણે ઘોડાની ઉપર બધો સાજ-સામાન મુકાવ્યો. અને પોતે પણ બધાં વસ્ત્ર અને અલંકારો પહેર્યા.

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૩/૨૭)

ગઢપુરમાં જીવાખાચરના દરબારમાં શ્રીહરિ જ્યારે પલંગ ઉપર બેઠા ત્યારે દરબાર જીવાખાચર પાસે આવીને બેઠા. તેમણે હાથ જોડીને શ્રીહરિને કહ્યું : "પ્રભુ ! આપ મારી એક **વિનંતી** છે તેને સાંભળો. જ્યારે ઘોડો અતિ જોરમાં આવે ત્યારે તે ક્યારેય આપથી કાબુમાં રાખી શકાશે નહિ. જો જાતવાન ઘોડી હોય તો ઘોડીના જેવી બીજી કોઈ સવારી નહિ. કેટલીક ઘોડી તો એવી હોય છે કે, સવારની મરજી પ્રમાણે તે ચાલે. જ્યારે અમે મેલીકાર (ધાડ પાડવા) માટે ફરતા ત્યારે ઘણું દૂર સુધી નીકળી જાતા. પાવાગઢ સુધી જઈને ફરતા. રાતે રસ્તો ભૂલાઈ જાતો હતો. ત્યારે ઠાણ દીધેલી (તાજી વિયાયેલી) ઘોડીને અમે છૂટી મૂકી દઈએ. પછી તે મેલીકાર (ધાડા)ની આગળ ચાલે. તે ઘોડી ક્યારેય રસ્તો ભૂલે નિહ. ઘોડાની સારી જાતમાં એવો ગુણ હોય છે. માટે આપને તેવી ઘોડી હોવી જોઈએ." ત્યારે **શ્રીહરિ** બોલ્યા : "એટલા માટે તો અમે તમને કહીએ છીએ. જે જાતની દૃષ્ટિએ સર્વોપરી હોય અને રૂપાળી પણ ઘણી હોય, એવી ઘોડી અમારે માટે ચોક્કસ લેવી છે. તમે જેટલી કહેશો તેટલી કિંમત તમને અપાવશું. અમે તે બાબત જરૂરાજરૂર તમને કહીએ છીએ કે, કિંમતી ઘોડી લેવાનું તમે ભૂલશો નહિ." ત્યારે દરબાર જીવાખાચર બોલ્યા : "મોટા મોટા રાજાઓ પણ જોઈને તેને વખાણે એવી અજોડ ઘોડી જ્યારે મળે ત્યારે આપણે ઘોડી લઈશું."

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૩/૨૭)

કરિયાણામાં **શ્રીહરિ**ને દરબારગઢમાં પધરાવ્યા અને એક ભવ્ય ભવનમાં ઉતારો કરાવ્યો. એક નવરંગ-મોહક પલંગ બિછાવી દીધો. શ્રીહરિ આવીને તેના ઉપર બેઠા. જે શ્રીહરિનો **ઘોડો** હતો તે સોનેરી સાજ-સામાનથી અતિ શોભતો હતો. કોઈ આવીને કાંઈ વિઘ્ન કરે નહિ, એવી ઘણી સારી જગ્યા જોઈને ત્યાં અશ્વને બંધાવ્યો. જેટલા કાઠી અશ્વને દેખતા, તે બધા તેનાં **ખૂબ વખાણ** કરતાં હતાં.

કાઠીઓ બધા ટોળે ટોળા મળીને અશ્વને જોવા આવતા હતા. પહેલા જઈને અશ્વને દેખે અને શ્રીહરિની પાસે તો પછી આવીને બેસતા હતા. કાઠીને ઘોડાઓ બહુ વહાલા હોય છે એટલે બધા કાઠી ઘોડાનાં વખાણ કરતાં હતાં. તેમણે પૂછ્યું : "ઘોડાનો વેગ કેવો છે ?" ત્યારે શ્રીહરિએ કહ્યું : "ઘોડાનો વેગ તો ઘણો છે. માનો સૂતરની આંટી હોય ! સીધો દોડવામાં અને કુંડાળે પાડવામાં પણ અતિ સરલ છે. કોઈપણ અંગમાં ખોડ-ખામી નથી. જેટલી ચાલ ચલાવવામાં આવે, તેટલી ચાલ તરત જ ચાલવા લાગે છે. જ્યારે ઊભો રાખવામાં આવે ત્યારે તેને તે સ્થળે ઊભો રહે છે. જ્યારે પાર્ષદો નજીક ઊભા રહીને બંદૂકનો અવાજ કરે છે, ત્યારે તે ઘણો જાતવાન હોવાથી તે અવાજથી તેનું એક રૂંવાડુંએ થડકતું નથી. ઘોડાના લક્ષણોમાં જે ખામી-ખોટ કહેવામાં આવે છે, તે આમાં એક પણ નથી." ત્યારે કાઠી એમ કહેતા : "પુષ્કળ રૂપિયા - મૂલ્ય આપવામાં આવે, તોપણ આવો ઘોડો ક્યાંય મળે નહિ. અત્યારે સો સો કોશ ભૂમિ ઉપર આવો અશ્વ ક્યાંય નથી. જો રોજ રોજ ઘોડાને ફેરવવામાં ચલાવવામાં આવે, તો ઘોડો બગડી જતો નથી. એક દિવસ પણ ઘોડો ફેરવ્યા વગરનો રહે, તો તે કાંઈક અપલખણ શીખી જાય છે. એકવાર પણ કાંઈ અપલખણ જો પડી જાય, તો તે પછી તેને ક્યારેય લગારેય છોડતો નથી. ઘોડો લગામ-ચોકડાને દાંતમાં લેવાનું શીખી જાય, પછી તે કૂવાને કે ખાડાને પણ ગણકારતો નથી. એકવાર પણ તે અટકવાનું શીખે નહિ, તે ખ્યાલમાં રાખવું જોઈએ. જો અટકે-હઠે તો તેને ઘણી ચાબુક મારીને પણ ચલાવવો પડે.

ઘોડો જો ઝાડ થઈ ઊભા થવાનું શીખી જાય, પછી જો સંતુલન રહે નહિ, તો સવાર અને ઘોડો બંને ઊલટા પડી જાય છે. જ્યાં સુધી ઘોડાને કોઈપણ જાતની કુટેવ ન પડે ત્યાં સુધી તેના ઉપર સવાર કરવાનું સુખ રહે છે. ઘોડા ભેળો ઘોડો શોભે - ઠીક રહે. ઘોડીઓની ભેળો ઘોડો ક્યારેક બહેકી જાય, ઉશ્કેરાટમાં આવી જાય છે. પછી કાબૂમાં ન રહે. ઘોડાને ઘોડીની પાસે ક્યારેય બાંધવો નહિ. ન બાંધે ત્યાં સુધી તે નિયમમાં રહે છે. જ્યારે માર્ગે ચાલવાનું થાય ત્યારે પણ ઘણું ધ્યાન રાખવું પડે. બધી ઘોડીઓ કરતાં ઘોડાને આગળ ચલાવવામાં આવે તો તેમાં કોઈ કુલક્ષણ આવે નહિ." ત્યારે શ્રીહરિએ કહ્યું : "જેમ તમે કહો છો, તેમ અમે તેની ખૂબજ સંભાળ રાખીએ છીએ. આ અશ્વ અલૈયા ખાચરે ઘણા ભાવથી અમને ચઢવા આપ્યો છે. તેનો ભાવ જોઈને! અમે ઘોડા ઉપર ચઢીએ છીએ. જેની સાથે હેત બંધાય છે, તેની સાથે તરત મહોબત તૂટતી નથી. જ્યાં સુધી કોઈ અમારી ઉપર સ્નેહભાવ રાખે છે, ત્યાં સુધી તો અમે તેવો સ્નેહભાવ રાખીએ છીએ. અને જ્યાં લગારેય ભાવ ન દેખાય ત્યાં અમે જાતા નથી."

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૩/૨૮)

કેટલાક ગામના હરિભક્તો કરિયાણામાં શ્રીહરિનાં દર્શન કરવા માટે આવ્યા હતા. રોજ સૂર્યોદય થતામાં શ્રીહરિ જેટલો ભારે માંઘલો પોશાક હતો તેને હરખથી અંગોઅંગ ધારણ કરતા હતા. એક પણ વસ્ત્ર કે અલંકાર સોના વગરના ધારણ ન કરતા. અને ઘોડાનો સાજ-સામાન પણ જે સોનાનો હતો, તે બધો ઘોડા ઉપર મૂકતા અથવા ઘોડાને પહેરાવતા હતા.

જે **બુરજ** સરખો કરાવ્યો હતો ત્યાં અશ્વ ઉપર બેસીને જાતા હતા. કાઠી દરબારો અને અપાર હરિભક્તો શ્રીહરિની સાથે બહાર નીકળતા હતા. કિલ્લાનો બુરજ અને કાળુભાર નદી, એ બેની વચ્ચે **મેદાન** હતું. ત્યાં ઘોડાને ફેરવતા રહેતા. ઢોલ, નગારાં આદિ વાજિંત્રો વાગતા હતા. તેનાથી આકાશ, વન અને પર્વત ગાજી ઊઠતા હતા. વનમાં જે મોર રહેતા હતા તે બહાર આવીને શ્રીહરિની સન્મુખ બધી કળા ચઢાવીને નાચતા હતા અને મધુર સ્વરથી માનો, ગાન કરતા હતા. જ્યાં સુધી શ્રીહરિ ઘોડાને ફેરવતા ત્યાં સુધી આગળ મોર નૃત્ય કરતા રહેતા. ગામના નરનારીઓ બધાં ઘરનું કામકાજ છોડી દઈને ત્યાં આવતા હતાં. શ્રીહરિ આ રીતે ત્યાં કરિયાણામાં પંદર દિવસ રહ્યા અને ત્યાં નિત્ય **નવાં નવાં ચરિત્ર** કર્યાં.

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૩/૨૮)

શ્રીહરિ ચરોતર, બારા અને ભાલમાં થઈને **કરિયાણા** પધાર્યા. સુખદાયક શ્રીહરિ ત્યાં પ્રસન્નપણે ઘણા દિવસ રહ્યા. દેશોદેશમાં સત્સંગ કરાવવા માટે જે સંતો વિચરતા હતા તેમને બધાને હરિભક્તોએ શ્રીહરિને કહીને ત્યાં બોલાવ્યા. શ્રીહરિ રોજ સોનેરી સાજથી શણગારેલા અશ્વ ઉપર બેસીને કાળુભાર નદીએ જાતા હતા અને ત્યાં સ્નાન કરીને પાછા ઉતારે આવતા હતા. જેટલા સંતો અને હરિભક્તો ત્યાં હતા તેઓ બધા શ્રીહરિની સાથે **સ્નાન** કરવા માટે જાતા હતા. જતા અને આવતા શ્રીહરિના પવિત્ર **યશનાં કીર્તન** ગાતા હતા અને તેવો અલૌકિક રંગ સતત બન્યો રહેતો હતો. જ્યારે શ્રીહરિ કાળુભાર નદીમાં સ્નાન કરી લેતા, તે પછી અશ્વ ઉપર બેસતા. અને નદીને કિનારે પ્રસન્ન મનથી તે અશ્વને વર્તુળાકારે (કુંડાળે) ખૂબજ ફેરવતા હતા. જ્યારે શ્રીહરિ અશ્વને કુંડાળે ફેરવતા ત્યારે ઘણાં વાજિંત્રો વાગતાં રહ્યાં. લગભગ એક કલાક સુધી શ્રીહરિ અશ્વને ફેરવતા. તે સમયે સોનેરી વસ્ત્રો અને આભૂષણો અંગ ઉપર ધારણ કરેલા રહેતા હતાં. નદી અને કિલ્લાના બુરજની વચ્ચેના ભાગમાં જ્યારે અશ્વને ફેરવતા, ત્યારે ભવ અને બ્રહ્મા વગેરે

દેવો પણ શ્રીહરિના દર્શન કરવા માટે આવતા હતા. ફૂલોની ઝડી વરસાવીને દેવતાઓ **'જય જય'** એવો **ઉચ્ચાર** કરતા હતા. અને તે જ સમયે બંદૂકધારી પાર્ષદો સમય પ્રમાણે બંદૂકોના અવાજ કરતા હતા.

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૪/૨૬-૨૭)

શ્રીહરિ સારંગપુરમાં જેટલા દિવસ રહ્યા, ત્યાં સુધી રોજ સંતોને અને હરિભક્તોને સાથે લઈને નદીએ નાહવા માટે જાતા હતા. શ્રીહરિ અશ્વ ઉપર બેસતા. તેની અપાર શોભા થાતી. હુતાશનીને દિવસ તો **શ્રીહરિ** સવારે સ્નાન કરવા ચાલ્યા. કાઠી દરબારો અને બધા હરિભક્તો ચાલ્યા. તેમાં કેટલાક તો રાજાઓ પણ હતા. સહુએ પોતાના અશ્વોને શણગાર્યા અને તેમના ઉપર સહુ બેઠા. કેટલાક ક્ષત્રિય રાજાઓ પણ અશ્વને શણગારીને આવ્યા હતા. સહુએ સોનેરી પલાણ સજાવ્યાં હતાં. સોનેરી વસ્ત્ર અને સોનાના ઘરેણાં પહેર્યાં હતાં. સવારી ઘણી મોટી થઈ. શ્રીહરિ અશ્વ ઉપર બેઠા. અશ્વને સોનામય કરી દીધો હતો. પોતે પણ કુશળતાથી અંગો ઉપર સોનેરી વસ્ત્રો અને આભૂષણો પહેર્યાં હતાં. દક્ષિણ દિશામાં ગામનો દરવાજો છે. ત્યાંથી શ્રીહરિ ગામ બહાર આવ્યા. ગામને નજીક જ પાણી વગરની વોકળી છે. તે વોકળી ઊતરીને આગળ ચાલ્યા. તે સ્થળ ઘણું જ રમણીય છે. જ્યાં ખીજડાના ઝાડ છે, ત્યાં શ્રીહરિ આવ્યા. ત્યાં ચોરાશી કરીને વિપ્રને જમાડ્યા હતા. તેથી તે જગ્યા ઘણી પવિત્ર હતી. સમૈયામાં હરિભક્તો જ્યારે ગામમાં ન સમાય ત્યારે તેમના મુકામ-ઉતારા આ જગ્યાએ કરાવ્યા હતાં. શ્રીહરિએ કેટલીયે વાર આ જગ્યા ઉપર સભા પણ કરી હતી. અને તે સ્થાનમાં જ કેટલીયે વાર અશ્વને પણ બહુ ફેરવ્યો હતો. સારંગપુર ગામને ફરતી જે જગ્યા છે, તે શ્રીહરિનાં ચરણોથી અંકિત થયેલી પ્રસાદીરૂપ છે. પછી હરિભક્તોને ધ્યાન કરી શકાય એટલા માટે શ્રીહરિએ ત્યાં અશ્વને ઘણા જ પ્રેમથી દોડાવ્યો.

તે સમયે શ્રીહરિએ અશ્વને ચાર ઘડી (૧.૩૬ કલાક) દોડાવ્યો. થોડીવાર તીરની જેમ સીધો દોડાવ્યો, થોડીવાર ત્રાંસો અને થોડીવાર મંડળાકાર-કુંડાળે દોડાવ્યો. તે દિવસ અશ્વની જેટલી સારી ચાલ ગણાતી હોય, તે બધી ચાલમાં ચલાવ્યો. તે વખતે ઢોલ અને નગારાં વાગી રહ્યાં હતાં. શ્રીહરિએ આવું ચરિત્ર કર્યું. જે કાઠી દરબારો હતા, તેમજ જે ક્ષત્રિય રાજપુત દરબારો હતા, તે બધા શ્રીહરિનાં અશ્વને અને તેની ચાલને દેખીને આશ્ચર્યચકિત થઈ ગયા હતા. તે સહુએ હાથ જોડીને શ્રીહરિને કહ્યું : "આપે જેવો અશ્વ ફેરવ્યો-દોડાવ્યો, એવું અમે ક્યાંય દેખ્યું નથી. આપ અત્યંત અદ્ભુત રીતે અશ્વને ફેરવો છો. આપનું વાહન તો ગરુડ છે. તે જ્યારે આપ અશ્વ ઉપર બેઠા ત્યારે તે ગરુડે માનો અશ્વમાં તત્કાળ પ્રવેશ કર્યો હોય, એવું અમને દેખાતું હતું. તેના સિવાય અશ્વની આવી અલૌકિક ગતિ અમે ક્યાંય દેખી નથી. એવા સહુએ વખાણ કર્યા."

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૪/૮૫)

ઘોડાની જાતમાં **માણકી જાતિ** ઘણી **ઉત્તમ** કહેવાય છે. કરિયાણા ગામના કોઈ એક **કાઠી** જીવાખાચરના દરબારમાં માણકી જાતની **વછેરી** લઈને આવ્યા. તે વછેરી રૂપ અને શીલની સીમા જેવી હતી. કોઈ રાજાને ઘેર આવી વછેરી હતી નહિ. તેવી વછેરીને તેમણે ચડાવ કરી. પછી દરબાર જીવાખાચરે તે કાઠીને કહ્યું : "આ ઘોડી તારે ઘેર નહિ સચવાય. જ્યારે કોઈ મોટા દીવાન કે રાજા સાંભળશે ત્યારે તને ઘેરીને તારી ઘોડીને ખૂંચવી લેશે. માટે આ માણકી ઘોડી મને આપીશ તો તું ઊગરી જઈશ. હું તને તારા હિતની વાત બતાવું છું." કાઠીને જીવાખાચરનો ઘણો વિશ્વાસ હતો તેથી તે અતિ રાજી થયો. પછી જીવાખાચરે શ્રીહરિને પોતાના દરબારમાં બોલાવ્યા અને વછેરીને નજરે દેખાડી. શ્રીહરિએ તે વછેરી ઉપર બેસીને દોડાવી જોઈ. વછેરી જેવી ચાહતા હતા તેવી હતી એટલે કાઠીએ જેટલી કિંમત માગી તેટલી શ્રીહરિએ તેને અપાવી. અને ઉપરથી એક અમૂલ્ય રેંટો પણ આપ્યો. આમ કાઠીને ઘણો રાજી કર્યો. પછી બહુનામી શ્રીહરિ તે વછેરી ઉપર બેસીને દાદાખાચરના દરબારમાં આવ્યા.

શ્રીહરિ સારામાં સારો જે ખોરાક ગણાતો તે વછેરીને ખવરાવતા હતા અને રોજ તેને દોડાવતા હતા. રાત બે ઘડી જ્યારે બાકી રહેતી ત્યારે શ્રીહરિ ઊઠતા હતા અને તે સમયે સેવક સોનેરી પલાણ સજીને વછેરીને લાવતા હતા. શ્રીહરિ પણ કમર કસી, બોકાની બાંધીને પછી વછેરીના ઉપર ઘણા જ ભાવથી તરત બેસતા હતા. મોતી જડેલી એક સોનેરી અનુપમ છડી હાથમાં લેતા. આમ રાજાધિરાજ શ્રીહરિ નિત્ય અપાર ચરિત્ર કરતાં હતાં.

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૫/૪૨)

સં. ૧૮૭૧માં વડતાલમાં અન્નકોટ કરીને બીજે દિવસે શ્રીહરિ બધી સવારી સાથે **બામરોલી** ગામ આવ્યા. શ્રીહરિ જેટલીવાર વડતાલ પધારતા તેટલીવાર બામરોલી પણ આવતા હતા. પછી પ્રભુને ઘેર ઘેર પધરાવ્યા અને સહુએ સોના-રૂપાના ફૂલથી વધાવ્યા. જગતના પ્રતિપાળ એવા શ્રીહરિને મોતીઓના થાળ ભરી ભરીને વધાવ્યા. સુખદાયી શ્રીહરિ પછી અશ્વ ઉપર બેઠા અને ત્યાં સહુ ભક્તોના ધ્યાન માટે ઘોડી ખેલાવી. અલબેલા શ્રીહરિએ ઝડપથી માણકી ઘોડીને ખેલાવી અને તેથી ઘણી શોભા થઈ હતી.

આકાશમાંથી તારો ખરે તેમ પ્યારા શ્રીહરિએ ઘોડીને દોડાવી હતી.

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૫/૬૭)

સુખધામ **શ્રીહરિ** પછી હાસ્યવિનોદ કરતા કરતા **બાકરોલ** ગામમાં આવ્યા. ત્યાંના મોટા પાટીદારોમાં ઘણી વિવેકબુદ્ધિ રહી હતી. બધા દોડીને શ્રીહરિની પાસે આવ્યા. બે હાથ જોડીને પગે લાગ્યા અને બોલ્યા કે, "અમારા ગામમાં આપ પગલા પાડીને અમારા ગામને પવિત્ર કરો. આપ જ્યાં ચરણકમળ મૂકો છો ત્યાં તે ચરણોના પ્રતાપથી તે પુર તીર્થરૂપ થાય છે અને તેની અમાપ કીર્તિ વધે છે. અમારા કોઈ પૂર્વના સારા પુણ્યના યોગે કરીને આપે અહીંયા ચરણો મૂક્યા છે. અહીંયા આપ રસોઈ કરો. અહીં પાકી કેરીઓ બહુ છે."

આ વિઠ્ઠલભાઈ નામે પાટીદાર અને તેના બધા સંબંધીઓ આવ્યા. અહીં એક સારું તળાવ છે ત્યાં રસોઈ કરો. એમ ઘણો આગ્રહ કર્યો. ત્યારે શ્રીહરિ બોલ્યા : "વડતાલ સિવાય અમારે ક્યાંય રોકાવું નથી; એવું અમે નક્કી કર્યું છે." એમ કહ્યું અને ત્યારે અશ્વ ઉપર બેઠા રહ્યા, પરંતુ અશ્વ ઉપરથી હેઠા ઉતર્યા નહિ. ત્યારે તે પાટીદારોએ તત્કાળ પાકી કેરીઓ મગાવી. દયાળુ શ્રીહરિ અશ્વ ઉપર બેઠા બેઠા કેરી જમવા લાગ્યા. તે રીતે પાટીદારોની ભાવનાને પૂરી કરી.

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૭/૯૩)

શ્રીહરિ કરિયાણીથી ગઢપુર જતાં વચ્ચે **કીડી** ગામ આવ્યું. શ્રીહરિ જ્યારે કીડી ગામ થઈને ચાલ્યા ત્યારે વચ્ચે એક નાનો ડુંગરો આવ્યો. તે ડુંગરો રસ્તાથી દક્ષિણ તરફ અને ભારે ઊંચો હતો તે જોયો. ચાહે તેવો અશ્વ હોય, પણ કોઈ તેના ઉપર ચઢી શકે નહિ. ત્યારે શ્રીહરિએ કહ્યું : "આપણી પાસે આટલા અશ્વ છે, તો આપણામાંથી આ ડુંગર ઉપર કોનો અશ્વ ચઢી આવે છે ? તે જોઈએ." કોઈને ડુંગર ઉપર ચઢવાની હિંમત ન ચાલી. ત્યારે શ્રીહરિએ કહ્યું : "બધા કાચા છે." એમ કહીને પોતે ડુંગરા ઉપર અશ્વને ચઢાવવા માટે અશ્વને લઈને ચાલ્યા. ત્યારે મૂળુખાચરના પુત્ર રામખાચર નામે હતા. તેણે શ્રીહરિને રોક્યા : "મહારાજ ! આપ જેવા મોટાઓનું કામ નથી" તેઓ ફરીવાર બોલ્યા કે, "આપના પ્રતાપથી હું મારા અશ્વને ચઢાવું છું, તો આપ તેને જુઓ. અશ્વ લઈને ડુંગર ઉપર ચઢવું તે ભારે કઠણ કામ છે. અને તેમાં જો પડી જવાય તો અશ્વની અને સવારની બંનેની ખુવારી થાય છે." ત્યારે શ્રીહરિએ કહ્યું : "તમારે ચઢવાનું નથી. તમે તમારા પિતાના એક જ પુત્ર છો. તમે રાજા કહેવાઓ છો, તો રાજાએ પહાડ ઉપર ચઢવું તે વિવેક ન કહેવાય." ત્યારે રામખાચરે કહ્યું : "એકવાર કહ્યા પછી જો હું ડુંગરા ઉપર ન ચઢું તો અમારા સમાજમાં હું મોઢું શું દેખાડું ?" શ્રીહરિ ના... ના... એમ કહેતા હતા, છતાં તેઓ ચાલ્યા. ત્યારે શ્રીહરિ ઊભા રહ્યા.

રામખાચરે અશ્વને ગોળાઈમાં લઈને ડુંગરાના શિખર ઉપર ચઢાવી દીધો. તેણે પોતાનો દમ (શક્તિ-હિંમત) દેખાડ્યો. તે જે રીતે ચઢ્યા હતા તે રીતે જ પાછા નીચે ઊતરી આવ્યા. ત્યારે શ્રીહરિ બોલ્યા : "શાબાશ... તમે સહુની લાજ રાખી. જ્યાં જતા ચોક્કસ મોત થાય તેવી જગ્યાએ તમે અશ્વને ચઢાવી દીધો. અરે, પોતાની લાજ આબરૂને માટે તો માણસ પ્રાણ આપી દે છે તેમ અમે માત્ર સાંભળ્યું જ હતું, પણ આજ તે પ્રત્યક્ષ દેખ્યું. આજના જેટલા અમે ક્યારેય ખુશ થયા નથી." આમ કહીને શ્રીહરિએ ઘણા પ્રેમથી રામખાચરને ફૂલનો હાર પહેરાવ્યો. પછી સહુ ચાલ્યા અને ગઢપુર આવ્યા. સહુ શ્રીહરિનો 'જય જયકાર... બોલતા હતા.'

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૨૦/૬૮)

વડોદરાના રાધાવલ્લભીય એક **વૈરાગી** દ્વારકા જતા હતા, તે રસ્તામાં ભેળા થયા. શ્રીહરિ સરગવાળા ગામ તરફ ભોગાવો નદીને ઊતરવા ચાલી રહ્યા હતા. તે વૈરાગીને ગાયકવાડ સરકાર સયાજીરાવે આદર સત્કાર કરીને વડોદરા રાખ્યા હતા. જ્યારે સરકારની ઈચ્છા થાય, ત્યારે તેમની પાસે ગાન કરાવતા હતા. તેનું **દેવીદાસ** નામ હતું, તે અશ્વ ઉપર બેઠા હતા. શ્રીહરિ પણ અશ્વ ઉપર બેઠા હતા. રસ્તે સાથે ચાલ્યા જતા હતા. ત્યારે શ્રીહરિએ તે દેવીદાસને પ્રેમથી કહ્યું : "તમે ગઢપુર પાંચ દિવસ ચોક્કસ આવજો. તમે આવશો તો તમારા મુખનું ગાન સાંભળશું. અમને તે ગાન સાંભળવામાં ઘણું તાન છે. જે કાંઈ કહેશો તે ખર્ચ પણ અમે આપશું."

આવી વાતો કરતાં કરતાં જ્યારે કાંઈ સરખી જમીન આવી, ત્યારે **શ્રીહરિ** પોતાના અશ્વને જેટલો ચાલી શકે તેટલો ઉતાવળો ચલાવવા માંડ્યા. દેવીદાસે પણ પોતાના અશ્વને શ્રીહરિની બરોબર ચલાવ્યો. દેવીદાસ પોતાના અશ્વને બરોબર ચલાવી રહ્યા છે, તેમ જાણીને શ્રીહરિએ રમૂજ ખાતર પોતાના અશ્વને શીઘ્ર ગતિથી ચલાવ્યો. ત્યારે તે દેવીદાસે પણ શ્રીહરિના અશ્વને જોવા માટે પોતાના અશ્વને શીઘ્રતાથી ચલાવ્યો. ત્યારે શ્રીહરિએ પોતાના અશ્વને એકદમ દોડાવ્યો. તે વખતે દેવીદાસે પણ પોતાના અશ્વને શ્રીહરિની આગળ કરવા માટે દોડાવ્યો. પણ શ્રીહરિએ તો હરખભર્યા પોતાના અશ્વને કમાનમાંથી બાણ છૂટે તે રીતે દોડાવ્યો. અથવા તો તોપમાંથી જેમ ગોળો છૂટે, આકાશમાંથી તારો ખરે અથવા વાદળામાં વીજળી ચમકે અથવા તો વિમાન કે ગરુડની જેમ વેગથી ઊડતો હોય

અથવા મનનો જેવો વેગ કહેવાય છે, તે રીતે શ્રીહરિનો અશ્વ વેગીલો હતો. દેવીદાસને દેખાય પણ નહિ તે રીતે શ્રીહરિનો અશ્વ દોડ્યો જતો હતો. આગળ જતાં જ્યારે દેવીદાસ ન દેખાયા, ત્યારે શ્રીહરિ ત્યાં ઊભા રહ્યા અને દેવીદાસ આવીને ભેળા થયા. તેમના મનમાં ઘણું આશ્ચર્ય થયું. દેવીદાસ અશ્વ ઉપરથી ઊતર્યા અને ઘણા ઉત્સાહથી શ્રીહરિના અશ્વ પાસે આવીને વારંવાર તેના મુખને ચુંબન કરવા લાગ્યા અને બોલ્યા કે, "આ અશ્વની ભારોભાર રૂપિયા આપવામાં આવે, તોપણ આ ભૂમિથી સ્વર્ગલોક સુધી આ સમયમાં આના સિવાય બીજો કોઈ આવો અશ્વ છે નહિ." તે દેવીદાસને શ્રીહરિનો અશ્વ મનમાં ઊતરી ગયો. તે ઊઠતાં, બેસતાં, ચાલતાં એક ઘડીકવાર પણ તેને ભૂલતા નહિ. શ્રીહરિ જ્યારે સરગવાળા ગામ આવ્યા, ત્યારે દેવીદાસ શ્રીહરિથી છૂટા પડ્યા અને શ્રીહરિ કમિયાળા તરફ એકદમ સીધા ચાલ્યા. (શ્રીહરિચરિત્રામૃતસાગર : ૨૬/૪૪)

જ્યાં સુધી હરિભક્ત પુરુષો તે ધરામાં સ્નાન કરતા હતા ત્યાં સુધી સ્ત્રીઓ ત્યાં સ્નાન કરવા આવતી નહિ. ઘાટ ઉપર જ્યારે કોઈ પુરુષ ન રહે ત્યારે ત્યાં હરિભક્ત બાઈઓ સ્નાન કરતી હતી. તે સત્સંગી બાઈઓની આવી અપાર **અલૌકિક રીત** હતી. શ્રીહરિને વારંવાર રાજી કરવા માટેની જ આ બધી વાત રહેતી હતી. અને તેથી જ આ સ્ત્રી પુરુષની મર્યાદાને તુલ્ય બીજી કોઈ રીત આવતી નહિ. સત્સંગમાં જે કોઈ પણ મર્યાદાની શ્રેષ્ઠ વાત રહેતી હતી તે બધી શ્રીહરિને જ પ્રસન્ન કરવા માટેની હતી, પણ દુનિયાને દેખાડવા માટેની ન હતી. કારણ કે, બધી જ વાતનું કારણ એક શ્રીહરિ જ હોય છે. કારણ કે, બધા જ હરિભક્તોને શ્રીહરિને રાજી કરવાનું જ તાન રહેતું હતું.

પછી ચાલ્યા આવતા **શ્રીહરિ** ગઢપુર ગામના પશ્ચિમ તરફના દરવાજે આવ્યા. તે ગઢપુરના દરવાજા સુધી જીવા ખાચર શ્રીહરિની સન્મુખ આવ્યા. કારણ કે, તેનાં અંતરમાં ખૂબ જ પ્રેમભાવ હતો. પોતાના બંને પુત્ર સાથે હતા. તેમજ મૂળુ ખાચર નામે એક ભાઈ પણ સાથે હતા. જીવા ખાચરની સાથે બીજા પણ કેટલાક પ્રસિદ્ધ ગણાતા માણસો હતા અને બોરિચા આહીર પણ હતા. વસ્તાભાઈ, નારાયણભાઈ અને નાથાભાઈ આદિક આહીરો પણ શ્રીહરિની સન્મુખ આવ્યા હતા. જ્યારે શ્રીહરિ ગામને દરવાજે આવ્યા ત્યારે તે બધા શ્રીહરિની પાસે આવીને પગમાં નમી પડ્યા. ત્યારે શ્રીહરિએ જીવા ખાચરને કહ્યું કે, "તમારે તમારા ઘરથી દૂર આટલે સુધી ક્યારેય આવવું નહિ. તમે મોટા છો અને અમારે તો રોજ રોજ સંતોની સાથે સ્નાન કરવા જવાનું હોય છે એટલે તમારે તમારી બેઠક ઉપર બેસી રહેવું."

ત્યારે **જીવા ખાચર** શ્રીહરિના પ્રત્યે બોલ્યા કે, "મહારાજ ! અમે તમારી સન્મુખ જો ન આવીએ તો તેટલો અમારો દોષ ગણાય. આપની મોટાઈને જ્યારે અમે વિચારીએ છીએ ત્યારે બીજો ગમે તેવો મોટો હોય તોપણ તે બધી રીતે સૂર્યની આગળ પતંગિયા જેવો કહેવાય. અક્ષરથી લઈને જેટલા જીવ પ્રાણીમાત્ર છે તેમની તથા કાળ અને માયાની નાડી પણ આપના હાથમાં છે. આપની આટલી મોટપ હોવા છતાંપણ તેને તલભાર પણ કોઈને દેખાડતા નથી. જેની સહુથી ઊંચી મોટપ હોય તેની આગળ કોઈની મોટપ ચાલતી નથી. આટલું અમે જાણીએ છીએ છતાં આપની જેવી મરજી હોય છે તે પ્રમાણે અમારાથી ચલાતું નથી તેટલો અમારો દોષ ગણાય. આપ સમર્થ છો એટલે અમારા દોષને માફ કરજો.

અશ્વ ઉપર સવાર થયેલા આપનાં દર્શન ઘણીવાર અમે કર્યાં છે. તેમાં કોઈ ફેરફાર નથી. પણ નાની ગાડી ચલાવતા હોવ તેવા ક્યારેય આપને જોયા નથી. આપ ગાડી કઈ રીતે ચલાવો છો તે જોવાનો અમારો મનોરથ હતો અને તે જોવા માટે અમે સન્મુખ આવ્યા છીએ.

**'ગાડીકું ચલવત સુંદર રીતા, યહ કલા તુમહિ કિહાં સિખીતા ?'**

અને તે પણ આપનાં દર્શન દૂરથી કર્યાં. આપ ગાડી સુંદર રીતે ચલાવો છો. આ કળા આપ ક્યાંથી શીખ્યા ? આપ ઘણી સારી રીતે જે ગાડી ચલાવો છો, તે સુખકારી આજે અમને દેખાયા છો. મેં સાંભળ્યું કે, આપ શ્રીહરિ ગાડી ચલાવો છો પણ તે મને મનાયું નહિ. કારણ કે, ક્યારેય આપને ગાડી ચલાવતા દેખ્યા નથી અને તેથી જ તે દેખવાનો મનમાં ભાવ હતો. આપે કૃષ્ણાવતારમાં અર્જુનનો રથ હાંક્યો હતો. તે દિવસનો અભ્યાસ હજી સુધી આપ ભૂલ્યા નથી. કારણ કે, આપ તો ભક્તજનનાં નિવાસરૂપ છો. આપ ભક્તના હિતને માટે જે જે ચરિત્ર કરો છો તે ચરિત્ર અગણિત છે. તે એક એક ચરિત્ર પણ મોક્ષકારી છે." (શ્રીહરિચરિત્રામૃતસાગર : ૨૮/૪૬)

શ્રીહરિ ઘણા પ્રેમથી એક સારી બગીમાં બેસતા અને તે બગીને પોતે ચલાવતા. આ રીતે શ્રીહરિ સંતો તથા હરિભક્તોને અમાપ સુખ આપતા હતા. વળી શ્રીહરિ રોજ રોજ મુક્તાનંદ સ્વામીને બગીમાં બેસાડતા અને ગઢપુરની રાજબજાર ઉપર શ્રીહરિ પોતે સંતનું માહાત્મ્ય બતાવવા બગીને ચલાવતા. આમ પોતે દયા કરીને વિવિધ પ્રકારે દર્શન દેતા હતા. શ્રીહરિ બગીમાં બેસીને ગઢપુરની બજારે જે દિવસે ચાલતા ત્યારે ગામના અપાર લોકો ઘણા હેતથી દર્શન કરવાને માટે આવતા. અને સહુ હાથ જોડીને મસ્તક નમાવતા હતા. જ્યારે ગઢપુર ગામથી બહાર પશ્ચિમ

દિશાના દરવાજેથી શ્રીહરિ નીકળતા ત્યારે ત્યાં એક વોકળી (નાની નદી) છે, તેને ઊતરતા ત્યાં સુધી બગીને ધીરે ધીરે ચલાવતા. જ્યારે વોકળીને ઊતરે પછી સીધો માર્ગ આવે ત્યારે બળદને દોડાવતા હતા. ગઢપુર ગામથી અરધો કોશ દૂર **નારાયણઘાટ** છે, ત્યાં સુધી બગીને દોડાવતા હતા. બીજા બધા જે સંતો તથા હરિભક્તો હોય તે જેટલું ઉતાવળું ચાલી શકાય તેટલા ઉતાવળા ચાલતા હતા. અને શ્રીહરિના જે પાર્ષદો હતા, તે પગમાં બળ હોય તેટલું દોડતા. અને કેટલાક હરિભક્તો પણ તેમની સાથે દોડતા. કેટલાક ઘોડા ઉપર બેસતા હતા. અને કેટલાક પાર્ષદો શ્રીહરિની આગળ હાથમાં ઢાલ અને તલવાર લઈને દોડતા હતા. ગઢપુર ગામથી લઈ અને નારાયણ ઘાટ સુધી હરિભક્તોની એકતાર ભીડ રહેતી હતી.

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૨૯/૨-૩)

### ભગવાન શ્રીહરિએ ઘનશ્યામ બાળસ્વરૂપે દેવતાઈ ઘોડા ઉપર બેસીને છપૈયાની ૧૦૮ પ્રદક્ષિણા કરી :

એકવખત છપૈયાપુરમાં હવન અષ્ટમીના દિવસે **બાળપ્રભુ ઘનશ્યામ** વેણી, માધવ, પ્રાગ, શિવનારાયણ, સુખનંદન આદિક બાળમિત્રોને સાથે લઈને નારાયણ સરોવરથી ઉગમણા બગીચામાં ગયા હતા. ત્યાં બહિરી આંબાની દક્ષિણાદિ ડાળ ઉપર વેણીરામ આદિક સર્વે ઘોડા પલાણીને બેઠા. બાળપ્રભુ ઘનશ્યામ તો ઉગમણી ડાળ ઉપર જઈને બેઠા. સર્વે બાળમિત્રો મુંજની સોટીઓના કોરડા પોતપોતાના હાથમાં લઈને ઘોડાને જેમ બોલીને હાંકે તેમ પોતપોતાની ડાળમાં મારતા થકા જીભે કરીને ડચકારા કરતા હતા.

તે સમયે બાળપ્રભુ ઘનશ્યામ પણ પોતે જે ડાળ ઉપર બેઠા હતા તે ડાળને મુંજના કોરડાથી સોટી મારી કે તુરત જ પોતાની ઈચ્છાથી તે ડાળમાંથી સર્વ મિત્રોને દેખતા સાત મુખવાળો **દેવતાઈ ઘોડો** શણગાર સહિત હણહણાટ કરતો નિસર્યો. તે ઉપર સર્વ બાળમિત્રોને સાથે બેસારીને બાળપ્રભુ ઘનશ્યામ એક મુહૂર્તવાર (દોઢ કલાક)માં આખા **છપૈયાપુર**ની એકસોને આઠ **પ્રદક્ષિણા** ફર્યા.

એક મુહૂર્ત ઉપર ઠર્યા રે, એકસો આઠ પ્રક્રમા ફર્યા રે;
છુપૈયાપુર ફરતી છેલે રે, ફરી પ્રદક્ષિણા અલબેલે રે.

(શ્રી ઘનશ્યામલીલામૃતસાગર : ૧/૨૬/૪૧)

તે સમયે નારાયણ સરોવરમાં પાણી ભરવા માટે આવેલી નારીઓ પોતાના મસ્તક ઉપર પાણીના ભરેલા તાંબા-પિત્તળના બેડા લઈને ઊભી રહીને જોતા જોતા સ્થિર થઈ, કેટલીક તો પોતાના બાળકોને ભૂલીને બે હાથ જોડીને પગે લાગતી હતી. કેટલીક તો પાણી ભરતી હતી તે પાણી ભરવું ભૂલીને એકદમ બહાર કાંઠા ઉપર જતી હતી. બાળપ્રભુ ઘનશ્યામનું અલૌકિક દિવ્ય સ્વરૂપ જોઈને સ્થિર થઈ ગઈ. આ સમયે કેટલાક બ્રાહ્મણો નારાયણ સરોવરમાં સ્નાન કરી કિનારા ઉપર બેસીને પોતાના હાથથી પોતાની નાસિકા પકડીને સંધ્યા કરતા થકા બાળપ્રભુ ઘનશ્યામને દેખીને સ્થિર બની ગયા. આ રીતે દરેક **પુરજનો**ના ચિત્તને બાળપ્રભુ ઘનશ્યામે ચોરી લીધા.

રામસાગર તળાવના કાંઠા ઉપર પાણી ભરીને જતી-આવતી નારીઓ બાળપ્રભુ ઘનશ્યામને જોઈને મુગ્ધ થઈ ગઈ, **પશ્ચિમ દિશા**માં બહિરિયા કૂવે જળ ભરવા આવેલી કેટલીક સ્ત્રીઓ પોતાના શરીરનું ભાન ભૂલીને બાળપ્રભુ ઘનશ્યામની પાછળ પોતાના બેડા પડ્યાં મૂકીને ચાલવા લાગી, ત્યાંથી **ઉત્તર તરફ** આવેલી ખાંપા તલાવડીમાં જળ ભરીને જતી નારીઓ પોતાના બાળકોને પડતા મૂકીને બેડાને પણ માથા ઉપરથી નીચે નાખી દઈને બાળપ્રભુ ઘનશ્યામની પાછળ ચાલવા લાગી. આમ આખા છપૈયાપુરની એકસો આઠ પ્રદક્ષિણા ફર્યા.

(છપૈયાના ફરતા ગામ : ૧. છપૈયા - નારાયણ સરોવર, ૨. પીરોજપુર - મોક્ષપીપળો, ૩. લોહગંજરી - જંગલેશ્વર મહાદેવ, ૪. પતિજીયા - પતિજીયા મહાદેવ, ૫. ભેટિયા - રામસાગર તળાવ, ૬. ઈટોલા - જીરાભારી તળાવ, ૭. મખોડાઘાટ - મનોરમા નદી, ૮. નરેચા - કલ્યાણસાગર તળાવ, ૯. તિનવા - ભૂતિયો કૂવો, ૧૦. ઈસનાપુર - ખાંપા તલવાડી, ૧૧. ગૌઘાટ - વિશ્વામિત્રી નદી, ૧૨. ગુરગામ - શ્રવણ તલાવડી.)

આ રીતે આખા છપૈયાપુરમાં **એકસો આઠ પ્રદક્ષિણા** કરી પાછા નારાયણ સરોવરથી ઉગમણા બગીચામાં સખાઓ રમતા હતા ત્યાં આવ્યા ત્યારે દેવતાઈ ઘોડો બાળપ્રભુ ઘનશ્યામની ઈચ્છાથી અદૃશ્ય થઈ ગયો. આ ચરિત્ર જોઈને પુરજનો સૌ કોઈ **આશ્ચર્ય** પામ્યા.

### ભગવાન શ્રીહરિ ઘોડી ઉપરથી નીચે પડી ગયા :

ભગવાન **શ્રીહરિ** ગઢપુરથી થોડા કાઠી ભક્તોને લઈને રાત્રે નીકળ્યા. સાથે સૌ ચાલ્યા. પોષ મહિનાની સખત ઠંડી હતી. ભગવાન શ્રીહરિના સખાઓ અકળાતા હતા. પરંતુ શ્રીજીમહારાજની આજ્ઞા હતી. વહેલી સવારે સૌ અગત્રાઈ પહોંચી ગયા. પર્વતભાઈની નિરાવરણ સ્થિતિ હતી. ભગવાન શ્રીહરિની મૂર્તિને તેઓ ત્રણ અવસ્થામાં દેખતા હતા. તેથી તેમણે રાત્રે જ બધા હરિભક્તોને કહેવરાવી દીધું હતું કે કાલે સવારે મહારાજ પધારશે. માટે આપણે સામૈયું



કરવાનું છે. વહેલી સવારે ગામનું પાદર શરણાઈ અને ઢોલના સ્વરે ધમધમી ઊઠ્યું. ભગવાન શ્રીહરિને દૂરથી આવતા સૌએ જોયા અને અંતરમાં આનંદ છવાઈ ગયો.

ભગવાન શ્રીહરિ પાસે આવ્યા એટલે સૌએ દંડવત્ પ્રણામ કર્યા. ભગવાન શ્રીહરિ પણ ઘોડી ઉપરથી ઊતરી સૌ ભક્તોને મળ્યા. ભગવાન શ્રીહરિ પર્વતભાઈને ઘેર વાજતે-ગાજતે પધાર્યા. શ્રીજીમહારાજ ઢોલિયા ઉપર બિરાજમાન થયા. સૌ હરિભક્તોએ ભગવાન શ્રીહરિના ચરણસ્પર્શ કર્યા. શેરડી અને ગોળ લાવ્યા. મહારાજે સૌને તે વહેંચી દીધાં. પછી ભગવાન શ્રીહરિ ઊઠ્યા અને પ્રાતઃવિધિથી પરવારી પાછા ઢોલિયા ઉપર બિરાજમાન થયા. પર્વતભાઈએ ભગવાન શ્રીહરિના ચરણ દૂધથી ધોયા. પોતે ચરણામૃત પીધું અને સૌને આપ્યું.

શ્રીજીમહારાજ માટે દૂધમાં ચોખ્ખી રસોઈ બનાવી હતી, તે થાળ જમવા ભગવાન શ્રીહરિ બિરાજ્યા. જમતાં જમતાં પર્વતભાઈના પત્ની સાથે મહારાજ વાતો કરતા હતા. પર્વતભાઈ પાસે બેસીને ભગવાન શ્રીહરિને આગ્રહ કરી જમાડતા હતા. મહારાજ જમી રહ્યા પછી થોડી વાતો કરી પોઢી ગયા. તે વખતે મહારાજે કહ્યું હતું કે અમારે સાંજે ચાલવું છે. પરંતુ ગામના હરિભક્તોને મહારાજને રોકવાનો ભાવ હતો. પર્વતભાઈને પણ ઈચ્છા તો એવી હતી પરંતુ મહારાજની મરજી જાણીને જ સદા તેઓ વર્તતા. તેથી તેઓ કાંઈ બોલ્યા નહિ. પણ તેમનો દીકરો મૂળજી મહારાજની ઘોડી લઈને વાડીએ બાંધી આવ્યો. મહારાજ ચાર વાગે ઊઠ્યા. પછી મુખારવિંદ ધોઈ જળ પીધું. પછી કહ્યું : "ચાલો હવે ચાલીએ." એટલે મહારાજના સેવકે કહ્યું : "મહારાજ ! આપણી ઘોડી તથા આપનો પોશાક જડતાં નથી."

ભગવાન શ્રીહરિએ આ સાંભળી પર્વતભાઈ તરફ જોયું. તેથી તેમણે કહ્યું : "મહારાજ ! અમારા મૂળજીનું તથા ગામના હરિભક્તોનું આ કામ છે, માટે આપણે વાડીએ ચાલો."

ભગવાન શ્રીહરિ ચાખડી પહેરી વાડીએ પધાર્યા. અહીં મહારાજ ઢોલિયા ઉપર બિરાજમાન થયા. પર્વતભાઈએ શેરડીના ભારા મંગાવ્યા. મહારાજને શેરડી સુધારી માદળિયાં કરી આપતા જાય અને મહારાજ જમતા જાય. ગોળ પણ મહારાજ જમ્યા. પર્વતભાઈના પ્રેમથી મહારાજ બંધાયા હતા. તેમને એકાએક સંકલ્પ થયો હતો - 'મહારાજનાં દર્શન કરવાનો, સેવા કરવાનો.' મહારાજના પ્રત્યક્ષ દર્શન વિના અકળાઈ ગયા હતા. તેથી ભગવાન શ્રીહરિ ગઢપુરથી નીકળી તરત જ પધાર્યા હતા. રાત્રે મહારાજ જમ્યા, સૌ હરિભક્તો જમ્યા અને પછી મહારાજે વાતો કરી. મોડી રાત્રે સૌ સૂઈ ગયા.

વહેલી સવારે મહારાજ ઊઠ્યા અને **ઘોળિયે આંબે** નાહવા પધાર્યા. હરિભક્તો સૌ નદીમાં હેઠવાસ નાહ્યા.

નાહીને મહારાજ ઉતારે આવ્યા. નિત્યવિધિ કરી પછી પર્વતભાઈને કહ્યું : "રસોઈ વહેલી કરાવો અમારે આજે ચાલવું છે."

ભગવાન શ્રીહરિની આજ્ઞા પ્રમાણે બધી ગોઠવણ થઈ ગઈ. પર્વતભાઈએ બીજે દિવસે પણ મહારાજની સેવાનો લાભ લીધો. મહારાજ જમ્યા, ભક્તોને પણ જમાડ્યા. પછી મહારાજ ત્યાંથી નીકળ્યા. શ્રીહરિ ગામને પાદર ગયા અને ઘોડીએ તોફાન આદર્યું. મહારાજે ઘોડીનું ચોકડું જોરથી પકડી રાખ્યું હતું. છતાં ઘોડી બબ્બે ત્રણ ત્રણ વાર ઝાડ થઈ ગઈ. મહારાજ એ વખતે ઊતરવા જતા હતા ત્યાં ઘોડી ફરી ઝાડ થઈ અને મહારાજ નીચે પડી ગયા. જમણા પગનું હાડકું ભાંગી ગયું. મહારાજને ઝોળીમાં સુવાડી પર્વતભાઈ ઘેર લાવ્યા.

આ વાતની **નોંધ** કરતા સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામી લખે છે : 'તે દિ અગત્રાઈ માંહી અંગે રે, આવ્યું'તું દુઃખ અશ્વ પ્રસંગે રે; તેમાંથી મોરે રાખિયું તન રે, તે પણ દયા આણી જીવન રે.' (શ્રી ભક્ત ચિંતામણી : પ્ર.૧૬૧)

પર્વતભાઈએ તરત જ મુસલમાન વાળંદને બોલાવ્યો. વાળંદ આવ્યો અને તેણે ભગવાન શ્રીહરિના પગનું હાડકું બેસાડી પાટો બાંધી દીધો. પછી જતાં જતાં તેણે કહ્યું : "દહીં, છાશ કે ખટાશ ખાવા આપશો નહિ."

પર્વતભાઈએ **સૂચના** સમજી લીધી. ત્રણ-ચાર દિવસ મહારાજને પગે ખૂબ જ પીડા રહી અને મંદવાડ પણ આવી ગયો.. શ્રીહરિ પણ બોલતા કે, "હવે દેહ નહિ રહે." પરંતુ પર્વતભાઈની તથા અન્ય સત્સંગીઓની પ્રાર્થનાથી મહારાજે તે મંદવાડ છોડ્યો. આઠમે દિવસ ભગવાન શ્રીહરિએ સવારે ઊઠીને દહીં માગ્યું. પર્વતભાઈએ કહ્યું : "મહારાજ ! દહીં ન ખવાય, વાળંદે ના કહી છે. આજે પાટો બાંધવા આવવાનો છે."

ભગવાન શ્રીહરિએ હઠ લીધી : "અમારે દહીં જ આવું છે."

છેવટે મહારાજને દહીં આપ્યું. ભગવાન શ્રીહરિ દહીં જમતા હતા અને વાળંદ આવ્યો. મહારાજને દહીં જમતા જોઈને તે ખીજાયો અને કહ્યું : "આને તમે ભગવાન કહો છો ?" મહારાજ તે સાંભળી હસ્યા. પછી કહ્યું : "તું પાટો તો છોડ. જો તો ખરો કે શું થયું છે ?" વાળંદે બબડતાં બબડતાં પાટો છોડ્યો. તેણે ભગવાન શ્રીહરિનો પગ હલાવ્યો. તેને **આશ્ચર્ય** થયું કે આ શું ? આ તો જાણે કાંઈ વાગ્યું જ નથી ! મહારાજે તેના તરફ દૃષ્ટિ કરી. તેને સમાધિ થઈ તેમાં તેણે એક લાખ અને અઠ્યાસી હજાર પેગંબરોને ભગવાન શ્રીહરિની સ્તુતિ કરતા જોયા. તરત જ તે મહારાજના પગમાં પડી ગયો : "મહારાજ ! તમે ભગવાન સાચા."

મહારાજ હસ્યા. મહારાજે રાજી થઈને તેને પોતાની પાઘ, અંગરખું અને ખેસ ભેટ આપ્યાં. પર્વતભાઈને મહારાજે કહ્યું : "તમારી અરજી સાંભળી દેહ રાખ્યો છે. તમને તમારા સંકલ્પ પ્રમાણે સેવા મળી. હવે અમને ગઢપુર જવા દ્યો."

પર્વતભાઈએ મહારાજને પૂછ્યું : "મહારાજ ! ઘોડીએ જશો કે ગાડું જોડાવું."

ભગવાન શ્રીહરિ કહે : "ઘોડી ઉપર જ. તે વખતે તો અઘાસુરનો મિત્ર તેનું વેર લેવા આવ્યો હતો અને તેણે ઘોડીમાં પ્રવેશ કરી તેનું વેર લીધું. હવે કાંઈ વાંધો નથી." એમ કહી મહારાજ ત્યાંથી નીકળ્યા અને ગઢપુર પધાર્યા.

(શ્રીહરિચરિત્રચિંતામણી : ભાગ-૧, વાત નં. ૧૫૩ના આધારે...)

### મયારામ ભટ્ટની ઉન્મત્ત થયેલ ઘોડીને ભગવાન શ્રીહરિએ કુંડાળે નાંખી સો આંટા ફેરવી :

સં. ૧૮૬૨માં ગઢપુરમાં ભગવાન શ્રીહરિએ શ્રીવાસુદેવનારાયણની સ્થાપના કરી. ત્યારબાદ હરિજયંતી ઉત્સવ કરી ભગવાન શ્રીહરિએ ગુજરાત તરફ પ્રયાણ કર્યું. ગઢપુરથી નીકળી, ઝીંઝાવદર, કારિયાણી, બરવાળા, ધોલેરા, ખંભાત, બોચાસણ, દાવોલ થઈને સીંજીવાડા **ભગવાન શ્રીહરિ** પધાર્યા. ગામને પાદર ઝાડની ઘટા નીચે ઊતર્યા. પછી રાયધણજી પાંચ અસવારો તથા મયારામ ભટ્ટને લઈને ત્યાંના જગરૂપ બારોટને ત્યાં ગયા. જગરૂપ બારોટને અનંતાનંદ સ્વામીએ વર્તમાન ધરાવી સત્સંગી કર્યા હતા. ભગવાન શ્રીહરિનો મહિમા પણ કહ્યો હતો. પરંતુ તેમને મહારાજના પ્રત્યક્ષ દર્શન થયાં ન હતાં. તેથી રાયધણજી જ્યારે ભગવાન શ્રીહરિના **સમાચાર** લઈને આવ્યા, ત્યારે બારોટ હર્ષઘેલા થઈ ગયા અને એકદમ શ્રીજીમહારાજના દર્શન કરવા દોડ્યા : "ઓ મહારાજ ! ઓ ભગવાન ! આપ પધાર્યા, મારા મનના મનોરથ ફળ્યા." એમ બોલતા જાય અને ભગવાન શ્રીહરિને દંડવત્ કરતા જાય.

શ્રીજીમહારાજે બારોટનો પ્રેમ જોયો. પ્રેમમાં બારોટ આકળા હોય અને બોલવામાં મોકળા હોય. શ્રીહરિએ તેમને આશીર્વાદ આપ્યા. માથે હાથ મૂક્યો. પછી મહારાજને તેઓ તેમને ઘેર લઈ ગયા.

ભગવાન શ્રીહરિ માટે મયારામ ભટ્ટે રસોઈ કરી. ભગવાન શ્રીહરિને જમાડી સંઘને પણ જમાડ્યો. સાંજે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ સંબંધી ઘણી વાતોથી સૌને તૃપ્ત કરી મહારાજ પોઢી ગયા. સવારે બાપુભાઈની રસોઈ જમી

ભગવાન શ્રીહરિ સંઘને લઈને ત્યાંથી નીકળ્યા. બોચાસણના કાશીદાસ પણ પોતાનો માફો લઈને સાથે જ હતા. ભગવાન શ્રીહરિ ઘોડા ઉપર બિરાજમાન થયા હતા. થોડે દૂર ગયા એટલે ઘોડેથી ઊતરી ભગવાન શ્રીહરિ કાશીદાસના માફામાં બિરાજ્યા.

એટલામાં કોઈકે કહ્યું કે **મયારામ ભટ્ટ** ઘોડી ઉપરથી પડી ગયા. ભગવાન શ્રીહરિએ માફો ઊભો રખાવ્યો અને નીચે ઊતર્યા. રાયધણજીની ઘોડી મંગાવી તે ઉપર બેસીને ભટ્ટ જ્યાં પડ્યા હતા ત્યાં ગયા. મહારાજે જોયું કે ભટ્ટ તો ઘસડાતા હતા. કારણ કે એક પગ પેગડામાં ભરાઈ રહ્યો હતો અને ઘોડી આગળ ચાલતી હતી. ભટ્ટનો ખડિયો પણ પડી ગયો હતો. ભગવાન શ્રીહરિએ તે ખડિયો લઈ લીધો પરંતુ તેમાં વાસણ ખખડતાં હતાં એટલે મહારાજ બોલ્યા : "આ ખડિયામાં ભટ્ટજીએ વાસણ લીધાં છે. એટલે વાસણ ખખડે ને ઘોડી ભડકે છે. ઘોડીનો કાંઈ વાંક નથી." પછી ભટ્ટની ઘોડી ઊભી રાખી. ભટ્ટજીને ઊભા કર્યા. બહુ વાગ્યું નહોતું તેથી તેમને બીજી ઘોડી ઉપર બેસાર્યા. અહીં પણ તેમણે ખડિયો તો સાથે જ રાખવાનું નક્કી કર્યું. તેથી ભગવાન શ્રીહરિએ હસીને કહ્યું : "ભટ્ટજી ગરથ ગાંઠેથી છોડતા નથી."

'ભટ્ટની ઘોડિયે ભગવાન, થયા અસ્વાર થૈ સાવધાન;
ભટ્ટ ખડિયો પોતા તણો લૈને, બીજી ઘોડી ઉપર બેઠા જૈને.
નાખી ઘોડીને કૃષ્ણે કુંડાળે, આંટા સો ફેરવી એહ કાળે;
એવી લીલા શ્રીજી તણી જેહ, ધરે ધ્યાનમાં મુનિજન તેહ.'

પછી ભગવાન શ્રીહરિ મયારામ ભટ્ટની ઉન્મત્ત થયેલી ઘોડી ઉપર બિરાજ્યા. વસો આવ્યું. ભાભારામની ભાગોળે ભગવાન શ્રીહરિએ ભટ્ટની ઘોડીને કુંડાળે નાંખી. ઘોડી ઝાડ થાય, કૂદકો મારે પણ ભગવાન શ્રીહરિએ તેને સો આંટા ફેરવ્યા. ઘોડી પરસેવે રેબઝેબ થઈ ગઈ, નરમ બની ગઈ. ઘોડીને રેવાળ ચાલમાં નાખી મહારાજ વસોમાં પધાર્યા.

(શ્રીહરિલીલામૃત : ૬/૭)

### ❁ રોઝા ઘોડાને અસુરો દેખાયા :

સં. ૧૮૬૫માં સારંગપુરમાં ભગવાન શ્રીહરિએ **ફૂલદોલોત્સવ** રંગેચંગે પૂર્ણ કર્યો. ઉત્સવ જે સંઘો આવ્યા હતા તેને બીજે દિવસે મહારાજે રજા આપી. હરિભક્તો, સંતો, પાર્ષદો સૌ મહારાજની આજ્ઞા પ્રમાણે સારંગપુરથી નીકળ્યા. મહારાજ પણ સંતો-હરિભક્તોનો પ્રેમ જોઈ તેમને સૌને સારંગપુરની સીમ સુધી વળાવવા જવા માટે તૈયાર થયા. પોતાનો રોઝો મંગાવ્યો. મહારાજની સાથે જીવાખાચર, સોમલોખાચર, રાઠોડ ધાધલ તથા સદ્‌ગુરુ સંતો પણ હતા.

ભગવાન શ્રીહરિ ગામ બહાર થોડા આઘેરા નીકળ્યા અને મહારાજનો **રોઝો ઘોડો** એકદમ ઝાડ થઈ ગયો. ઘડીક આગળથી બે પગ ઊંચા કરે અને ઘડીક પાછળથી બે પગ ઊંચા કરે, સૌને લાગ્યું કે ઘોડો તોફાને ચઢ્યો છે. એટલે પાર્ષદો તેનું ચોકડું પકડવા પાસે આવ્યા. પણ રોઝો ભારે તોફાને ચઢ્યો હતો. મહારાજે બંને પેગડામાં રાખેલા બંને પગ ઘોડાના પેટ સાથે દબાવ્યા. ચોકડું ખેંચ્યું અને રોઝો ત્યાંથી ચાર પગે દોડ્યો. સૌ રોઝાને આ રીતે ઉન્મત્ત બની દોડતો જોઈ રહ્યા. મહારાજે તેને કુંડાળે નાખ્યો. મહારાજે ચોકડું સજ્જડ પકડ્યું હતું. બંને પગ તેના પેડુમાં મજબૂત હતા અને તેની ગરદન ઉપર નીચા નમી પેડુમાં પગ ભરાવતા ઘોડાને વેગથી કુંડાળામાં મહારાજ ફેરવવા લાગ્યા. એક, બે, ત્રણ, ચાર એમ મોટા કુંડાળે ઘોડાને નાંખ્યો, સંતો-હરિભક્તો ઊંચા શ્વાસે આ જોઈ રહ્યા હતા. કેટલાકે વિચાર કર્યો કે ઘોડીઓ લઈને તે રોઝા ઘોડાને આંતરિએ, પણ તેમાં તો તે વધારે ભડકશે એવી સૌને બીક લાગી. તેથી મહારાજની આ લીલામાં પણ કાંઈક કૌતુક હશે એમ જાણી સૌ નિહાળી રહ્યા.

એટલામાં મહારાજ રોઝાને ફેરવતાં ફેરવતાં જ્યાં હરિભક્તો, સંતો ઊભા હતા ત્યાં પધાર્યા. ઘોડાની ઉન્મત્તાઈ મંદ પડી ગઈ હતી. તેનો વેગ ધીમો થઈ ગયો હતો, શરીરે પરસેવો ચાલ્યો જતો હતો, મહારાજ ભક્તો પાસે આવ્યા અને રોઝા ઘોડા ઉપરથી છલાંગ મારી નીચે ઊતરી ગયા. નાજા ભક્તે રોઝાની લગામ મહારાજના હાથમાંથી લઈ લીધી. મહારાજના શરીરે પરસેવો વળી ગયો હતો. મહારાજ એક ઝાડ નીચે પધાર્યા. હરિભક્તોએ વસ્ત્રો પાથરી દીધાં. મહારાજ તે ઉપર બિરાજમાન થયા. ઘોડો હજી હાંફતો હતો.

'વળ્યો શ્રીજીને પણ પરસેવો, વરસ્યો હોય વરસાદ એવો;
હરિભક્તો ને સંતો નિહાળે, રાખો રાખો કહે તેહ કાળે.
અશ્વ રાખ્યો ઊભો પછી જ્યારે, જીવાખાચરે પૂછીયું ત્યારે;
અશ્વ ખૂબ ખેલાવીયો એમ, આજ કીધી નવાઈ આ કેમ.'

(શ્રીહરિલીલામૃત : ૭/૬)

થોડીવારે જીવાખાચરે મહારાજને પૂછ્યું : "મહારાજ ! આ ઘોડો એકાએક કેમ ભડક્યો ? આજે કેમ ઘોડાને ખૂબ ખેલવ્યો ? અચાનકમાં આ શું બની ગયું તે કાંઈ ખબર પડી નહિ."

ભગવાન શ્રીહરિ તેમની વાત સાંભળી હસ્યા. મહારાજે કહ્યું : "તમને સમજાય એવી આ વાત નથી. આપણે જેવા આ સીમમાં આવ્યા તે વખતે જ શ્રીકૃષ્ણના સમયમાં જે

અસુરો મરાયા હતા તે તેમનું વેર વાળવા માટે હાથમાં શસ્ત્રો લઈ અદૃશ્ય સ્વરૂપે આવ્યા. તેના તમોગુણી તપથી તે ગમે તેવું સ્વરૂપ ધારણ કરી શકે એવી શક્તિ ધરાવતા હોય છે. અમારી ઈચ્છાથી આ રોઝાને દેખાયા અને તે બે પગે ઝાડ થયો. એટલે અસુરો પાછળ ગયા. એટલે અમે ઘોડાના પાછલા બે પગ તેમની સામે ઉછાળ્યા. એટલે તે આગળ આવ્યા અને અમે તેના ઉપર ઘોડો દોડાવ્યો, ઘોડાની ખરીએ તે બધા અસુરોને ચગદી નાખ્યા.

'કેક અશ્વ પગે છૂંદી વાળ્યા, કૈકને મુજ દૃષ્ટિથી બાળ્યા;
એમ કીધો ઘણાનો વિનાશ, કૈક નાશી ગયા પામી ત્રાસ.
ઘોડો ખેલાવિયો ખૂબ જેહ, એક તો તેનું કારણ એહ;
બીજું કારણ સાંભળો ભાઈ, અશ્વમાં હતી ઉન્મત્તતાઈ.'

(શ્રીહરિલીલામૃત : ૭/૬)

વળી, આ રોઝો પણ ઉન્મત્ત થઈ ગયો હતો, એટલે તેને કુંડાળે નાંખ્યો. પૂરપાટ દોડાવ્યો અને જ્યાં ત્રણ, ચાર, પાંચ કુંડાળાં ફેરવ્યો એટલે તરત તેનો મદ ઊતરી ગયો, તેની ઉન્મત્તાઈ મંદ પડી ગઈ. જો પશુ કે માણસો ઉન્મત્ત થાય તો તેની પાસે પરિશ્રમ કરાવો તો તે નરમ થઈ જાય છે.''

'ઉન્મત્તપણું' ટાળવા વિષે પ.પૂ. ધ.ધુ. આચાર્યપ્રવર શ્રી વિહારીલાલજી મહારાજશ્રી 'શ્રીહરિલાલમૃત' ગ્રંથમાં લખે છે :

'ઉન્મત્ત જો ઈન્દ્રિયઅશ્વ થાય, તો નર્મ તેને તપથી કરાય;
ઝાઝા કરે દંડવત્ પ્રમાણ, જપે કરી આસન એક ઠામ.
કાં તો કરે મંદિર કેરી ભક્તિ, જણાય જેવી તન માંહિ શક્તિ;
તે કારણે મંદિર મેં કર્યા છે, તે માંહિ તત્ત્વો તપનાં ધર્યાં છે.
ઉન્મત્ત જો ઈન્દ્રિયઅશ્વ થાશે, કુમારગે તેહ જરૂર જાશે;
નાંખે ધણીને જઈ ખાડમાંઈ, માટે કરો ચેતી ઉપાય કાંઈ.
પછીથી પસ્તાય તજી ઉપાય, તે મૂર્ખ મોટો જનમાં મનાય;
માટે તમે સૌ ચિત્ત ચેતી લેજો, તે અશ્વ ઉન્મત્ત થવા ન દેજો.
ઘોડો અડે પાન સડે જરૂર, સ્વતંત્ર સેનાપતિ થાય શૂર;
વિદ્યા ભણેલી વિસરી જ જાય, જો તેહ ચારે નહિ ફેરવાય.
આળસ્ય પેસે કદી અંગમાંય, વધી વધીને વધતું જ જાય;
માળા પૂજાપાઠ વિષે લગાર, આળસ્ય આવે વધશે અપાર.
સત્સંગનો રંગ સદા તપાસો, વિના તપાસે, વળતી ઠગાશો;
સુશસ્ત્રને કાટ ચડે જ જેમ, બધું તપાશા વિણ થાય તેમ.
આ અશ્વને બાંધી બહુ રખાયો, દીધા મશાલા નહિ ફેરવાયો;
તેથી થયો આ ઉન્મત્ત એવો, મનસ્વી કેરું મન થાય તેવો.'

(શ્રીહરિલીલામૃત : ૭/૬)

સૌ એકચિત્તે ભગવાન શ્રીહરિની વાત સાંભળી રહ્યા. મહારાજ પણ તેમની સામે જોઈ રહ્યા. પછી મહારાજે ત્રીજી વાત કહી : ''આ અમે ઘોડો ખેલાવ્યો તે અમારી મૂર્તિનું ધ્યાન કરશો, વારંવાર સંભારશો તો અમારા વિયોગનું દુઃખ રહેશે નહિ અને અંતરમાં શાંતિ થશે.''

### મહારાજ તો સકળ કળામાં પ્રવીણ છે :

સં. ૧૮૬૬માં **ભગવાન શ્રીહરિ** ડભાણના મહાયજ્ઞમાં જવા માટે ઘોડાસરથી નીકળતા હતા ત્યાં ઘોડાસરના પાદરમાં વિશાળ સંખ્યામાં દેશોદેશના હરિભક્તોના સંઘો જોયા. મહારાજ ભક્તોને જોઈ રાજી થયા. પછી હરિભક્તોએ મહારાજનું પૂજન કરી ભેટો-સોગાદો અર્પણ કરતા હતાં. તેમાં કિશોરવયના દાદાખાચરે મહારાજના ચરણમાં હેમના તોડા પહેરાવ્યા. પુષ્પમાળા કંઠમાં પહેરાવી. જીવાખાચર તથા સોમલાખાચર, સુરાખાચર વગેરેએ પણ મહારાજનું પૂજન કર્યું અને ભેટો ધરી. કોઈકે કનકના વેઢ ધરાવ્યા. તો કોઈકે બીજાં આભૂષણો ધરાવ્યાં. માતરા ધાધલ, નાજા જોગિયા, મૂળુખાચર, હમીરખાચર, અમૂલાબા, અમરબાઈ વગેરેએ પણ મહારાજનું પૂજન કર્યું, ભેટો ધરી. વસ્તાખાચરે મહારાજને સોનાની ઊતરી આપી. લાડુબાએ સોનાનો કંદોરો આપ્યો. મહારાજે તરત જ તે પોતાની કેડ ઉપર પહેરી લીધો. રાજબા તથા મોટીબાએ હેમનાં કડાંની જોડ આપી. અન્ય સર્વ કાઠીઓએ મહારાજને મૂલ્યવાન રેંટો ધરાવ્યો. મીણબાઈએ કંઠમાં પહેરવાનો સુવર્ણનો ગળુબંધ આપ્યો, કિંમતી શેલું આપ્યું.

કાશીદાસે બે કુંડળ ધરાવ્યાં. અમદાવાદના સંઘે કિંમતી વસ્ત્રાભૂષણો ધરાવ્યાં. મછિયાવના દાજીભાઈએ મોહનમાળા આપી. વડોદરાના હરિભક્તોએ સુવર્ણનાં અને ચાંદીના વાસણો આપ્યાં. કચ્છી તથા ઝાલાવાડના ભક્તોએ સોનામહોરો મૂકી. રાયધણજીએ ચાંદીની છડી આપી. મેથાણના પૂજાભાઈએ સુવર્ણની બોરમાળા આપી. આમ, ભેટોના ગંજ ખડકાતા ગયા. સુવર્ણનાં અલંકારો, સુવર્ણ અને ચાંદીના વાસણો, કિંમતી વસ્ત્રો, સોનામહોરો આ બધું મહારાજની બાજુમાં પાર્ષદો મૂકતા ગયા. છતાં અહીં કોઈની દૃષ્ટિ એ તરફ ન હતી. સૌ મહારાજ તરફ જ એકાગ્ર દૃષ્ટિથી જોઈ રહ્યા હતા, મહારાજ પ્રત્યેના હરિભક્તોના ભક્તિભાવના દર્શન સૌ કરી રહ્યા હતા.

અલૈયાખાચરે ભગવાન શ્રીહરિને કેસરિયો ઘોડો ભેટ આપ્યો. સુરતના ભાઈચંદ શેઠે ઘોડા ઉપર રાખવાનું સુવર્ણજડિત પલાણ આપ્યું. ભિખારીદાસે દુગદુગી આપી, ગોવિંદભાઈએ તાવીત આપ્યાં, લક્ષ્મીબાઈએ સૂર્યમુખી આપી, દાદાભાઈએ ઘોડા માટે કલગી આપી, મોતીશાએ કિનખાબનો સાજ ઘોડા માટે આપ્યો. કૃષ્ણદાસે અને જીભાઈએ સોના-રૂપાની ડુમચીઓ આપી. અંબારામે

ચોકડું આપ્યું. નારાયણભાઈએ મોવડ આપ્યો અને પુરુષોત્તમે ઘોડાના પગે પહેરાવવા ચાંદીના ઝાંઝર આપ્યાં. મહારાજ માટે તો સૌ ભેટ લાવ્યા પરંતુ મહારાજના સંબંધે અશ્વનું પણ પૂજન થયું. એને પણ સોના-રૂપાની ભેટો મળી! અલૈયાખાચર શણગારેલો **રોઝો ઘોડો** મહારાજ માટે લાવ્યા હતા તે જોઈ દરબાર જાલમસિંહે કહ્યું : "જે ખરેખરા ઘોડા ખેલવી જાણતા હોય તેમને જ આ ઘોડા ઉપર બેસારાય. મહારાજને ન બેસારાય. ઘોડો પાડી દ્યે એવો છે."

'હવે ઘોડે બેસો ઘનશ્યામ, પુરુષોત્તમ પૂરણકામ;
સુણી બોલ્યા ઘોડાસરરાય, આવે ઘોડે તે કેમ બેસાય.
જાણે ખેલવી જે ઘોડાં ભારી, કરે તે આ ઘોડે અસવારી;
ત્યારે બોલ્યા અલૈયો તે ઠામ, મહા સમરથ છે ઘનશ્યામ.'

(શ્રીહરિલીલામૃત : ૭/૧૦)

અલૈયાખાચર જાલમસિંહની વાત સાંભળી હસ્યા. પછી તેણે કહ્યું : "દરબાર ! તમે મહારાજને શું જાણો છો ? એ તો સકળ કળામાં પ્રવીણ છે. ભલભલાં ઘોડાનું પણ પાણી ઉતારી નાખે એવા એ કુશળ અસવાર છે, પરંતુ મનુષ્ય ચરિત્ર કરે ત્યારે એમ પણ કહે કે ઘોડો પાડી દેશે."

ઘોડાસર દરબાર જાલમસિંહને મહારાજના શબ્દોની સ્મૃતિ થઈ આવી. અલૈયાખાચરે કહ્યું : "બાપુ ! મહારાજને તમે ઓળખતા નથી. અનંતકોટિ બ્રહ્માંડોને પોતાના પગના અંગૂઠા વતી ઠેલી દે એવી તેમની અલૌકિક સામર્થી છે, પરંતુ મનુષ્યભાવ બતાવે ત્યારે તો ડાહ્યાની પણ મતિ ભમી જાય."

'કોઈ અવસરે બ્રહ્માંડ તોળે, કોઈ અવસરે વાહન ખોળે;
ક્યારે નિજજનની વા'રે ધાય, ક્યારે પોતે જ માગે સહાય.
એવી લીલા કરે છે અપાર, જોઈ મોહ પામે નરનાર;
રાજા સમજ્યો સુણી ઊંડો અર્થ માગી મારી સહાયતા વ્યર્થ.
એ છે સમરથ શ્રીમહારાજ, સોંપ્યું મુજને કૃપા કરી કાજ;
મારો કરવા સુફલ અવતાર, મારે ઘેર પધાર્યા મુરાર.'

(શ્રીહરિલીલામૃત : ૭/૧૦)

દરબાર જાલમસિંહને ભગવાન શ્રીહરિનો **પ્રથમ પરિચય** હતો. ડભાણમાં થતા યજ્ઞની રક્ષા માટે મહારાજે તેની પાસે માણસો માગ્યા ત્યારે તેને પાનો ચડી ગયો હતો કે 'કેની હિંમત છે હું અને મારા કામઠી ભેગા હોય અને યજ્ઞમાં કોઈ વિઘ્ન નાખે !' પણ અલૈયાખાચરની વાતથી તેમની સાન ઠેકાણે આવી ગઈ. તેમને લાગ્યું કે, મહારાજ તો તેમની ભ્રૂકુટીના ભંગથી બ્રહ્માંડો ડોલાવે તેવા સમર્થ છે, પણ સેવાની યાચના કરે છે તે તો મારો જન્મ સફળ કરવા અને અંતરમાં ભક્તિનો ભાવ જગાડવા માટે કરે છે.

ભગવાન શ્રીહરિએ રોઝા ઘોડા ઉપર સવારી કરી. કુબેરસિંહ છડીદારે **છડી** પોકારી : '**જય ધર્મધુરંધર ધીર, જય ધર્મતનુજ નરવીર; જય જય મહારાજાધિરાજ, નિઘા કરો નિઘા કરો આજ...**' મહારાજે અશ્વ ઉપરથી જ સૌના ઉપર **કૃપાદૃષ્ટિ** કરી. જાણે અનંત જન્મના પાપ આ દૃષ્ટિમાત્રથી ધોવાઈ ગયાં હોય એવો કૃતકૃત્યતાનો ભાવ સૌ અંતરમાં અનુભવવા લાગ્યા ! મહારાજે રોઝાના પેટમાં પેગડું માર્યું અને રોઝો ઊછળ્યો. 'ખમા ! ખમા ! મારા નાથ !' સૌના અંતરમાંથી શબ્દો નીકળી પડ્યા અને ધનુષ્યમાંથી છૂટેલા બાણની ગતિએ રોઝો ઊપડ્યો. સૌના શ્વાસ અદ્ધર થઈ ગયા. એક ક્ષણમાં તો જાણે વીજળી ઝબૂકીને અદૃશ્ય થઈ ગઈ હોય તેમ રોઝો ક્ષિતિજની બહાર પહોંચી ગયો. સૌ જોઈ રહ્યા. ભગુજી તથા બીજા કાઠીઓને થયું કે મહારાજની પાછળ ઘોડા દોડાવીએ, પણ એવો વિચાર કરે છે ત્યાં તો જાણે આકાશમાંથી તારો ખરતો હોય તેમ રોઝો દેખાયો. કેસરી સિંહની ડણક સાંભળી જેમ હરણિયાં ત્રાસીને દોડતા હોય તેમ રોઝો શ્વાસભેર દોડતો હતો. મહારાજનું આખું શરીર રોઝા ઘોડાની ગરદન ઉપર હતું. સૌ જોઈ રહ્યા. એટલામાં તો મહારાજ પાસે આવી ગયા. રોઝાને ત્યાં મેદાનમાં કુંડાળે નાખ્યો. એક, બે, અને ત્રણ કુંડાળે ફેરવ્યો અને ઘોડાના નસકોરાં શ્વાસથી ફૂલવા લાગ્યાં. જાલમસિંહ આ જોઈ દિગ્મૂઢ બની ગયા ! રોઝા ઘોડાને પણ વધુ શ્વાસ ચડવા લાગ્યો તેથી મહારાજને દયા આવી. પછી મહારાજે રોઝા ઘોડાને થંભાવ્યો અને છલાંગ મારીને નીચે ઊતરી ગયા. ભગુજીએ તરત જ રોઝાની સરક પકડી લીધી. અને મહારાજે ઘોડાની ખૂબજ પ્રશંસા કરી ને પોતે રાજી થયા.

એ વખતે સુરતના **નાગરદાસ** આવ્યા. તે સુંદર છત્ર લાવ્યા હતા. મહારાજને તેણે **પ્રાર્થના** કરી : "મહારાજ ! આ અશ્વ ઉપર આપ ફરી બિરાજો. આપના શિર ઉપર છત્ર ધરીને એ અલૌકિક શોભાનાં **દર્શન** કરવા છે."

ભગવાન શ્રીહરિ રોઝા ઘોડા ઉપર ફરી બિરાજમાન થયા. ભગુજીએ મહારાજના શિર ઉપર છત્ર ધર્યું. રોઝા ઘોડા ઉપર છત્ર સહિત શોભતી મહારાજની મૂર્તિ સૌનાં અંતરમાં અંકિત થઈ ગઈ ! કેવું આશ્ચર્ય ! ભગવાન શ્રીહરિની સાથે સૌએ રોઝા ઘોડાનું ધ્યાન કર્યું ! '**શોભે છત્ર તણી છબી સારી, લીધી ધ્યાનીયે ધ્યાનમાં ધારી; જેમ અશ્વ પશુમાં ગણાય, હરિને લીધે ધ્યાને ધરાય...**'

શ્રીજીમહારાજના રોઝા ઘોડાને જોઈને કાઠીઓના ઘોડા પણ થનગની રહ્યા. મહારાજે સૌને કહ્યું : "ચાલો, હવે ડભાણ." મહારાજના અશ્વની આસપાસ કાઠીઓના ઘોડા વીંટળાઈ વળ્યા. સૌને મહારાજના દર્શન કરવાનો અને સાથે સાથે ભગવાન શ્રીહરિ સૌના રક્ષણહાર હોવા છતાં તેઓનું

રક્ષણ કરવાનો ભાવ હતો. આ ભાવનામાં ભક્તિ હતી. મહારાજ કાઠી દરબારો તથા સંઘ સાથે ઘોડાસરથી નીકળ્યા. સાબદા થયેલા આટલા બધા ઘોડાની ખરીથી ઊડતી ડમરી આકાશે ચડી. તેમની એક સામટી હાવળથી જાણે આકાશમાં મેઘના ગડગડાટ થતા હોય તેવું લાગ્યું !



## જોબનપગીને ઘોડીએ ઘોડીએ ભગવાન શ્રીહરિના દર્શન થયાં :

સં. ૧૮૬૬માં ભગવાન શ્રી સ્વામિનારાયણે ડભાણમાં **મહાયજ્ઞ** કર્યો તેની **ખ્યાતિ** સર્વત્ર વ્યાપી ગઈ હતી, તેથી અનેક ગામડાઓમાંથી આબાલ-વૃદ્ધ નરનારીઓનાં ટોળે-ટોળાં યજ્ઞનારાયણ અને પ્રગટ ભગવાન શ્રીહરિનાં પ્રત્યક્ષ **દર્શન** કરવા આવતા હતાં. આ યજ્ઞોત્સવમાં ભાવિકો આવ્યા હતા. ભક્તો પણ આવ્યા હતા. દ્વેષીઓ પણ આવ્યા હતા અને ચોરો પણ આવ્યા હતા. ચોરો આવીને સાદા વેષમાં નિરીક્ષણ કરી રહ્યા હતા, પરંતુ શ્રીજીમહારાજે હરિભક્તોના ઉતારાની આજુબાજુ સજ્જડ **ચોકીપહેરો** ગોઠવી દીધો હતો. તેથી કોઈની યુક્તિ કામ આવતી ન હતી, પરંતુ કેટલાક ચોરોએ ચકોર દૃષ્ટિથી જોયું તો પહેરો ફક્ત હરિભક્તોના ઉતારાની આજુબાજુ જ હતો. તેથી કોઈની યુક્તિ કામ આવતી ન હતી, પરંતુ કેટલાક ચોરોએ ચકોર દૃષ્ટિથી જોયું તો પહેરો ફક્ત હરિભક્તોના ઉતારાની આજુબાજુ જ હતો. ઘોડશાળમાં જ્યાં કાઠીઓના પાણીદાર ઘોડાઓ બાંધ્યા હતા ત્યાં ચોકીપહેરો ન હતો. ફક્ત ઘોડાઓને ચંદી કે પાવરો આપવાનાં હોય કે પાણી પાવું હોય ત્યારે જ ત્યાં કાઠી રાજવીઓના સેવકો આવતા. આથી ઘોડશાળ ઉપર ધાડ પાડવાની ચોરોની વૃત્તિ તીવ્ર બની ગઈ ! એટલે તેમણે ચોરોના સરદાર જોબનપગી પાસે જઈને આ બાબત વાત કરી.

વડતાલમાં એક રાત્રે ચોરોની ટુકડી આવી અને સરદાર જોબનપગીને વિગતે વાત કરી : "બાપુ ! ડભાણ ગામમાં મોટો જગન થાય છે અને ત્યાં અનેક પ્રકારના કાઠિયાવાડી ઘોડાઓ લઈને કાઠીઓ પણ આવ્યા છે. એમાં પણ સ્વામિનારાયણ, જે ભગવાન કહેવાય છે તેની પાસે તો ઊંચી ઓલાદનો જાતવંત રોઝો ઘોડો છે ! અને એ ઘોડો અને કાઠીઓના ઘોડા જો આપણને મળી જાય તો જાનું લૂંટવામાં અને રાજની તિજોરીયો લૂંટવામાં સહેલું પડે. 'આંકડે મધ અને વળી માખો વિનાનું છે !' ચોકીપહેરો પણ ઘોડશાળમાં નથી, માટે તક જાવા દેવા જેવી નથી."

સાગરીતોની વાત સાંભળી જોબનના મોં પર ચમક આવી ગઈ ! તુરંત તે બોલ્યો : "હા... હા.. કેમ નહિ ! એક તીરે બે નિશાન પડશે, માટે તૈયાર થઈ જાવ. મારા ગામમાં ઈ સ્વામિનારાયણના સંત મુક્તાનંદ સ્વામી આવ્યા હતા ત્યારે સારા સાધુ જાણી મેં તેમને ગુરુ કર્યા હતા. ત્યારે તેઓએ મને કહ્યું હતું કે, 'સ્વામિનારાયણ ભગવાન છે, માટે પંચ વર્તમાન પાળી તેઓનું ભજન કરજો.' આવો ઉપદેશ આપીને તેઓ

પાછા ગઢપુર જતા રહ્યા હતા. ત્યારથી મારા મનમાં થયા કરે છે કે, ખરેખર જો સ્વામિનારાયણ, ભગવાન હોય તો કાંઈક પરચો બતાવે; માટે ચાલો, આજે પારખાં થઈ જશે.''

'વરતાલના જોબન પગી, દૈવયોગે તેની મતિ ડગી;
હરિરૂપમાં સંશય થયો, તેથી પારખું લેવાને ગયો.
ઘોડા કાઠિયોના ભારે ભારે, ચોરી લેવા કર્યું ચિત્ત ત્યારે;
રાતમાંહિ થયો શશિ અસ્ત, ઊંઘ્યા જે સમે લોક સમસ્ત.
ઘોડું ચોરવાને ગયા જ્યાં જ્યાં, દીઠા શ્રીહરિ પ્રત્યક્ષ ત્યાં ત્યાં;
ઘોડું એકે ચોરાયું ન જ્યારે, થયો નિશ્ચે સ્વરૂપનો ત્યારે.'
(શ્રીહરિલીલામૃત : ૭/૧૧)

વડતાલમાં અગાઉ એકવાર **ભગવાન શ્રીહરિ** પધાર્યા હતા ત્યારે પણ જોબનપગી પાટીદાર બાપુભાઈને ઘેર રાત્રે **રોઝો ઘોડો** ચોરવા ગયેલ, પરંતુ ત્યારે કારી ફાવી ન હતી. ત્યારથી જોબનપગીની ઈચ્છા રોઝા ઘોડાને ચોરવાની હતી અને વળી મુક્તાનંદ સ્વામીએ 'સ્વામિનારાયણ ભગવાન છે' આવો નિશ્ચય કરાવ્યો હતો, તેમાં પણ ડગમગાટ થતો હતો. આજે એક સાથે બે કામ થાય એમ હતા એટલે પોતાના અઢાર સાગરીતોને સાથે લઈને ડભાણ પહોંચી ગયો. સાથીદારોને સંકેતમાં સમજાવી દીધા કે, મધ્યરાત્રીએ ઘોડશાળ ઉપર ધાડ પાડવી. સૌ તે પ્રમાણે તૈયાર થઈ ગયા.

તે રાત્રે યજ્ઞનો અને ભોજનનો કાર્યક્રમ પૂરો થયો અને સૌ હરિભક્તો પોતાને ઉતારે ગયા. સંતો પણ વૃક્ષ નીચે તેમના ઉતારે આવી ભજન કરવા લાગ્યા. ધીરે ધીરે રાત્રિનું ઘાટું અંધારું પૃથ્વી ઉપર પથરાઈ ગયું. સર્વત્ર નીરવતા છાઈ રહી. ફક્ત ચોકીપહેરામાં ગોઠવાયેલા કામઠીઓ તથા કાઠી અસવારોના ઘોડાના ડાબલાના અવાજ અને 'જાગો... જાગો...', 'ખબરદાર...ખબરદાર...' એવા શબ્દો સંભળાતા હતા. લોકોને નિદ્રાનું સંપૂર્ણ ઘારણ વળી ગયું હતું. તે વખતે જોબન અને તેના સાથીઓ ઘોડશાળમાં આવ્યા. તેમના હાથમાં ઉઘાડી તલવારો હતી. જેથી ખીલેથી ઘોડાઓને છોડવાની માથાકૂટ કરવી ન પડે. તલવારથી જ દોરડાં કાપી નાંખવાં. આવા સંકેતો કરી હોંશભેર તેઓ ઘોડશાળમાં પ્રવેશ્યા, પણ આ શું ?! ત્યાં તો દિવ્ય પ્રકાશ જોયો ! તે પ્રકાશમાં ત્રણ છોગલાધારી ભગવાન શ્રીહરિના દર્શન થયાં ! શ્રીજીમહારાજ રોઝા ઘોડાને ઘાસ ખવડાવતા હતા. થોડીવાર સંતાઈ જઈ બીજા ઘોડા પાસે ગયા તો ત્યાં જરિયાની વસ્ત્રો ધારણ કરી ભગવાન શ્રીહરિ ઘોડાને પાવરો ચડાવતા હતા ! આવું જોઈ આંખો ચોળીને પોતાના જ શરીરે ચીટીયો ભર્યો ત્યારે ખબર પડી કે આ સ્વપ્ન નથી જોઈ રહ્યો, પણ જાગ્રતમાં જ છું.

'આજે સ્વામિનારાયણ ઘોડાઓને ખવડાવવા જાતે જ આવ્યા હશે, માટે કાલે આવીશું. ચાલો આજુબાજુની કોતરોમાં સંતાઈ જઈએ.' આવો આંખના અને હાથના ઈશારાથી સંકેત કરી જતા રહ્યા. બીજા દિવસની રાત્રે આવ્યા. ત્યાં તો સોનેરી શણગારમાં ભગવાન શ્રીહરિ કોઈને ચંદી નીરતા હતા, તો વળી કોઈને ત્રો ત્રો કરતા પાણી પાતા હતા. તે દિવસે પણ જતા રહ્યા ને ત્રીજી રાત્રિએ આવીને જોયું ત્યારે જોબનપગી આશ્ચર્ય પામી ગયા ! ઘોડે ઘોડે ઘનશ્યામ દીઠાં ! એકસાથે આટલાં બધાં સ્વરૂપો ! દરેક ઘોડાની પાસે સ્વામિનારાયણ ! આ હું શું જોઈ રહ્યો છું ?

'ત્રણ દિવસના ભૂખ્યા-તરસ્યા, નયણે નિદ્રા નવ કરી;
આવીને જુએ જ્યાં અશ્વને, ત્યાં ઘોડે ઘોડે દીઠા હરી.'
(શ્રી ભક્તચિંતામણી : પ્રકરણ - ૫૯)

ત્રણ દિવસ સુધી ભૂખ્યા રહીને ત્રણ રાત્રિ સતત પ્રયત્નો કર્યા, પણ ન તો રોઝા ઘોડાને ચોરી શક્યા કે ન તો કાઠીઓના ઘોડાને ચોરી શક્યા ! પોતાને ચોરી કરવામાં નિષ્ફળતા મળી તેથી જોબનપગી નિરાશ થઈ ગયો અને ઘોડે ઘોડે ભગવાન શ્રી સ્વામિનારાયણના દર્શન થયાં તેથી આશ્ચર્ય પામી ગયો.

### વડતાલમાં દશેરાએ કાઠીઓએ પોતાની અશ્વકળા મહારાજને બતાવી :

સં. ૧૮૭૨માં વડતાલમાં ભગવાન શ્રીહરિએ જન્માષ્ટમી તથા જળઝીલણીના ઉત્સવો કર્યા. પછી દશેરાને દિવસે **શમીપૂજન** કરવા માટે મહારાજ નીકળ્યા. મહારાજે ભારે ભારે વસ્ત્રાભૂષણ પહેર્યાં હતાં. મહારાજની સાથે સૌ ધારાળા તીર-કામઠાં ધારીને ચાલતા હતા. બામરોલી, મહુડીયું પરું, નરસંડા, વલાસણ વગેરે આસપાસના ગામોના હરિભક્તો આવ્યા હતા. કાઠી દરબારો પણ હથિયાર ધારણ કરીને ઘોડા ખેલાવતાં સાથે ચાલતા હતા. મોભાદાર પાટીદારો પણ શણગારેલા ઘોડે ચડીને મહારાજની સવારીમાં અભિવૃદ્ધિ કરતા હતા. આખી સવારી ધારુ તળાવે આવી. હાલ જ્યાં છત્રી છે ત્યાં ભગવાન શ્રીહરિ અને સૌ સંતો-હરિભક્તો બેઠા.

એટલામાં મહારાજની પાસે એક કાઠી દરબાર આવ્યા. એણે ભગવાન શ્રીહરિને હાથ જોડીને કહ્યું : ''મહારાજ ! આપની આજ્ઞા હોય તો અમે અમારા ઘોડાના **ખેલ** દેખાડીએ.'' મહારાજે હસીને હા પાડી. સૌ કાઠી દરબારો તૈયાર થઈ ગયા. ઘોડાની રમતો એમના લોહીમાં હતી. મહારાજ આ રીતે પણ એમને પોતામાં વધુ હેત થાય એવો ઉપાય કરતા, જેથી તેઓ ભગવાનના માર્ગે વધુ આગળ વધે. કાઠી દરબારો ઘોડા ખેલાવવા મંડી પડ્યા.

'ખૂબ કાઠીએ ખેલાવ્યાં ઘોડાં, કોઈ એકલાં કોઈ સજોડાં;

જેમ વીજળી આવે ને જાય, ઘોડાં દોડતાં એમ દેખાય.
કોઈ અસ્વાર દોડે છે અળગા, કોઈ તો એક એકને વળગ્યા;
દડો ફૂલનો નાખે અગાડી, દોડતે ઘોડે લે છે ઉપાડી.'

(શ્રીહરિલીલામૃત : ૭/૪૮)

કોઈ એકલા તો કોઈ સજોડા ઘોડા ખેલાવવા લાગ્યા. જેમ આકાશમાં વીજળી થતી હોય ત્યારે પલકારાં અદૃશ્ય થઈ જાય તેમ કાઠીઓ પણ ઘોડા દોડાવતાં હતાં. આગળ ફૂલનો દડો નાખે અને મારતે ઘોડે આવીને ઘોડા પરથી જ જમીન પર પહેલો દડો ઉપાડી લે. ભગવાન શ્રીહરિ કાઠીઓની આવી ચપળતા જોઈને રાજી થયા. જેની અસવારી ઉત્તમ હોય તેનાં મહારાજ વખાણ કરતા.

## બામરોલીમાં ભગવાન શ્રીહરિએ ઘોડાને ખેલવી પ્રસાદીનો કરી આપ્યો :

સં. ૧૮૭૨માં વડતાલમાં ભગવાન શ્રીહરિએ ધામધૂમપૂર્વક હુતાશનીનો **રંગોત્સવ** ઉજવ્યો. બીજે દિવસે તખા પગીના ભાવને વશ થઈ ભગવાન શ્રીહરિ બામરોલી પધાર્યા. તખા પગીએ રાયણના ઝાડની ડાળે સુંદર હિંડોળો બાંધ્યો હતો. તે ઉપર મહારાજને ઝુલાવ્યા. ત્યાં થાળ થયો એટલે મહારાજ જમ્યા. પછી સર્વે સંતોને જમાડ્યા.

થોડીવાર આરામ કરી મહારાજ ઊઠ્યા. મુખ પ્રક્ષાલન કરી પાણી પીધું. એટલામાં નાજા જોગિયા આવ્યા. તેમણે ઘોડાની લગામ પકડી હતી. ભગવાન શ્રીહરિએ પૂછ્યું : "આપણી માણકી ક્યાં?"

નાજા જોગિયાએ કહ્યું : "મહારાજ ! માણકી પણ અહીં જ છે, પણ આ પગીઓ કહે છે કે આ ઘોડો જાતવાન છે. મહારાજ બેસે તો પ્રસાદીનો થાય."

ભગવાન શ્રીહરિ તેમનો આશય સમજી ગયા. મહારાજે કહ્યું : "પગીઓને અમારી રમત જોવાનો વિચાર લાગે છે. તો ભલે, લાવો ઘોડો." એમ કહી મહારાજે પોતાની આંગળીમાંથી સોનાનો વેઢ કાઢ્યો અને તખા પગીને કહ્યું : "આઘે જઈ રસ્તા ઉપર આ વેઢ મૂકી દ્યો અને તમે ત્યાં જ ઊભા રહેજો."

તખા પગી ભગવાન શ્રીહરિની આજ્ઞા પ્રમાણે વેઢ લઈને ગયા.

મહારાજે ઘોડા ઉપર સવારી કરી, પરંતુ ઘોડો તાજો જ પલોટાયેલો હતો એટલે સવારી કરવી મુશ્કેલ હતી. પગીઓ તે જાણતા હતા, પરંતુ મહારાજનો પ્રતાપ તેમને જોવો હતો.

ભગવાન શ્રીહરિએ ઘોડાની લગામ ખેંચી અને ઘોડો સાવધાન બની ગયો. મહારાજે તેના પેટમાં પેંગડું માર્યું. ચોકડું ઢીલું મૂક્યું અને ઘોડો ત્યાંથી હરણફાળ ભરે તેમ ઊપડ્યો. મહારાજે તેને ખૂબ દોડાવ્યો, ગોળ કુંડાળામાં નાખ્યો અને ફરી દોડાવતાં જ્યાં વેઢ મૂક્યો હતો તે રસ્તે નીકળ્યા અને ઘોડા ઉપરથી સહેજ નીચે સરકી આંગળીમાં વેઢ પહેરી લીધો. ઘોડો એ જ વેગમાં દોડી રહ્યો હતો. પગીઓ તાજુબ થઈ ગયા ! મહારાજ રાયણ નીચે આવ્યા ત્યારે તખા પગીએ કહ્યું : "મહારાજ ! ખરો પ્રતાપ બતાવ્યો."

(શ્રીહરિકૃષ્ણચરિત્રામૃતસાગર : ૭૨/૩)

## ધરમપુરના કુંવર વિજયદેવની અશ્વકળાથી પ્રસન્ન થયેલા માણીગર શ્રીહરિ :

સં. ૧૮૭૨માં કુશળકુંવરબાના આમંત્રણથી **ભગવાન શ્રીહરિ** વસંતોત્સવ કરવા **ધરમપુર** પધાર્યા. કુશળકુંવરબા તથા કુમાર વિજયદેવે મહારાજનું ભવ્ય સવારી સાથે સ્વાગતપૂજન કર્યું. પછી બીજે દિવસે સાંજે કુંવર વિજયદેવ મહારાજ માટે અશ્વ લઈ આવ્યા. મહારાજે નાજા જોગિયાને કહ્યું : "તમે ઘોડા ઉપર ચડીને પછી અમને કહો કે ઘોડો અમારે બેસવા લાયક છે કે નહીં."

નાજા ભક્ત મહારાજની આજ્ઞા પાળી **ઘોડા પર** ચઢ્યા. થોડે દૂર ફરીને આવ્યા પછી મહારાજને કહ્યું : "મહારાજ ! ઘોડો છે તો જાતવાન, પણ થોડો માંદો છે."

ભગવાન શ્રીહરિએ ઘોડાની પાસે આવી તેની પીઠ થાબડી. આ દિવ્ય સ્પર્શથી ઘોડો હણહણ્યો. તેની કેશવાળી હલી. કાનસૂરી સ્થિર થઈ ગઈ. મહારાજે કહ્યું : "ઘોડો ખરેખર જાતવાન છે, બીજા પ્રસંગે સ્વારી કરીશું."

પછી ધરમપુર શહેરમાં મહારાજની **શોભાયાત્રા** કાઢી. પછી સવારી હનુમાનજીના મંદિર પાસે આવી. હાથી ઝૂક્યો ને મહારાજ ધીરેથી ઊતર્યા. મંદિર સામેના વિશાળ પટાંગણમાં વિશાળ મેદની શાંતિપૂર્વક મહારાજના દર્શન કરતી બેસી ગઈ. ભગવાન શ્રીહરિને રીઝવવા કુમાર વિજયદેવે પોતાનો **અશ્વ** મંગાવ્યો.

'પ્રભુને કરવાને પ્રસન્ન, ધાર્યું રાજસુતે નિજ મન;
કલા અશ્વ ખેલવવાની જાણે, એને અસ્વાર સર્વે વખાણે.
મહારાજને ખૂબ રિઝાવા, માગ્યો પોતાનો અશ્વ ખેલાવા;
અશ્વ લૈ એક રાવત આવ્યો, ભાળી અશ્વ તે સર્વને ભાવ્યો.'

(શ્રીહરિલીલામૃત : ૭/૫૪)

રાવત અશ્વ લઈને આવ્યો. રાજ્યની ઘોડશાળમાંથી આવેલો જાતવાન અશ્વ જોઈને કાઠી અસવારો તાજુબ થઈ ગયા ! કુંવરે એક પળમાં અશ્વ ઉપર સવારી કરી અશ્વને દોડાવ્યો. અનેક ચાલમાં ચલાવ્યો. દોડતા અશ્વે કુંવરે બંદૂક ફોડી નિશાન પાડ્યું. પછી બીજો અશ્વ મંગાવ્યો. બંને અશ્વને સાથે દોડાવી, બંને ઉપર એક એક પગ સ્થિર કરીને કુંવરે

બંદૂક ફોડી બીજું નિશાન પાડ્યું. મહારાજ કુંવરનું ચાતુર્ય જોઈ પ્રસન્ન થઈ ગયા. રાજમાતા સામે સ્મિતભરી દૃષ્ટિ ફેંકી. તેમણે હાથ જોડી કહ્યું : "પ્રભુ ! આ આપનો **પ્રતાપ** છે."

કુંવરની ચતુરાઈની મહારાજે પ્રશંસા કરી, આશીર્વાદ આપ્યા. ત્યાં એકત્રિત થયેલી મેદનીને પણ દર્શનનું સુખ આપ્યું. પછી મહારાજ હાથી ઉપર બિરાજમાન થઈને રાજ્ય દરબારમાં પધાર્યા.

'ક્ષત્રિપુત્ર તમે ધન્ય ધન્ય, તમ જેવા જોયા નથી અન્ય;
રીઝયા કૃષ્ણ કહી વેણ એમ, રીઝે મોટા તપસ્વીને જેમ.'

(શ્રીહરિલીલામૃત : ૭/૫૪)

## ભગવાન શ્રીહરિએ તળાવને કાંઠે બેઠા થકા ઘોડી અને નાથા સુતારને બહાર કાઢ્યાં :

એકવખત **ભગવાન શ્રીહરિ** માનકૂવા પધારી નાથા સુતારને ઘેર ઉતર્યા હતા. ભગવાન શ્રીહરિ હંમેશાં નાથાને ઘેર ભોજન કરતા. ભોજનમાં મરચાંનો અર્ધાશેરનો ગોળો નિત્ય જમતા. પછી એકદિવસ ભગવાન શ્રીહરિએ ચાલવાની ઈચ્છા કરી ત્યારે નાથા સુતારની માએ કહ્યું : "હે મહારાજ ! આ નાથાને તમો ઘોડા સાથે લઈ જાઓ, તે રામપુરથી ઘોડું લઈને પાછો આવશે." ત્યાંથી ભગવાન શ્રીહરિ ઘોડે બેસીને ચાલ્યા. નાથો પણ સાથે હતો. અને રસ્તામાં ભગવાન શ્રીહરિ નાથાને ઈશ્વરની વાતો કરતા કરતા માર્ગમાં ચાલ્યા. ત્યારે નાથો કહે : "હે મહારાજ ! તમો ભગવાન છો ?" ત્યારે મહારાજ કહે : "હું ભગવાન નથી, અમે તો સંત છીએ." એમ સંવાદ કરતા કરતા ગામ **વંગડીયા** (રામપુર વેકરાથી માનકૂવા તરફ ૩ કી.મી. દૂર) ગયા.

ત્યાં તળાવને કાંઠે સતીની દેરી ઉપર ભગવાન શ્રીહરિ બિરાજમાન થયા ને નાથાને કહ્યું : "ઘોડીને પાણી પાઈ આવો." ત્યારે નાથો ઘોડી ઉપર બેસીને પાણી પાવા ગયો. તળાવમાં ખામણું હતું તેમાં ઘોડી સહિત નાથો પડી ગયો. અને ચોતરફ પાણી ફરી વળ્યું. ત્યારે શ્રીજીમહારાજે પોતે બેઠા હતા ત્યાંથી હાથ લાંબો કરીને ઘોડીને પેટ હેઠે હાથ રાખીને ઘોડી સહિત નાથાને પાણીથી બહાર કાઢ્યો. ત્યારે નાથો ઘોડી બાંધીને સરક હાથમાં લઈને અને સરકને ચોવડી કરીને ભગવાન શ્રીહરિ પાસે આવીને કહે : "હે મહારાજ ! તમે કહેતા હતા કે, હું ભગવાન નથી, પણ તમે જ છત્રી ઉપરથી હાથ લાંબો કરીને ઘોડી સહિત મને પાણીથી બહાર કાઢ્યો. જેમ રામચંદ્રજી ભગવાન રોટલો જમતા હતા, તે વખતે તેમના હાથમાંથી કાગભૂશંડી રોટલો લઈને ચાલ્યા, તેને કેડે રામચંદ્રજી ભગવાને હાથ લાંબો કર્યો ને બ્રહ્માંડને વિષે કાગભૂશંડીને ફેરવ્યા. તેવી જ રીતે તમે હાથ લાંબો કરીને મને તળાવમાંથી બહાર કાઢ્યો. માટે કહો, હું ભગવાન છું. નહિ તો હું આ સરકેથી મારુ છું." ત્યારે ભગવાન શ્રીહરિ કહે : "મારીશ માં, હું ભગવાન છું." ત્યારે નાથાએ કહ્યું : "શાસ્ત્રમાં ચૌદ રત્નો છે માર **પંદરમું રત્ન** છે. તે જુઓને ! પહેલા ભગવાન નોતા કહેતા, પણ હવે કહેવું પડ્યું ને !"

(શ્રી પુરુષોત્તમલીલામૃતસુખસાગર : અધ્યાય-૬ તથા શ્રીહરિચરિત્રચિંતામણી : ભાગ-૩, વાત નં. ૪૧૯ના આધારે...)



### અમદાવાદમાં રોઝા ઘોડાનું કલ્યાણ કર્યું :

એકવખત શ્રીજીમહારાજ **અમદાવાદ** પધાર્યા હતા અને ભદ્રકાળી પાસે નીકળ્યા. તે સમે ભદ્રકાળીમાં રોઝો ઘોડો બાંધ્યો હતો તે હણહણ્યો, એટલે મહારાજે તેનો શબ્દ સાંભળ્યો. પછી મહારાજ કહે : "આ રોઝો ઘોડો હણહણ્યો, માટે ચાલો ત્યાં જઈએ." પછી મહારાજ ભદ્રકાળીમાં પધાર્યા અને સખા સહિત રોઝા ઘોડા પાસે ગયા. પછી મહારાજે તેના ચાબુક (ઘોડાગાડી હાંકનાર)ને કહ્યું જે, "આ ઘોડાની પછાડી (ઘોડાનાં પાછલા પગે બાંધવાનું દોરડું) છોડી નાંખ, આંખના ડાબલાં પણ છોડી નાંખ." પછી ચાબુક બોલ્યો જે, "મહારાજ ! આવો હાથી જેવડો ઘોડો છે, તેની પછાડી છોડાય નહીં. કેમ કે, કોઈકનું નુકસાન કરે."

ત્યારે મહારાજ કહે, "નુકસાન કરે તે અમારે માથે."

ભગવાન શ્રીહરિની આ વખતે એવી સુવાસ ફેલાયેલી હતી કે હિન્દુઓ બધા ભગવાન ગણતા ને મુસલમાન ઓલિયા કહેતા. મોટા મોટા અંગ્રેજના અધિકારી પણ નમતા. અંગ્રેજના સાહેબ પણ મહારાજના પગે પડતા. એટલે મહારાજે કહ્યું એટલે તરત જ ચાબુકે ઘોડો છોડ્યો. મહારાજ ઘોડા પાસે ઊભા રહ્યા. તેની આંખોના ડાબલા છોડ્યા, તેની આંખોમાં આંખ મેળવી. ત્યાં તો ઘોડાની આંખેથી ચોધાર ટપક ટપક આંસુની ધાર વહેવા લાગી.

શ્રીજીમહારાજે તેના દેહ પર હાથ ફેરવ્યો ને બોલ્યા : "હવે તારું દુ:ખ મટ્યું. તું સત્સંગમાં જન્મ લેજે ને ભગવાન ભજજે !" એમ કહી મહારાજ ચાલતા થયા અને બ્રહ્મચારીને કહ્યું : "હવે એ ઘોડો ઝાઝું નહીં રહે. એનો જીવ આ દેહથી કંટાળી ગયો છે, તે અમારા દર્શન કરી તૃપ્ત થયો. અમે તેને મુક્તિ આપી છે."

ભગવાન શ્રીહરિ થોડે દૂર ગયા ને ચાબુક ઘોડાથી છેટે હતો. ત્યારે ધડિંગ કરતી ઘોડાની કાયા ધરતી માથે પટકાઈ પડી. ધરતી ધ્રૂજી ઊઠી. ચાબુક પાસે પહોંચ્યો ને જોયું તો ઘોડાનો જીવ ચાલ્યો ગયો હતો.

(શ્રી અક્ષરાનંદ સ્વામીની વાતો : ૪૧૩ના આધારે...)

### માણીગર માવે ઘોડીઓ દોડાવી :

સારંગપુરમાં **ભગવાન શ્રીહરિ** બાવળિયા નીચે સભા કરીને બિરાજમાન હતા અને વાઘાખાચરને તથા ભગા ધાધલને મહારાજે કહ્યું જે, "તમે બંને જણા ઘોડાં દોડાવા અને જોઈએ, કોની ઘોડી મોર થાય છે !" પછી બંને જણે ઘોડાં દોડાવ્યાં. તેમાં વાઘાખાચરની ઘોડી મોર થઈ. ત્યારે મહારાજ બોલ્યા જે, "ભગા ! તારી ઘોડી પાછળ રહી ગઈ !"

ત્યારે ભગો કહે, "ના મહારાજ ! કાંટાની ભાશ (વૃક્ષોનું ઝુંડ) આવી, તેથી પાછળ રહી ગઈ." ત્યારે મહારાજ કહે, "ફેર દોડાવો." પછી બંને જણે ફેર દોડાવ્યાં, તોપણ ભગા ધાધલની ઘોડી પાછળ રહી ગઈ. ત્યારે મહારાજ કહે, "ભગા ! તારી ઘોડી પાછળ રહી ગઈ !" ત્યારે ભગો કહે, "એ તો તેતર ઊડ્યું તેથી ઘોડી ભડકી, તેથી પાછળ રહી ગઈ." મહારાજ કહે, "ભગો માની છે તે હા પાડતો નથી."

(શ્રી અક્ષરાનંદ સ્વામીની વાતો : ૪૯૪)

### ભગવાન શ્રીહરિએ ગઢપુરમાં ઘોડા દોડાવ્યા :

એકવખત **શ્રીજીમહારાજ** ગઢપુરમાં દશરા પૂજવા પધાર્યા હતા. સર્વે અશ્વારે ઘોડાં દોડાવ્યાં ત્યારે **જીવાખાચર** પોતાની ઘોડીને મહારાજની ઘોડીથી આગળ કરવા મંડ્યા. અને ઘોડી કાનસૂરીવાર મોર થઈ એટલે સચ્ચિદાનંદ સ્વામી સમાધિ કરીને પહોંચ્યા, તે જીવાખાચરને ઘોડીએથી પાડી નાખ્યા. (સ.ગુ. શ્રી નિર્ગુણદાસ સ્વામીની વાતો : નં. ૩૬૦)

પછી દશેરાનો દિવસ આવ્યો, ત્યારે **સોમલાખાચર** બોલ્યા જે, "હે મહારાજ ! આજ તો દશેરાનો દિવસ છે. વાસ્તે સારાં સારાં વસ્ત્ર તથા ઘરેણાં પહેરો તો બહુ સારું." ત્યારે પોતાના એકાંતિક ભક્તને રાજી કરવા સારુ લાડુબાએ મોકલ્યો એવો જે સુરવાળ તથા કિનખાપની ડગલી તેને પોતે પહેર્યાં. મસ્તકને વિશે ભારે રેંટો ધારણ કર્યો, ને કેડને વિશે આસમાની રંગનો રેંટો બાંધ્યો, ને હસ્તકમળને વિશે નંગજડિત સોનાનાં કડાં તથા સાંકળાં ધારણ કર્યાં, ને કંઠને વિશે મોતીની માળા ને સોનાની ઊતરી પહેરી, ને મસ્તકને વિશે કલંગી ધારણ કરી, ને ચરણકમળને વિશે સોનાનો તોડો ધારણ કર્યો.

એવા સમયમાં માણકી ઘોડીને શણગારીને શ્રીજીમહારાજ પાસે **નાજા જોગિયા** લાવ્યા. પછી તે ઉપર પોતે અસવાર થયા ને સોમલા ખાચર, સુરાખાચર તથા દાદાખાચર આદિક પોતાના પાર્ષદ તેણે વીંટાણા થકા ગાજતેવાજતે ગામથી બાહેર નીસર્યા. અને જીવાખાચર પણ પોતાના અસવારે સહિત મહારાજ ભેળા નીસર્યા. પછી ગામથી આથમણી તરફ નારાયણ ધરાને સમીપે પોતે **માણકી ઘોડી** ફેરવી. તેને જોઈને સર્વે અસવાર એમ બોલ્યા જે, "આવી ઘોડી કોઈને ફેરવતાં આવડે નહીં." પછી મહારાજની આજ્ઞાથી સર્વે પોતપોતાના ઘોડા ફેરવતા હવા.

પછી રામાખાચરે દાદાખાચરને કહ્યું જે, "આપણે બે બેલડીએ દોડીએ." ત્યારે ઘેલા ધાધલે કહ્યું જે, "દાદાખાચર તો ભક્તરાજ છે. હું ને તું બે બેલડીએ દોડીએ." ત્યારે રામાખાચરે કહ્યું જે, "મામા ! તારા સાથે તો નહિ દોડું."

ત્યારે શ્રીજીમહારાજ હસ્યા ને રામાખાચર ઘોડેથી પડી ગયા.

(સ.ગુ. શ્રી ભૂમાનંદ સ્વામી કૃત શ્રીહરિલીલામૃત : સં. ૧૮૭૬ની લીલા)

...પછી સરખી ભૂમિ જોઈને તે સ્થળને વિશે **શ્રીજીમહારાજ** ઊભા રહીને એમ બોલ્યા જે, "આ ઠેકાણે સર્વે ઘોડા દોડાવી દેખાડો." તે ઉત્તમ નરેશ ને સોમલા ખાચર, એ બેઉ જણે જોડે દોડાવ્યા. તે કેશર ઘોડી ઉપર દાદાખાચર ચડ્યા હતા, તે મોરે નીકળ્યા. પછી ઘેલો ધાધલ ને નાજા જોગિયા જોડ કરીને દોડતા હવા. તે ઘેલા ધાધલની તાજણ ઘોડી મોરે નીકળી હતી. તે સમે એકબીજાની ઘણી જોડીઓ કરી કરીને ઘોડાં દોડાવ્યાં. તેમ તે સમે શ્રીજીમહારાજ ઉત્તર મુખે ઘોડી ઉપર બિરાજતા થકા ઘણાક અશ્વને અસ્વાર દોડાવતા હતા, તેને જોતા હતા. પછી પોતે એમ બોલ્યા જે, "શાબાશ છે! ભલા દોડાવ્યા!"

તેમ કહીને પછી ઠાકોર ઝીણાભાઈને શ્રીજીમહારાજે એમ કહ્યું જે, "તમ પાસે રેડી ઘોડી (એક જાતની કાઠિયાવાડી ઘોડી) ઘણી ચંચળ ને શીઘ્ર દોડનારી છે. તે જીરણગઢના નવાબના ઘણાક ઘોડાની સાથે દોડવી હતી, ત્યારે તે સર્વેથી મોરે નીકળી હતી." તેથી ઘોડી તથા તેના અસ્વારના મનમાં એમ હતું જે, આવી શીઘ્ર દોડનારી ઘોડી કોઈ નથી. તેમ તે સમે તેનું માન ઉતારવા સારુ રમૂજ કરતાં થકાં શ્રીજીમહારાજે એમ કહ્યું જે, "હે હેમંતસિંહજી ! તમારી ઘોડીએ ઘણા ઘોડાની લાજ લીધી છે. અમે આ ઘોડી માણકી તે બારસોની લીધી છે, તે હવે તમારી ને અમારી ઘોડીઓ બેઉને દોડવવી જોઈએ જે, કોણ મોરે નીકળે છે ?" ત્યારે તે સમે તેણે એમ કહ્યું જે, "હે મહારાજ ! તમ જેવા અસ્વાર જે ઘોડી ઉપર બિરાજો છો ને, તે જ ઘોડી તે સર્વોપરી કહેવાય. તે ઘોડીથી મોરે થાવાનો કોણ સમર્થ છે ?" તેમ તે હેંમતસિંહજી બોલ્યા.

ત્યારે શ્રીજીમહારાજે તેને એમ કહ્યું જે, "તેનો કાંઈ મેળ નહીં, કોણ જાણે કોણ મોરે નીકળશે !?" એમ કહીને શ્રીજીમહારાજ હેમંતસિંહજી પ્રત્યે બોલ્યા જે, "તમે તમારી ઘોડીને હાંક્યામાં કસર રાખશો નહીં." તેમ કહીને શ્રીજીમહારાજે ને તે બેઉ અસ્વાર તૈયાર થઈને ઉત્તરમુખે દોડ્યા.

તે સમે શ્રીજીમહારાજે તેને કહ્યું જે, "હાં... તમે દોડાવજો...!" ને તેમ તેની ઘોડીને મહારાજે મોરે નીકળવા દઈને પછી તેને શ્રીજીમહારાજ પડકારતા હવા, "હાં દોડાવો...!" તેમ કહીને વાંસેથી પોતાની ઘોડીને હાંકીને તતકાળ તેની મોરે થઈ ગયા. ત્યારે તે સમે શ્રીજીમહારાજે એમ કહ્યું જે, "લ્યો ફેર દોડાવીએ." ત્યારે ઠાકોર ઝીણાભાઈએ એમ કહ્યું જે, "હે મહારાજ ! આ સર્વે માણસ દેખતાં મારી ઘોડી વાંસે રહી છે ને તમારી ઘોડી મોરે નીકળી ગઈ છે. તેથી એકવાર તો તેની લાજ ગઈ કેવાય, ને વળી બીજીવાર લાજ ખોવરાવવી છે ?"

ત્યારે તેને શ્રીજીમહારાજે એમ કહ્યું જે, "તે ઘોડીનો જીવ અતિ અહંકારી છે. તેથી તેનો અહંકાર ઉતારવા આ અમારી ઘોડી ને તે ઉપર અમ જેવા અસ્વાર, તે જ સમર્થ છે પણ બીજો કોઈ નથી. ને તે ઘોડીએ ઘણાંક ઘોડાંનાં પાનવાં પાડ્યાં છે, (પાણી ઉતાર્યું છે), તેને તેનું ઘણુંક માન ચડ્યું છે. તેને ઉતારવા સારુ અમે સાત વાર તે ઘોડીની સાથે અમારી ઘોડીને દોડવશું તે ઘોડી ને તેના અસ્વારને જો માન હશે તો હરશું ખરા." તેમ કહીને પછી શ્રીજીમહારાજે સાત વાર તેની સાથે દોડાવી. અને મોરે નીકળીને તેના માનને મથ્યું.

(પ.ભ. શાસ્ત્રી લક્ષ્મીરામ કૃત લીલાચિંતામણિ : પ્ર. ૪૬)

### ધરમપુરમાં મહારાજની આજ્ઞાથી નાજા જોગિયાએ ઘોડાને ફેરવ્યો :

ધરમપુર સભામાં ઘોડાની વાત નીકળી. ત્યારે દરબારની ઘોડશાળના ઉપરી **રાવત** બોલ્યા જે, "અમારા ઘોડશાળમાં એક ઘોડો છે તે કોઈને ટકવા દેતો નથી." ત્યારે **મહારાજ** કહે, "આ નાજો જોગિયો છે તે સૂઝે તેવું લાડકું ઘોડું હોય તેને પણ ફેરવી શકે છે." ત્યારે રાવત ઘોડો તૈયાર કરી આવ્યા. ત્યારે નાજો કહે, "હે મહારાજ ! આ ઘોડો તો મને પીડશે." ત્યારે મહારાજ કહે, "અમે હા પાડી અને હવે ના પાડીએ તો કાઠિયાવાડની આબરૂ જાય. માટે તમે ઘોડો ફેરવો અને ઘોડો હાથ ન રહે ત્યારે તમે મારા સામું જોજો અમે તમને પડવા દઈશું નહીં." પછી નાજા જોગિયા અસવાર થયા અને ચાર-પાંચ પાટિયું લેવડાવી. ત્યાં તો ઘોડો ઝાડ થવા લાગ્યો. નાજો જોગિયો મૂંઝાયો. તેણે મહારાજ સામું જોયું. મહારાજે હાથમાં રૂમાલ લઈને માથા ઉપર ફેરવ્યો. ત્યારે નાજાએ સમજીને ઘોડાને કુંડાળે નાખ્યો અને ખૂબ ફેરવ્યો. પછી ઘોડો નરમ થયો. નાજા જોગિયા મહારાજને કહે, "મહારાજ ! તમે મને જીવતો રાખ્યો નહીંતર જરૂર ઘોડો પાડત."

(સ.ગુ. શ્રી પ્રસાદાનંદ સ્વામીની વાતો : નં. ૨૭)

### ભગવાન શ્રીહરિએ ઘોડીનો ઉદ્ધાર કર્યો :

સુમાબાઈના ઓરડા સામી **ઘોડશાળ** હતી. ત્યાં **માણકી ઘોડી** (શ્રીજીમહારાજની માણકી નહિ, માણકી નામની બીજી ઘોડી) બંધાતી. તેને એક સમે પેટમાં રોગથી અતિ પીડા થઈને મરી જાવાનો વખત આવ્યો. પછી મૂળો કરીને ભગત માણકીની સેવામાં હતો. તેણે આવીને મહારાજને કહ્યું કે, "મહારાજ ! ઘોડી મરી જાય છે." તેવું

સાંભળી મહારાજ સંતોને લઈને તરત ત્યાં ગયા.

પછી મહારાજે પોતે પાણી પીને તે પ્રસાદીનું પાણી માણકી ઘોડીને પાયું. ને ઘોડી પડી હતી એટલે ઘોડીને માથે પગ મૂક્યો, તેથી ઘોડીએ આંખ ઉઘાડી. પાછી આંખ મીંચી ગઈ એટલે તેનો દેહ છૂટી ગયો. પછી કેટલેક જણે એ ઘોડીને ચતુર્ભુજરૂપે દિવ્ય દેહે ભાળી, ને કેટલેક જણે ગરુડરૂપે ભાળી. એ રીતે પ્રત્યક્ષ હજારો જણ ભાળે તેમ મહારાજે **અદ્‌ભુત ચરિત્ર** કર્યું. તે જોઈ સર્વે વિસ્મિત થઈ ગયા.

(સ.ગુ. શ્રી પરમચૈતન્યાનંદ સ્વામી કૃત
શ્રીજીમહારાજના ચરિત્રો (ગઢપુરની લીલા) : નં. ૧૮)

### સૂર્યના સપ્તમુખી ઘોડાએ અવતાર ધર્યો :

ઉગમણા બારના ઓરડાથી દક્ષણાદી બાજુના એ રસોડાથી દક્ષણાદી કોરે **ઘોડશાળ** હતી. તેમાં ઘોડા બાંધતા હતા. તેમાં એક માણકી ઘોડીએ ઠાણ દીધું. (વિયાણી) તેમાં એક ઘોડો આવ્યો. તે ઘોડાનો રંગ મોરની ડોકના જેવો હતો અને તે ઘોડો બહુ રૂપાળો ને બહુ ચંચળ ને ચાલાક હતો. પછી પૂર્વદેશના સોદાગર આવ્યા ને તે ઘોડાને જોયો. ને ઉત્તમરાજા પાસે ત્રણ હજાર રૂપિયે માગી લેવા ઠર્યો.

પછી મહારાજ પોઢ્યા હતા. તે ઊઠીને ઘોડશાળમાં આવ્યા. અને ઉત્તમરાજાને બોલાવ્યા અને કહ્યુ કે, "ઘોડો વેચો છો કે?" ત્યારે તે કહે, "હા મહારાજ, તમને પૂછવાની વાટ છે." ત્યારે **મહારાજ** કહે, "આ ઘોડાને વેચવાનો નથી. એ તો સૂરજનારાયણના સપ્તાસ (સાત મુખી) ઘોડાએ અવતાર લીધો છે. અને એ ઘોડા ઉપર અમે ચડીએ એટલા સારુ અહીં જનમ ધર્યો છે. અને તે ઘોડો અમે અસવારી કર્યા પછી થોડા જ દિવસ જીવશે. આંહીં જે જીવ આવે છે, તે તમામ મુક્ત જ હોય છે. એને અવતાર લેવાનું એટલું જ કારણ છે જે, અમારું દર્શન, સ્પર્શ ને પ્રસાદ એ ગ્રહણ કરવા સારુ આંહીં પ્રગટ થાય છે. માટે આ ઘોડો વેચવો નહિ." એમ મહારાજ શ્રીમુખે બોલ્યા.

તે સાંભળી **ઉત્તમરાજા** કહે, "બહુ સારું મહારાજ !" પછી મહારાજ અક્ષરઓરડીએ પધાર્યા. ને એ માણકિયો ઘોડો ઉત્તમરાજાને સપ્તાસ ઘોડારૂપે દેખાણો. તે આશ્ચર્ય જોઈ ઘણા વિસ્મય પામ્યા અને પોતે ધન્ય ધન્ય માની મહારાજનો મોટો મહિમા જાણતા હવા.

દાદાના દરબારમાં ઘોડાની ખરીદી માટે ઘોડા જોવા આવેલો સોદાગર જાતે મુસલમાન હતો. તે ઘોડો જોવા સારુ ઘોડશાળમાં ગયો ને ઘોડો જોઈ મહારાજની મુલાકાત કરવા ઘોડશાળની ઓસરીએ બેઠો. ને મહારાજ ત્યાં પધાર્યા અને ખુરશી ઉપર બેઠા. એ મુસલમાનનું નામ **પીર મહમદ** એવે નામે કરીને હતું. પછી તેણે મહારાજને સલામ કરી. ને મહારાજે તેના ખબર પૂછ્યા એટલે તેણે સમાચાર આપ્યા.

પછી તેણે ઘોડશાળ સામું જોયું ત્યાં તો તેજ ભાળ્યું અને તેજમાં સપ્તમુખો ઘોડો ભાળ્યો. ને એ ઘોડાને ફરતા ચોવીશ પેગમ્બરો ભાળ્યા. ને તે ઘોડા ઉપર એક સિંહાસન ભાળ્યું અને તે સિંહાસન ઉપર મહારાજને ભાળ્યા. તે જોઈ ઘણું આશ્ચર્ય પામ્યો. અને હજાર રૂપિયા મહારાજને ચરણે મૂક્યા ને પોતે પીર મહમદ સંસારનો ત્યાગ કરી ત્યાગી થયો ને તેના ભત્રીજાને સર્વે સરસામાન સોંપી વિદાય કર્યો. તે થોડા દિવસમાં ભગવાનના સ્વરૂપનું જ્ઞાન પામી ભગવાનના ધામમાં ગયો.

એકવખત મહારાજ ઘોડશાળના ફળીમાં આવી એ સપ્તાસ માણકિયા ઘોડાને ઉપર ચડી ફેરવ્યો અને પોતે ઘણા રાજી થયા ને પ્રસાદીનો જમેલ લાડવો તેને ખવરાવ્યો. ને પંદર દિવસ સુધી એ ઘોડાને એ જ ફળિયામાં ફેરવ્યો અને હંમેશા બે લાડવા આપે.

પછી એક દિવસ ઘોડાની ચાકરી કરવાવાળો **રાઠોડ ધાધલ** મહારાજ પાસે આવી કહે જે, "એ ઘોડો આજે માંદો છે." એવું સાંભળી મહારાજ ઘોડશાળની ઓસરીએ આવ્યા ને જુએ તો એ ઘોડાને પેટમાં પીડા થઈ હતી. તેથી પ્રસાદીનું પાણી કરી તાંસળીમાં ભરીને પાયું એટલે પાણી પીતા વેંત ઘોડો નીચે પડ્યો ને મરી ગયો. ને બધાય માણસ જુએ છે તેટલામાં એ ઘોડાના મોઢામાંથી તેજનો અંબાર નીકળ્યો, તે આકાશ માર્ગે ચાલ્યો ગયો. એમ ચાલીશ વ્યક્તિઓએ નજરે ભાળ્યું. એવી રીતે એ ઘોડો દેહત્યાગ કર્યો અને ભગવાનના ધામમાં ગયો. તે જોઈ હજારો માણસ ઘણું આશ્ચર્ય પામ્યા.

(સ.ગુ. શ્રી પરમચૈતન્યાનંદ સ્વામી કૃત
શ્રીજીમહારાજના ચરિત્રો (ગઢપુરની લીલા) : નં. ૯૧-૯૨-૯૩)

### ભગવાન શ્રીહરિએ ઘોડાની કિંમતના એક હજારના દસ હજાર અપાવ્યાં :

એકવખત **મહારાજ** દાદાખાચરના દરબારમાં લીંબડાના ઓટાથી ઉગમણી કોર ફળીમાં હતા ને ત્યાં એક મુસલમાન **સોદાગર** આવ્યો. તે વખત મહારાજે તેને **તાજણ ઘોડી** ફેરવી બતાવી. તે જોઈને તે ચકિત થઈ ગયો. ને પછી મહારાજને એક હજાર રૂપિયાની વીંટી હાથમાં પેરાવી ને મહારાજનો આશ્રિત થયો. ને તેણે તેજના અંબારમાં મહારાજને ભાળ્યા. ત્યારે તે કહે જે, "મહારાજ ! તમે તો સાક્ષાત્ અલ્લા છો." એમ કહી એણે એ ઘોડી દસ હજાર રૂપિયે માંગી, પણ મહારાજે ત્યારે ના પાડી. એ મુસલમાનનું નામ **અલીમહંમદ** કરીને હતું.

એકવખત સાંજના સમયે મહારાજ લીંબડાથી ઉગમણા

ફળીમાં ગઢપુરને વિશે વિરાજમાન હતા. ને સંધ્યા આરતી ને ધૂન કરી રહ્યા પછી જીવા ખાચરને તેડીને એ અલીમહંમદ મહારાજ પાસે આવ્યો, અને કહે જે, "મારે સમાધિ જોવી છે." પછી મહારાજે પે'લા તો ના પાડી. ત્યારપછી મહારાજે સચ્ચિદાનંદસ્વામીને બોલાવ્યા, ને સમાધિ કરાવીને શરીર ઉપર અંગારા મૂક્યા. પછી એ અલીમહંમદ કહે જે, "આવું તો ફકીરુમાં પણ ભાળેલું છે." પછી મહારાજે સોટી અડાડી એટલે સચ્ચિદાનંદ સ્વામી ઊઠ્યા.

અને અલીમહંમદ સાથે મહારાજે મુસલમાની અરબી બોલીમાં એકથી તે ચોવીશ પયગંબર જે જે મુલકમાં થયેલ તે તે મુલકની ભાષાઓથી એ અલીમહંમદ સાથે વાતો કરી. ને ચોવીશ કલમા (કુરાનના મંત્રો) પઢી દેખાડ્યા. પછી તે મહારાજના ચરણમાં પડી પગે લાગ્યો, ને બેઠો થવા ગયો એટલામાં એને સમાધિ થઈ. અને ચોવીશે પેગંબર દેખ્યા, ને તેણે મહારાજને તેજ પીંજરમાં દેખ્યા, ને ભીસ્ત (ભગવાનનું ધામ) દેખ્યું, ને ચોવીશ પેગંબર મહારાજના ચરણારવિંદમાં પ્રવેશ કરી ગયા, તેવું ભાળ્યું. પછી તેણે માંસ ખાવું હરામ કર્યું ને મહારાજને શરણે થયો.

એને ઉત્તમરાજા પાસેથી એક માણકિયો ઘોડો ભારે કિંમતનો અપાવ્યો. તેણે ઘોડાની કિંમતના રૂપમાં એક હજાર રૂપિયા ઉત્તમ નૃપને આપ્યા. અને તે વખતે અલીમહંમદ બોલ્યો કે, "એક ઘણું દાન ને સહસ્ર ઘણું પુણ્ય." પછી મહારાજ બોલ્યા કે, "એક હજારના દસ હજાર મળશે." પછી તે ઘોડો લઈને સોદાગર ગયો, પણ મહારાજનું એ વચન તે સત્ય થયું. ને થોડાક દિવસમાં સમાચાર આવ્યા કે, એ ઘોડો ગ્વાલિયરના મહારાજાને ભેટ મૂક્યો. તે ઘોડાના દસ હજાર રૂપિયા અને એક ગામ તેને ભેટ મળ્યું. પછી તેણે એક કિંમતી **મોતીની માળા** મહારાજને **ભેટ** મોકલી આપી અને મહારાજનો દૃઢ આશ્રિત થયો. આ રીતે મહારાજે તેનો ઉદ્ધાર કર્યો હતો.

(સ.ગુ. શ્રી પરમચૈતન્યાનંદ સ્વામી કૃત
શ્રીજીમહારાજના ચરિત્રો (ગઢપુરની લીલા) : નં. ૧૧૨-૧૧૩)

### ભગવાન શ્રીહરિએ ઘોડી-ઘોડાનો સ્વભાવ છોડાવ્યો :

એક દિવસ **શ્રીજીમહારાજ** દાદાખાચરના દરબારમાં વિરાજમાન હતા. તે સમયમાં સુરાખાચર ઘોડી લઈને આવ્યા ને મહારાજને કહ્યું જે, "આ ઘોડી તમારે ચડવા લાયક છે. વાસ્તે એને ફેરવીને પાંશરી (ડાહી) કરો."

ત્યારે મહારાજે ઘોડી ઉપર અસવાર થઈને વાવને માર્ગે ચાલ્યા, તે વોકળીને કાંઠે જઈને ઊભા રહ્યા. ત્યાંથી ઉગમણી તરફ હાંકી, તે અડતાળાના આડા માર્ગ સુધી ગયા. ત્યાંથી ઘ્રોડ કરીને પાછા વોકળીને કાંઠે આવ્યા, ને બોલ્યા જે, "મેં મારો દયાળુ સ્વભાવ મેલીને હાંકી, પણ ઘોડીએ સ્વભાવ મેલ્યો નહીં."

ત્યારે સુરાખાચરે કહ્યું જે, "માણસ એક દિવસમાં સ્વભાવ મેલતા નથી, તો આ તો ઘોડી છે !" ત્યારે પોતે હસતા થકા દરબારમાં પધાર્યા. એમ ઘણાક દિવસ ફેરવીને તેનો સ્વભાવ મેલાવીને પોતાની મરજી પ્રમાણે ચાલે એવી કરી.

ત્યારે સુરાખાચર બીજો ઘોડો લઈને આવ્યા ને મહારાજને કહ્યું જે, "આને ફેરવીને તમે સારો કરો." ત્યારે પોતે લક્ષ્મીવાડીએ પધાર્યા ને ઝાંપા આગળ ઊભા રહ્યા અને રાઠોડિયાને ઉપર ચડાવીને ફેરવવા માંડ્યો. ત્યારે વાળતી વખત ઊભો (ઝાડ) થયો. ત્યારે મહારાજે તેને ઢેફું માર્યું, તે ભેળે પાળે પણ ઢેફાં માર્યાં. ત્યારે રાઠોડિયે કહ્યું જે, "મને ઢેફાં વાગે છે." ત્યારે મહારાજે લીલા વાંસની સોટીઓ કપાવી. તેમાંથી એક પોતે લીધી ને જ્યારે ઘોડો ઊભો (ઝાડ) થાવા જાય ત્યારે મહારાજ તેને સોટી મારે. એમ કરીને તેનો સ્વભાવ મેલાવ્યો ને પાંશરો (સીધો-ડાહ્યો) કર્યો.

(સ.ગુ. શ્રી ભૂમાનંદ સ્વામી કૃત
શ્રીહરિલીલામૃત : સં. ૧૮૮૪ની લીલા)

### ભગવાન શ્રીહરિએ ઘોડેસ્વાર સખાઓ દ્વારા પંથ ચલાવ્યાની પ્રતીતિ કરાવી :

એકસમયને વિષે **શ્રીજીમહારાજ** વડતાલ જતા હતા. સાથે કાઠીઓ અને **બ્રહ્માનંદ સ્વામી** પણ હતા. માર્ગમાં એક સ્થાને આરામ કર્યો. ત્યાં જ એક બાવાએ બ્રહ્માનંદ સ્વામીના ઘોડાનું ચોકડું પકડ્યું અને કહે : "જીવનમુક્તિ ! ખડી રહો, ક્યું નયા પંથ ચલાયા ? કહાં ચલી જાતી હો ?" બ્રહ્માનંદ સ્વામી કહે : "બાવાજી ! મેં પંથ નથી ચલાયા. એ તો આ ઘોડા ઊભા એની પાસે ઓલ્યો છોગાવાળો છે, તેણે ચલાવ્યો છે. તે એનો વાંક છે. એને કહો."ત્યારે તે બાવો બ્રહ્માનંદ સ્વામીને પડ્યા મૂકીને તે મહારાજ પાસે આવ્યો. ઘોડાનું ચોકડું પકડી ઊભો રહ્યો. મહારાજ કહે : "પાછળ ઓલ્યા મોટા પાઘડાવાળા આવે છે તેણે પંથ ચલાવ્યો છે." બાવાએ સુરાખાચરની ઘોડીને ડોકે બથ ભરી અને કહે : "ક્યું પંથ ચલાયા હે ?" સુરાખાચર ઘોડાની સરક બેવડી કરી મારતા જાય ને કહે : "યું ચલાયા હે !" બાવાને ખૂબ માર્યો. તે રાડો પાડતો ભાગ્યો. મહારાજ કહે : "જુઓ, કેવા મૂર્ખ માણસો છે ! જ્ઞાનમાર્ગ તો ન સમજે પણ વ્યવહારમાર્ગ પણ ન સમજે. તે એ બાવે એટલોય વિચાર ન કર્યો જે આ ઝાઝા ઘોડાવાળા ઊભા છે, ત્યાં એકલો જઈને જરૂર ઘસારો પામીશ."

(શ્રીહરિચરિત્રચિંતામણી : ભાગ-૩, વાત નં. ૧૨૧)

## ભગવાન શ્રીહરિએ વછેરા (ઘોડા)નું દાન આપીને કલ્યાણ કર્યું :

ગઢપુરમાં દાદાખાચરના દરબારગઢમાં સાકર વહેંચાતી હતી. કારણ કે આજે નવસુંદરી ઘોડીએ ઠાણ દીધું હતું. વછેરો જન્મ્યો હતો. એનો ખજૂરના જેવો ચકચકતો વાન અને માથે ધોળું તલકું જોઈ કોઈ જોગન્દરે જન્મ લીધો હોય એવો દીસતો હતો. એનું નામ **'કનૈયો'** રાખવામાં આવ્યું. એ જેમ જેમ મોટો થતો ગયો તેમ તેમ એની વાતો ગઢડા પંથકમાં ને ગોહિલવાડ, ઝાલાવાડ, કાઠિયાવાડ ને ઠેઠ સોરઠ-કચ્છ સુધી ફેલાઈ ગઈ.

આંખને ઠારે એવું રૂપ-રંગ! ઊંચું કાઠું ને કદાવર બાંધો. અંજલિમાં પાણી ધર્યું હોય તો ટીપુંય ન છાંડે, બધું ચૂસી લિયે એવી તો એની મોકલી હતી, ખોબામાં સમાઈ જાય એવી!!

દાદાખાચર એ વછેરાની **માવજત** પણ ખૂબ કરતા. શ્રીજીમહારાજે **આજ્ઞા** કરી હતી કે આ કનૈયાને ખૂબ ખવડાવજો. કોઈ ખામી રાખશો નહિ. અઢી વરસમાં તો વછેરો ચાર-ચાર ગલરિયા (ઘોડા સાચવનાર માણસો)ને પણ ગાંઠે નહિ એવો થયો. કનૈયો ઝાડ થતો ત્યારે ગલરિયા એની ડોકે બાઝી પડતા.

દાદાખાચરના દરબારગઢમાં ઘોડાના સોદાગરો આવી આવી પાછા જતા. એક સોદાગરે ૧૭૦૦ રૂપિયામાં એને માંગ્યો. જે વખતે સોનું ૧૫ રૂપિયે તોલો મળતું ત્યારે આ ઘોડાની કિંમત મોં ફાટી જાય એવડી ગણાય. દાદાખાચરે મહારાજને કહ્યું : "વછેરો લેવા સોદાગર મોટી રકમ આપે છે, કેમ કરીશું?"

મહારાજ કહે : "એ તો અમારે સવારી કરવા રાખવો છે, વેચવો નથી."

દાદાખાચરે તો સર્વસ્વ સમર્પણ કર્યું હતું. ઘોડાને ભગવાન શ્રીહરિ સ્વયં અંગીકાર કરતા હોય તો એથી રૂડું શું હોઈ શકે!

પછી દશેરાના દિવસે ભગવાન શ્રીહરિએ વછેરાને સાબદો કરવા આજ્ઞા કરી. હજુ સુધી આ વછેરાની પીઠ ઉપર કોઈનાં બેસણાં થયા નહોતાં. કારણ કે, જે ભગવાન શ્રીહરિ માટે હોય તેના પર બીજા કેમ બેસે!

મહારાજે દાદાખાચરને કહ્યું : "વછેરાને બરાબર શણગારજો. શંખલાદિ સામાન નાખજો." દાદાખાચરે પણ વછેરાને શણગારવામાં કોઈ મણા રાખી નહિ.

વછેરાને ચારે પગે ઘૂઘરમાળ બાંધી મોં પર હીરગૂંથ્યો મોરડો મૂક્યો ને ડોકે ઝૂમણાં સાથે ફૂમતિયાળી ભાત પાડી. એની છાતી પર કોઈ જોગીની જટા જેવી ભૂરી ભૂરી કેશવાળી ઝૂલતી હતી. ધરતી પર પગ અડ્યા ન અડ્યા કરતો નટવાની જેમ ઠમકતો વછેરો ઘોડો આવ્યો. એની પીઠ પર શેવટી માંડી હતી, કાંધી નાંખી હતી. ગલરિયા એને માંડમાંડ દરબારગઢમાં લીંબવૃક્ષ સુધી આવ્યા.

માણીગર શ્રીહરિએ બોકાની વાળી લીધી, કમર કસીને બાંધી લીધી. મહારાજ વછેરા પાસે ગયા. તેણે મહારાજ સામે મીટ માંડીને જોયા કર્યું. વછેરાની આંખોમાંથી આંસુનાં બુંદ ખર્યાં. પૂર્વજન્મની ઓળખાણ હોય તેમ એ ભગવાન શ્રીહરિનું વહાલ જાણે ઝંખતો હતો. ભગવાન શ્રીહરિએ હીરની સરક હાથમાં ઝાલી વછેરાને વહાલ કર્યું. કાનસૂરીમાં આંગળી ફેરવી, કેશવાળી સંવારી, કદાવર વછેરો પણ ડાહ્યોડમરો થઈ ભગવાન શ્રીહરિના હેત ઝીલતો ઊભો રહ્યો. મહારાજે એનો તંગ ચકાસી લીધો. પછી પેંગડે પગ દઈ માણીગર માવ વછેરા પર બિરાજમાન થયા.

ઢોલ, ત્રાંસાં, મુરફા, શરણાઈઓ, રણશિંગીઓ, ભૂંગળ, ભેરી, રવાજ ને કાંસિયાં આદિક ઘણાંક વાજાં વાગ્યા. દશેરાની વિજયયાત્રા નીકળી. કાઠીઓની રાંગમાં ઘોડા હલફલ થતાં! સૌ લક્ષ્મીવાડીએ આવ્યા.

અહીં શ્રીજીમહારાજે વછેરાને કુંડાળે લીધો, ખૂબ દોડાવ્યો. જનમેદની આ જોઈને દંગ રહી ગઈ. અશ્વ અને અસવાર જાણે હવાની લહેરખી બની ગયા હતા! વીજળીની ગતિ પણ વામણી લાગે એવી ગતિ ઘોડાએ સાધી હતી! જોનાર સૌ 'વાહ...વાહ... અદ્‌ભુત..' પોકારી ગયા.

ભગવાન શ્રીહરિ ઘોડાને ફેરવતાં ફેરવતાં પરસેવે નીતરી રહ્યા, ને ઘોડોને પણ રેબઝેબ પરસેવો વળી ગયો. ગતિ થંભાવી માણીગર શ્રીહરિએ પેંગડું છાંડ્યું. ગલરિયાઓએ ઘોડાની રાંગ પકડી લીધી. બોકાની છોડી મહારાજે મુખારવિંદ પખાળ્યું. કમર છોડી વસ્ત્રો ઝાપટ્યાં. ઊંચા સિંહાસને બિરાજમાન થઈ મહારાજે દરબારોને હાથને લટકે ઘોડ-દોડની છૂટ કરી.

વંટોળિયાની જેમ પૂંછડાના ઝુંડ ઊંચકતા ઘોડાં કુંડાળે પડ્યાં. આ રમત ભગવાન શ્રીહરિ નીરખી રહ્યા. લોકો કહેવા લાગ્યા કે, "ભગવાન સ્વામિનારાયણે જે વછેરો કુદાવ્યો, ફેરવ્યો, રમાડ્યો અને દોડાવ્યો એની તોલે આ બધા ઘોડા ને ઘોડેસવાર વામણાં લાગે છે."

આ ઘોડ-દોડની રમત ચાલી રહી છે એવામાં 'ઘણી ખમ્મા! અન્નદાતા મહાપ્રભુની જય હો! શ્રીજીમહારાજની જય હો! સ્વામિનારાયણ ભગવાનની જય હો!' એવા અવાજ સાથે પાઘડી ઊતારી એક જાચક ચારણે લળી લળીને મહારાજને વંદન કર્યા.

બાજુમાં **દેવાંશી વછેરો** ઊભો હતો. લટકાળા ચારણની મટકાળી આંખો આ તેજીલા તોખાર પરથી ખસતી નહોતી.

ભગવાન શ્રીહરિ અંતર્યામીપણે એની મનશા જાણી ગયા ને તરત ઊભા થયા. ઘોડા પાસે ગયા. લગામ હાથમાં લીધી. શણગાર સહિત વછેરો તે ચારણને **કૃષ્ણાર્પણ** કરી દીધો !

'હં... હં...' કરતા હાજર હતા એ બધા દરબારો ઝટપટ ભેગા થઈ ગયા. પેંગડાં છાંડી મહારાજ પાસે આવી ગયા. દાદાખાચર તો હાથ જોડતાં ઊભા જ રહી ગયા. ઘોડા ખેલવતા હતા એ બધા તરત જ ભેગા થઈ ગયા. પેંગડાં છાંડી મહારાજ પાસે આવી ગયા. વછેરાની લગામ એક અડબૂથ જેવા ચારણના હાથમાં જોઈ સૌનાં મોંએ મેશ વળી ગઈ હતી. 'આવો મોંઘો વછેરો એક માંગણને દાનમાં આપી દીધો ! અરર ! ભારે ભૂંડી થઈ...' સૌ સમસમી રહ્યા.

ચારણ તો રાજીનો રેડ થઈ ગયો. અસવારી કરીને એ તરત ચાલી નીકળ્યો. જમવા પણ રોકાયો નહિ. સુરાખાચર, મામૈયો પટગર, માતરો ધાધલ, સોમલોખાચર એક-એક અડીખમ કાઠી-દરબારોને પણ આંખે અંધારા આવી ગયા. એક-એકને એ વછેરો ઝૂંટવી લેવાનું મન થઈ ગયું, પણ શ્રીજીમહારાજની આંખો સામે જોતાં સૌને મનની મનમાં રહી ગઈ.

સંધ્યા ઢળવા આવી હતી. નાજા જોગિયા સમય વરતીને માણકી ઘોડીને સાથે જ લાવ્યા હતા. માણીગર શ્રીહરિ માણકીએ અસવાર થઈ દાદાના દરબારમાં પધાર્યા. પણ દરબારમાં જાણે શોક વ્યાપી ગયો હતો ! બધા ઉદાસ હતા. મહારાજની આ લીલામાં આજે સૌને થોડું સંશય જેવું લાગ્યું !

લીંબવૃક્ષ નીચે **સભા** થઈ. મહારાજે ધીમે રહીને વછેરાની વાત કરી : ''અમે આજે વછેરાનું દાન કર્યું તેમાં તમે બધા ઉદાસ થઈ ગયા પણ એ જાણો છો કે એ વછેરો કોણ હતો ? એ ચારણને જ કેમ દાનમાં દીધો ?'' મહારાજની વાત સાંભળવા બધાના કાન સરવા થયા.

મહારાજ કહે : ''ભગુજી ! સુરાખાચર ! યાદ છે ? આપણે એકવખત રાજુલાથી ગઢડા આવવા નીકળ્યા ત્યારે વચ્ચે ધાતરવડી નદીના કાંઠે આંબાવાડિયામાં વિસામો લેવા ઊતર્યા હતા ! એક વરણાગી મહાત્માએ જમીને જવા તાણ કરી હતી, પણ આપણે ચાલી નીકળ્યા !''

મહારાજની વાતની અધવચ્ચે જ **સુરાખાચર** બોલ્યા : ''હા મહારાજ ! યાદ છે, એ બાવો આડો આવીને મારગે બેઠો પણ તમે નક્કી કરેલું તેથી રોકાયા નહિ. તે બાવાની સામે નજર સરખી ન કરી, ઝટપટ પેંગડે પગ દઈ માણકી પર સવાર થઈ વીજળીની ત્વરાથી એક બાજુ તારવી માણકીને પૂરપાટ દોડાવી મૂકી હતી. પછી તો એ બાવો ઊંચે સાદે રડવા માંડ્યો અને બોલવા લાગ્યો કે, 'હે સ્વામિનારાયણ ! તમે માંડ કરીને મારી જાયગામાં આવ્યા, અમારો બટકું રોટલો પણ અંગીકાર કર્યો નહિ ! અરેરે ! મારા એવા તે કેવા પાપ !' કહેતો હતો. પરંતુ આપે તો લગીરેય દયા કરી નહિ !''

''દયા જ કરી છે દરબાર ! એ બાવો મહા કામી હતો. એટલે એનું ધાન આપણે ન લીધું પણ એની ભાવના હતી તેથી બીજે જન્મ અમારો યોગ કરાવી દીધો. આ દરબારગઢમાં જ જન્મ દીધો. એ જ છે આ વછેરો...''

''અરેરે ! મહારાજ ! એને ઘોડો થવું પડ્યું ?''

''વાસના એવી છે ને દરબાર ! એને અનંત જન્મ લેવડાવે એવી તીખી એની વાસના હવે સંતોષશે. જેને વછેરો દીધો તે ચારણ એનો પૂર્વજન્મનો ઋણ માંગનાર હતો. એ આ વછેરાને વાલી ઘોડો કરશે. એટલે દેશ-દેશથી ઘોડીઓ એ ઘોડા પાસે આવશે. અમારો જોગ થયો છે તેથી એ જીવને છોડશું નહિ એની તીખી વાસના છે તેથી એક જન્મ વધી ગયો. વાસના પૂરી થયે એનો દેહ પડાવી સત્સંગમાં જન્મ દઈશું. એકાંતિક સંતો-ભક્તોનો યોગ કરાવીશું. નિર્વાસનિક કરી અમારા ધામમાં લઈ જઈશું.'' ભગવાન શ્રીહરિની આ વાત સાંભળીને બધાનો શોક ઓસરી ગયો. અને એક કૌતુક સાથે જાણવા પણ ઘણું મળ્યું.

પછી માણીગર શ્રીહરિએ મંદ મંદ હાસ્ય કરી સૌને અભયદાન દીધું. દશેરાના દિવસે દયાળુ મહારાજે દીધેલું વછેરાનું દાન આજ સૌ માટે અભયદાન બની ગયું ! સૌની ઉદાસી ક્યાંય ગાયબ થઈ ગઈ. શ્રીજીમહારાજે સૌને દોથે દોથે જલેબી જમાડીને રંગેચંગે દશેરા ઉજવ્યા.

(સ.ગુ. શ્રી નિર્ગુણદાસ સ્વામીની વાતો : નં. ૪૬૧ના આધારે...)

## ભગવાન શ્રીહરિના રોઝા ઘોડાની અદ્‌ભુત શોભા-શણગાર અને ગુણોનું વર્ણન :

ભગવાન શ્રીહરિની અનેક લીલાઓ પ્રત્યક્ષપણે જોનાર ગઢપુરના **ઔદીચ્ય બ્રાહ્મણ** જ્ઞાતિના શાસ્ત્રી **લક્ષ્મીરામ દેરાસરી**એ 'લીલાચિંતામણિ' નામનો ગ્રંથ કરેલ છે. આ ગ્રંથમાં ભગવાન શ્રીહરિની **અનેક લીલાઓ**ના સુંદર **વર્ણન**ની સાથે ભગવાન શ્રીહરિ ઘણી લીલામાં જેની ઉપર અસવાર થતાં તે ઘોડા કે ઘોડીનું પણ **ઝીણવટભર્યું વર્ણન** કરેલ છે.

તે લીલાઓમાં અમદાવાદના અંગ્રેજ અધિકારી મિ. એરણ સાહેબના આમંત્રણથી **ભગવાન શ્રીહરિ** અમદાવાદ જવા માટે ગઢપુરથી નીકળે ત્યારે રોઝા ઘોડાની અદ્‌ભુત શોભા-શણગાર અને **ગુણોનું વર્ણન** છે તે જોઈએ :

''અને હવે શ્રીજીમહારાજના **ઘોડાના અલંકાર**ની



**શોભા**ને લખું છું. તે રોઝો ઘોડો ગલદાર (રાતો) સર્વે અશ્વ થકી ઊંચો, ઘણોક રૂપદાર ને શીલવંત છે. તે ઉપરે દળી, તે ઉપરે રૂપદળી સખલાદિ, તે ઉપરે ખોગીર (ઉનની ગાદી - જીન) સખલાદિ, તે ઉપરે ઘણાંક ભરત ભુજબુટ્ટાના ભરેલા, ને શોભાની ખાણી એવી શોભાવાળી ગોદડી સખલાદિ છે. તે ઉપરે નવા નગરનો સોનેરી કાંઠો (લાકડાનું બેઠક માટેનું કાંઠું) ને મધ્યે ઘણાક ચિત્રાદિકના મોર છે, તે સત્ય પ્રતીતિને કરાવે છે. ભુજનો રહેવાસી સોની ભોજો મૂઠથલો હરિજન તેણે હેતે કરીને તેનું કામ કર્યું છે. તે શોભાની ખાણ છે. ને તે ઉપરે પાતાડ રેશમનો ને તંગી (ચામડાનો પટ્ટો) સખલાદિ, ને તે મધ્યે હેમનાં ત્રણ કડાં શોભે છે. ને છોટા સખલાદિ પેગડાં હેમનાં તે મધ્યે કમળસારની કડીઓ ને સૂયા તે પણ હેમનાં છે. ને વાંસે ડુમચી સખલાદિ છે, તેમાં હેમનાં મોટા મોટા બોર જડ્યાં છે. ને ઉર મધ્યે તાવીજ, માદળિયાં, હુલર ને સોનાનાં સાંકળાં આદિક ઉરની શોભા છે. હવે મોવડની શોભા જે, તેમાં હેમનાં ચકદાં જડ્યાં છે ને હેમની કડીઓની બેઉ કોરે પંક્તિઓ ઘણીક શોભાયે કરી શોભે છે. ને રેશમની (ચોકડાને બાંધીને સવારના હાથમાં રાખવાનું સૂતરનું સાધન) વાઘે યુક્ત ચોકડું છે, ને તે ઉપરે હેમનો મોર છે, તે તો સત્ય પ્રતીતિને જ કરાવે છે. ને કોટિયું રેશમનું જરિયાની સહિત તે તેસક તેવી જ છે ને મોતીએ ગૂંથેલી છે. ને જમણા પગમાં ભારે, જાડાં ને પહોળાં ઝાંઝર છે, તેમાં ઝીણી ઘૂઘરીનો ઝણકાર થાય છે. ને વળી એ ઘોડો મહા શોભાયમાન છે. નાન ખાચરે તે ઘોડો લાવીને તૈયાર કર્યો. ત્યારે પ્રથમ કહી છે તેવી શોભાને ધરતા થકા શ્રીજીમહારાજ ઘોડા ઉપરે ચડ્યા. ને પછી ઘણાક અસ્વારને ને પ્યાદાને (પદાતીને) શોભાડતા થકા દુર્ગપુરથી નીકળે છે.''

"હવે શ્રીજીમહારાજનો **રોઝો ઘોડો** ને તે ઘોડાના અલંકારની શોભા તેને યથામતિ કહું છું : સર્વે ઘોડાથી ઊંચો, ઘણોક શોભાયમાન, ઘણોક ચંચળ, ને સૂક્ષ્મ (નાની) છે કાનસોરીઓ (કાન) જેની, ને મોટા છે ડાબલા જેના, ને ચંચળ ને મોટાં છે નેત્ર જેનાં, ને શીઘ્ર છે ગતિ તે જેની; ને વારકી (ઘોડાની એક ચાલ) ચાલે છે. તે જેમ સુરેશની સુખપાલખી હોય ! તેથી અધિક સુખને આપે છે. ને ગતિ મધ્યે ગરુડથી શ્રેષ્ઠ છે, ને વળી સર્વપ્રકારે શ્રીજીમહારાજની મરજી પ્રમાણે વરતે છે. ને પશુજાતિના ગુણને મૂકીને દેવ-મનુષ્યના જેવા ગુણે વરતે છે. વયે કરીને પાંચ વર્ષની માંહેલી

કોરે છે.

અને શ્રીજીમહારાજે પોતે ઘણાક પય, સાકર, રાતબ ને ચાસણી (ચંદી-જોગાણ) આદિક પોતાના હાથની પ્રસાદી ખવડાવીને મદોન્મત કર્યો છે, પણ કામનાએ રહિત છે. ને ઘણીક ઘોડીઓ ને ઘોડાને મધ્યે ભીડામાં રહે છે, પણ તેને દેખીને હાવવાં (વલખાં) નથી કરતો. ને ઘણોક શીલવંત છે. ને પોતાને વર્ણે ગલદાર (રાતો) રોઝો છે. વળી, રૂપ-ગુણે કરીને સર્વે ઘોડામાત્રની જાતિ, તે મધ્યે ઉત્તમ છે.

હવે તે ઉપર પલાણનો સામાન ને તેના જે અલંકાર, તેને મેં જેમ દીઠા છે તેમ કહું છું. તેની પીઠ ઉપર ભારે દળી, તેની ઉપર સખલાદિ ને ભુજ બુટીનાં ભરત ચિત્રાંકિત કર્યા છે. તે તો જનને સત્ય પ્રતીતિને કરાવે છે તેવી રૂપદળી માંડી હતી. ને તે ઉપર ભારે ખોગીર સખલાદિ ને ચિત્રાંકિત ભરત ભરેલું હતું. ને તે ઉપર સખલાદિ ગોદડી ચિત્રાંકિત માંડી હતી. ને તે ઉપર નવાનગરનો કાંઠો સાવ સોનેરી ને ઘણાંક ચિત્રે જુક્ત છે. તે ચિત્ર જે ચિત્રેલા છે, તે તો સત્ય પ્રતીતિને કરાવે છે. ને તે ઉપર ભારે તંગી (ઘોડાના પેટ નીચે બાંધવાનો પટ્ટો) ને રેશમનો પાતાડ છે તે મધ્યે હેમનાં કડાં ને કમળસારની તંગી ભીડી છે. ને વળી પેઘડાં તે હેમનાં છે ને તે મધ્ય કડીઓ ને સૂયા તે પણ હેમના જ છે. ને વાંસે ડુમચી તે સોનાની હેમનાં બોરે સહિત ઘોડાની ત્રીગ ઉપર ઘણાક શોભાને લે છે. ને હવે ઉર મધ્યે હુલર, તાવીજ ને માદળિયાં ને તે મધ્યે ઘણીક ઘૂઘરીઓનો ઝણકાર થાય છે. ને વળી જમણા પગ મધ્યે હેમના એક જાડા ઝાંઝરનો ઝમકાર થઈ રહ્યો છે. અને ચોકડું ને મોવડ તે મધ્યે સોનાનાં ચમકદાર મોર આદિક ઘણાંક ચિત્ર ને ઘૂઘરાયે શોભે છે. એવો જે શ્રીજીમહારાજનો અશ્વ તેની શોભા વર્ણવી છે. જેના ઉપર પૂર્ણબ્રહ્મ પુરુષોત્તમ અસ્વારી કરીને બિરાજતા. તેથી તેનાં વખાણ વિપ્ર લક્ષ્મીરામે (લેખકે) રાજી થઈને કર્યાં છે.''

(પ.ભ. શાસ્ત્રી લક્ષ્મીરામ કૃત લીલાચિંતામણિ : પ્ર. ૩ તથા ૬)

### કાઠીઓએ ઘોડાની પ્રશંસા કરી, તેથી મહારાજ તે પ્રાગજી દવેને આપી દીધો :

એક સમયે **મહારાજ** અક્ષરઓરડીની ઓસરીમાં ઢોલિયા ઉપર બિરાજમાન થયા હતા ને દાદાખાચર ને સોમલાખાચર એ આદિ કાઠી મહારાજ પાસે બેઠા હતા ને પાળા પણ બેઠા હતા. તે સમયે મહારાજને બેસવાનો રોજો ઘોડો તેનાં કાઠી વખાણ કરવા લાગ્યા. ત્યારે મહારાજ કહે, ''એવો ભારે ઘોડો છે ?'' ત્યારે સોમલાખાચર બોલ્યા જે, ''એ ઘોડાના શીલ (લક્ષણો) જોતાં તો દશ હજાર રૂપિયા નાંખતાં પણ એવો ઘોડો ન મળે.'' પછી બીજે દિવસ જમીને પોઢ્યા. પછી જાગીને જળના કોગળા કર્યા ને જળપાન કર્યું. શ્રાવણ માસ હતો અને મહારાજ કહે, ''ઘોડે પલાણ માંડો, નાહવા જવું છે.''

પછી ઘોડે અસવાર થઈને ઉન્મત્તગંગામાં ખળખળિયે ગયા ને ઘોડેથી ઊતરી વસ્ત્ર ઉતારીને નાયા. વસ્ત્ર પહેરીને ફૂલના હાર પહેર્યા ને ઘોડે અસવાર થઈને ચાલ્યા, તે જીવાખાચરની ડેલી આગળ ઘોડાને ફેરવ્યો. પછી ઊભા રહ્યા, ત્યારે જીવાખાચર ઘોડાને હાથે થોભીને બોલ્યા જે, ''આવાં ઘોડાનાં શીલ હોય.'' ત્યારે મહારાજ કહે, ''એમ ?'' પછી એવું કહીને ઘોડેથી ઊતરીને પ્રાગજી દવેને કહે, ''લિયો, તમને આ ઘોડો આપીએ છીએ.'' પછી કાઠી બોલ્યા જે, ''હે મહારાજ ! આપણે એમની પાસેથી વેચાતો રાખીએ.'' ત્યારે મહારાજ કહે, ''ના.'' એમ મહારાજ પાસે જે જે પદાર્થ હોય તેને જો કોઈ વખાણે તો તે તે પદાર્થ મહારાજ રાખે નહીં.

અને ગામ ઢસાવાળી જે **માણકી ઘોડી** તે લાડુબાએ દાદાખાચરની કહીને રાખેલી. એમ કરતાં દશેરા આવ્યા. ત્યારે મહારાજે કાઠી પાસે ઘોડાં સાબદા કરાવ્યાં. પછી થાળ જમી સંતને જમાડીને ભારે પોશાક પહેર્યો. પછી માણકી ઘોડી શણગારીને અસવાર થયા. તે વખતે બે કોરે ચમર થઈ રહ્યાં હતાં. અને આગળ રાવળ રવાજ ને કાંસિયાં વગાડીને ગાઈ રહ્યા હતા. ઢોલ ને શરણાઈઓ વાગી રહ્યાં હતાં. પછી ચાલ્યા તે રાધાવાવની પાસે થઈને ઉત્તરમાં ચાલ્યા. અને મહારાજે જે ઘોડી ઉપાડી તે કાઠી, પાળા, સંત અને હરિજન તે સર્વે જોઈ રહ્યા કે, ''આ તે ઘોડી કે પંખણી !'' (પક્ષી : પાંખોવાળી)

(સ.ગુ. શ્રી પ્રસાદાનંદ સ્વામી કૃત શ્રીસ્વામિનારાયણ વિચરણ લીલામૃત : વિ. ૪૩)

### વછેરી ઘોડીનું મરણ અને સહજ સ્વીકાર :

પછી **માણકીની વછેરી** ચડાઉ કરી હતી, તેના ઉપર પલાણ મંડાવીને **અસવાર** થયા. ને સંતમંડળ, બ્રહ્મચારી ને પાળા તેમણે સહિત ઊભી બજારે થઈને વોકળી ઊતરીને ઘોડીને પાટી નાંખી. ને પછી ઊભા ત્યારે **મુક્તાનંદ સ્વામી** કહે, ''હવે ઘોડી ચડવા જેવી ઠીક થઈ.'' ત્યારે **મહારાજ** કહે, ''એની માએ ધાવવા નહોતું દીધું, તે ઘોડીમાં બળ નથી; તે માખણ ને સાકર આપીએ તો ઠીક.'' પછી ડાહ્યો શેઠ બોલ્યા જે, ''માખણ મારે ઘેર છે, તે જોઈએ એટલું મારે આપવું.'' ત્યારે મહારાજ કહે, ''સારું.''

પછી ઘોડીએથી ઊતરીને વસ્ત્ર ઉતારીને જ્યાં હમણા સંત ને બ્રહ્મચારી ખીજડા આરે નાય છે, તે ઠેકાણે પાળાનો હાથ ઝાલીને ઉન્મત્તગંગામાં બિરાજ્યા. ને કાન-નાક દબાવીને ડૂબકી મારે ને જળ મસ્તક ઉપર થઈને ચાલે. પછી બહાર નીકળીને બોલ્યા જે, ''ઘોડીના ઉપર બીજા કોઈને ચડવા

દેવા નહીં.'' એમ કહીને પાળાનો હાથ ઝાલીને નદીથી બહાર નીકળીને વસ્ત્રે કરીને શરીર લૂઈને વસ્ત્ર પહેરીને ઊભા. ને વાડીવાળે ફૂલના હાર પહેરાવ્યા. પછી ઘોડીએ અસવાર થયા ને ઊભી બજારે થઈને દરબારમાં આવ્યા. ને ઘોડીએથી ઊતરીને ઉતારે પધાર્યા ને ઘોડીવાળાને ફૂલના હાર આપ્યા. ને ગાદીતકિયે બિરાજ્યા ને કથા વંચાવવા માંડી.

તે સમયે ખબર આવી જે, ''ગામ રળિયાણે (લૂંટારુના) ઘોડા ફર્યા ને ગામના પટેલને વગાડ્યું.'' ત્યારે અસવાર તૈયાર થયા. તે ઘેલો ધાધલ તાજણની વછેરીએ ચડ્યા, ને નાજા જોગિયા માણકીની વછેરી ચડ્યા, ને જે ઘોડાં ઉપાડ્યાં. તે માણકીની વછેરીનું તાળવું ફાટી ગયું. મહારાજે પ્રથમ ના પાડી હતી જે, ''અમે જે ઘોડીએ ચડીએ છીએ તે ઘોડીએ બીજો કોઈ ચડશો નહીં.'' એમ ભવિષ્ય વાત કહી હતી.

પછી મહારાજ પોઢ્યા ને સવારે વહેલા જાગીને નિત્યવિધિ કરીને વસ્ત્ર પહેરીને ઉગમણે બાર ઓરડાની ઓસરીએ ઢોલિયે બિરાજ્યા. સંત પણ પગે લાગીને બેઠા ને માનસી પૂજા કરવા લાગ્યા. તે સમયે ભુલો ઘોડીની ચાકરીવાળો હાથ જોડીને બોલ્યો જે, ''હે મહારાજ ! ઘોડીને નાકે શ્વાસ બહુ ચાલે છે.'' ત્યારે મહારાજ કહે, ''લાવો.'' પછી તેને બહાર લાવ્યા ને મહારાજ કહે, ''ઊનું જળ તેના વાંસા ઉપર લૂગડું નાંખીને રેડો, ને સંત ને પાળા સર્વે હાથ ફેરવો, ને પછી ઘોડીને વાડીએ લઈ જાઓ.'' એમ કહીને કથામાં ગયા ને ઘોડી જે પડી તે મરી ગઈ. પછી નાજો જોગિયો મહારાજ પાસે આવ્યા ને રોવા લાગ્યા. ત્યારે મહારાજ કહે, ''શું કરવા આંખમાં આંસુ લાવો છો ? જે નાશ પામ્યું તે કાંઈ આવનારું છે ? હવે કથા સાંભળો.''

(સ.ગુ. શ્રી પ્રસાદાનંદ સ્વામી કૃત
શ્રીસ્વામિનારાયણ વિચરણ લીલામૃત : વિ. ૮૬)

### ઘોડીમાં પ્રવેશ કરેલ અઘાસુરનો પરાભવ :

પીપલાણાથી... થાળ જમીને સાબદા થયા ને **ઘોડીએ અસવાર** થઈને ચાલ્યા, ને સર્વને પાછા વાળ્યા. ત્યારે ઘોડીમાં દૈત્યે પ્રવેશ કર્યો, તે ઘોડીને ચારેય પગે ઉપાડી. (એટલે કે દોડાવી મૂકી.) અને મહારાજ ઊતરી પડ્યા ને ઘોડીમાં મહારાજે પ્રવેશ કર્યો. (તેથી દૈત્ય ઘોડીમાંથી નીકળીને બારો પડ્યો. તેથી) તેને ઘોડી ચારેય પગે કચરવા (મારવા) માંડી. ને એનો જીવ ગયો ત્યાં લગી ઘોડી પાસે દૈત્ય મરાવ્યો. પછી પાળા હતા તેમણે ઘોડી (દૈત મરી ગયો હોવાથી તેના ઉપરથી) હેઠી ઉતારીને મહામોટું અજગરનું રૂપ લઈને પડ્યો ને મૂઓ. પછી મહારાજ ગાડીમાં બિરાજ્યા ને પાળાએ મહારાજને પૂછ્યું, ત્યારે મહારાજ કહે, ''દૈત્ય અઘાસુર આવ્યો હતો. તે અમે એવી લીલા કરી જે, ઘોડીમાં પ્રવેશ કરીને પરાભવ કરાવ્યો.''

(સ.ગુ. શ્રી પ્રસાદાનંદ સ્વામી કૃત
શ્રીસ્વામિનારાયણ વિચરણ લીલામૃત : વિ. ૧૧૩)

### ભગવાન શ્રીહરિ અશ્વ ઉપર સવારી કરીને સ્વર્ગમાંથી પૃથ્વી ઉપર આવતા હોય ને શું ?

ગઢાળી ગામના આંબા શેઠની પ્રાર્થનાથી **ભગવાન શ્રીહરિ** ગઢપુરથી **ગઢાળી** ગામમાં જવા પોતાના સર્વે આશ્રિતોને આજ્ઞા કરી કે તમો સૌ તૈયાર થાઓ અને પોતે પણ તત્કાળ તૈયાર થયા.

પછી પોતાના સેવક **નાજા ભક્ત** અત્યંત હર્ષપૂર્વક વિવિધ પ્રકારનાં વિભૂષણોથી વિભૂષિત કરી અશ્વ લાવ્યા. તે ઉપર શ્રીહરિ બિરાજમાન થયા. એ રીતે છત્ર તથા ચામરથી શોભતા સોમ તથા સુરાભક્ત આદિ **ઘોડેસવારો** તથા પોતાના **પાર્ષદો** સાથે શ્રીહરિ નીકળ્યા.

બુદ્ધિમાન અભયરાજાના **ઉત્તમકુમાર** ચપળ ગતિવાળા ઘોડા ઉપર બેસીને શ્રીહરિની સાથે ચાલ્યા. શ્રીહરિની સાથે સર્વે વર્ણીઓ તથા સાધુઓ શ્રીહરિનાં કીર્તનો ગાતાં, શ્રીહરિના દર્શનની ઈચ્છાથી ચાલતા હતા. પછી ભગવાન શ્રીહરિ તથા સર્વે ઘોડેસવારો પુરની બહાર નીકળીને વાયુવેગી ઘોડાઓને એકી સાથે દોડાવતા હતા. સમુદ્રના ઊછળતા મહા તરંગોની પંક્તિ જેવી આ અતિ સુંદર ઘોડાઓની ગતિ જોઈને લોકો જાણે કે દેવતાઓ અશ્વ ઉપર સવારી કરીને સ્વર્ગમાંથી પૃથ્વી ઉપર આવતા હોય ને શું ? એવી આશંકા કરતા હતા.

અતિ રમણીય અને ચંચળ ગતિથી પોતાના અશ્વોને દોડાવતા ઘોડેસવારોથી યુક્ત **શ્રીહરિ,** પોતાના અશ્વરાજને તત્કાળ ઝડપથી દોડાવી આગળ કરતા, ચાલતા વેગથી જેમના તોરાઓ ઉછળે છે અને અસવારના જેવાં જોવા યોગ્ય વેશધારણ કરતાં તેમજ હાથમાં સુવર્ણમય સુંદર લગામ ધારણ કરતા અત્યંત શોભતા હતા. સોમ ભક્ત તથા ઉત્તમ ભક્ત વગેરે અસવારો પોતાના ઘોડાઓને અત્યંત દોડાવતા હતા છતાં પણ શ્રીહરિના અશ્વેન્દ્રને પહોંચી શક્યા નહીં. પીડા નાશ કરનારી શ્રીહરિની ચંચળ મૂર્તિ જોઈને સર્વે સંતો તથા વર્ણીઓ તથા ભક્તજનો આશ્ચર્યમુગ્ધ બની અત્યંત હર્ષ પામતા હતા.

પછી શ્રીહરિ પોતામાં અત્યંત સ્નેહવાળા સોમલા ખાચર વગેરે ઘોડેસવારોના સમૂહ સાથે મળીને રસ્તામાં અશ્વશાસ્ત્રમાં કહેલી વિવિધ પ્રકારની ગતિઓમાં પ્રવીણ, સુંદર લક્ષણોવાળો, ગરુડના ગર્વને હરનારો જેનો વેગ છે એવા તે અશ્વરાજને ચલાવતા ચાલતા હતા.

સર્વ અવતારોના એક કારણરૂપ છે મૂર્તિ જેમની એવા, શ્રીહરિનો મહા તપસ્વીઓને પણ આ લોકમાં દુર્લભ યોગ છે. જ્યારે સર્વથી અધિક શોભા પામેલા અશ્વજાતિના અલંકારરૂપ શ્રીહરિથી અધિષ્ઠિત આ અશ્વ સમાન કોણ થાય ? અનુપમ અશ્વના ભાગ્યનું શું વર્ણન કરીએ ? યથાર્થ રીતે તો તે અવર્ણનીય છે. શ્રીહરિની સાથે ઘોડાઓને ખેલવતા ઘોડેસવારો મનોહર હાસ્ય વચનોથી શ્રીહરિને હસાવતાં હર્ષથી ચાલતા હતા. આ પ્રકારે પોતાના ઘોડાને વિચિત્ર ગતિથી ચલાવતા, ભક્તોને આનંદ આપતા **શ્રીહરિ** ગઢાળી ગામની સમીપે આવી પહોંચ્યા.

(શ્રીહરિલીલાકલ્પતરુ : ૪/૨૫)

### ભગવાન શ્રીહરિએ આકાશમાંથી પડતી વીજળીની ગતિએ અશ્વ દોડાવ્યો :

ગઢાળીમાં ભગવાન શ્રીહરિએ આંબા શેઠનો પ્રેમભાવ સ્વીકારી પોતે થાળ જમી સંતો-હરિભક્તોને જમાડ્યા. પછી ગઢાળીથી ગઢપુર જવા તૈયાર થયા :

પછી અશ્વ ઉપર બિરાજેલા શ્રીહરિને ઘોડેસવારો તથા પાર્ષદો સાથે વાદ્યોના મહા ઘોષ કરતાં સમગ્ર ભક્તોએ વળાવ્યા. દર્શનની ઉત્કંઠાવાળો ત્યાંનો જનસમૂહ શ્રીહરિની પાછળ ગયો અને છત્ર ચામર વગેરેથી શોભતા **શ્રીહરિ** ગઢાળી ગામથી નીકળ્યા.

દૂર સુધી પોતાની પાછળ વળાવવા આવતા પોતાના આશ્રિત ભક્તોને શ્રીહરિએ પાછા વાળ્યા અને પછી પોતાના મનોહર અશ્વરાજને દોડાવ્યો. ધનુષ્યમાંથી છૂટેલું રામનું બાણ, આકાશમાંથી ખરતો તારો અને આકાશમાંથી પડતી વીજળી જે ગતિએ વેગ કરે તેમ તે સમયે શ્રીહરિના અશ્વની એવી ગતિ હતી.

શ્રીહરિના અશ્વની પાછળ દોડાવેલા અશ્વોની લાંબી પંક્તિ, ગરુડની પાછળ દોડતી હંસની પંક્તિ જેમ શોભે તેમ, શોભતી હતી. 'હું પહેલાં... હું પહેલાં...' એમ પરસ્પર બોલતા ઘોડેસવારો ઘોડાઓને દોડાવતા હતા. પણ અધીશ્વર શ્રીહરિને કોઈ પહોંચી શક્યા નહીં. પછી શ્રીહરિ સૌ ઘોડેસવારોથી આગળ પ્રથમ ઉન્મત્ત ગંગા પહોંચી ગયા. ત્યારપછી તે ઘોડેસવારો ઉન્મત્ત ગંગા પહોંચ્યા. મંદહાસ્યથી અધિક શોભાયમાન મુખવાળા શ્રીહરિ અસવારો પ્રત્યે બોલ્યા, "હે અસવારો ! તમોએ તમારા ઘોડા ઘણા દોડાવ્યા. તોપણ તમારામાંથી કોઈપણ મને કેમ પહોંચી શક્યા નહીં."

ભગવાન શ્રીહરિનું આવું વચન સાંભળીને ઘોડેસવારો શ્રીહરિને હર્ષપૂર્વક કહેવા લાગ્યા, "હે ભગવન્ ! આપને મન તથા ઈન્દ્રિયોની વૃત્તિ પહોંચી શકતી નથી. હે આશ્રિતોની પીડા હરનારા ! જેમના માર્ગને શ્રુતિઓ પણ ખોળે છે. જેની પ્રાપ્તિને માટે વિષયોનો ત્યાગ કરીને જેમણે મન તથા ઈન્દ્રિયો જીત્યાં છે. એવા યોગીઓ પણ નિર્જન વનમાં દુષ્કર તપ કરે છે. સર્વાંતર્યામી, ક્ષર અને અક્ષરથી પર, અવતારી, આપને હે સ્વામિન્ ! અમો પ્રત્યક્ષ કેવી રીતે પામીએ ? યોગીઓએ ધ્યાન કરવા યોગ્ય છે ચરણકમળ જેમનાં એવા, બ્રહ્માદિકોને પણ તમો દુર્લભ છો તો અલ્પ બુદ્ધિવાળા અમો આપની કૃપા વિના આપને કેમ પામીએ ?" ઘોડેસવારોનું આવું વચન સાંભળીને મંદ મંદ હસતા દયાસાગર શ્રીહરિ ઉન્મત્ત ગંગામાં પોતાના ઘોડાને જળ પાવા લાગ્યા. ઘોડેસવારો પણ ઉન્મત્ત ગંગામાં ઘોડાને જળ પાવા લાગ્યા.

નિર્મળ જળમાં જેમના અંગોનું પ્રતિબિંબ પડે છે એવા જળપાન કરતા, પંક્તિબદ્ધ ઉત્તમ ઘોડાઓ, દૂધના ગંભીર સાગરમાંથી ઘોડેસવારો સહિત એક સાથે નીકળતા ઉચ્ચૈઃશ્રવા નામવાળા ઘોડાઓના સમૂહની જેમ શોભતા હતા.

સ્ફટિકની માફક સ્વચ્છ જળથી વિશેષ શોભાયમાન, કલ્યાણકારી, સમગ્ર પાતકોને હરનાર છે દર્શન જેમના એવી દિવ્ય ઉન્મત્ત ગંગા, શોભાયમાન રત્નજડિત વિવિધ ભૂષણોથી શોભાયમાન વિવિધ ઘોડાઓના પ્રતિબિંબોથી જાણે વિચિત્ર મણિઓના સમુદાયથી યુક્ત હોયને શું ? એમ શોભતી હતી. સમગ્ર લોકોના અલંકારરૂપ જેમની મૂર્તિ છે એવા શ્રીહરિની જળમાં પ્રતિબિંબિત મૂર્તિ લાવણ્ય, રૂપ, માધુર્ય વગેરે ગુણોના સ્થાનભૂત હોવાથી ઉન્મત્ત ગંગા સર્વોત્તમ દર્શનીય શોભા ધારણ કરતી હતી.

પછી ઘોડેસવારોના સમુદાયથી તેમજ હરિપદો ગાતાં પોતાના ભક્તજનોથી વીંટાયેલા; અશ્વ ઉપર બિરાજમાન થયેલા શ્રીહરિએ દુર્ગપત્તનમાં પ્રવેશ કર્યો. સુંદર ચંચળ લગામથી (ઘોડાના મુખમાં રહેલા લગામ હાથમાં હોવાથી ઘોડાનું વારંવાર મુખ ઊંચુ નીચું થવાથી) ચંચળ હાથવાળા શ્રીહરિના દર્શન કરતા હતા. શ્રીહરિ પોતાના નિવાસસ્થાને પહોંચી પોતાના અશ્વ ઉપરથી ઊતરી કોમળ ગાદલાદિથી યુક્ત પોતાના આસનમાં બિરાજમાન થયા.

(શ્રીહરિલીલાકલ્પતરુ : ૪/૨૭)

### લક્ષ્મીવાડીમાં કેસર ઘોડી ખેલવતા ભગવાન શ્રીહરિ

એકવખત **શ્રીહરિ** રમણીય ભૂષણોથી શોભતી, સુવર્ણનું પલાણ જેને છે એવી **કેસર ઘોડી** ઉપર બેસીને ત્યાગી તથા ગૃહસ્થ ભક્તજનોની સાથે ફળ તથા પુષ્પોવાળાં વૃક્ષો જેમાં છે એવી અને લક્ષ્મીના નિવાસથી અતિ રમણીય લક્ષ્મીવાડીમાં પધાર્યા. શ્વેત વસ્ત્રો જેમને શોભે છે એવા, છત્ર અને ચામરોથી અલંકૃત, પુષ્પોના હારથી શોભતા ભગવાન શ્રીહરિ લક્ષ્મીવાડીની સમીપમાં આવેલા લાંબા વિશાળ

સ્થાનમાં આવી હર્ષથી રમણીય ઘોડીને દોડાવતા હતા.

શ્રીહરિએ કેસર ઘોડીને તત્કાળ દૂર સુધી દોડાવી પછી પાછી વાળીને દોડાવીને પોતાના સમગ્ર ભક્તોને અતિ હર્ષ પમાડ્યો; વેગથી જીત્યો છે વાયુ જેણે એવી તે ઘોડી જાણે કે બે પાંખો કરીને મહા આનંદથી આકાશમાં ઊડતી હોય ને શું ? એમ અત્યંત દોડતી હતી.

મણિઓથી જડેલાં સુવર્ણનાં દિવ્ય વિભૂષણોથી વિભૂષિત, સુવર્ણનાં બંને ઝાંઝરોના શબ્દોથી અતિ રમણીય, અતિ શીઘ્ર ગતિવાળી ઘોડી આકાશમાં ચળકતી વીજળીની માફક શોભતી હતી. સમગ્ર સુંદર ચિહ્નોથી શોભાયમાન અને રંગેલી કેશવાળીથી શોભતી; સુવર્ણમય લગામથી અતિ શોભતી, વિવિધ પ્રકારની ગતિઓમાં અતિશય નિપુણ, સુંદર સ્વભાવવાળી તથા વિવિધ પ્રકારના મણિ જડેલા વિભૂષણોવાળી ઘોડી ઉપર બિરાજેલા, ફરકતા ઉજ્જવળ વસ્ત્રોથી શોભતાં શરીરવાળા શ્રીહરિ તે સમયે વિવિધ પ્રકારના મણિવાળું પર્વતનું શિખર તેમાં ઊડતા શ્વેત હંસો યુક્ત મેઘ જેમ શોભે તેમ શોભતા હતા.

(શ્રીહરિલીલાકલ્પતરુ : ૪/૩૧)

### ઘરનો ધણી ઘોડા ફેરવે છે !

શ્રીજીમહારાજ એક દિવસ નિત્યકર્મ કરીને નિસર્યા એટલે **રોઝો ઘોડો** તૈયાર હતો તે ઉપર ચડીને લીંબડાના વૃક્ષ હેઠે ફેરવતા હતા. ત્યાં **બ્રહ્માનંદ સ્વામી** પોતાને આસનેથી લૂગડું ઓઢી બાઈઓની પેઠે મોકળું મેલીને લીંબડાથી ઉત્તરાદી કોર ઊભા રહ્યા ને મહારાજ ઘોડો ફેરવતા હતા ત્યાં આવ્યા ત્યારે મહારાજે કહ્યું : ''ઠકરાણા પાળાં કેમ આવ્યા ?'' ત્યારે બ્રહ્માનંદ સ્વામી કહે ''ઘરનો ધણી ઘોડાં ફેરવે છે માટે પાળાં આવ્યાં.'' પછી આંટો ફરીને વળી કહ્યું : ''વેલ્ય ને બળદ ક્યાં ગયા છે ?'' ત્યારે સ્વામી કહે : ''વાવણીયે જોડ્યા છે.'' પછી **મહારાજ** કહે : ''કાઠી, ચારણ, ભાટને ઓસાંણ તુરત આવડે.'' પછી મહારાજે કેસરીસિંહને કહ્યું : ''જીવાખાચરને બોલાવી લાવો.'' પછી જીવોખાચર આવ્યા ત્યારે મહારાજ ઘોડો ફેરવતા હતા તે જીવાખાચર પાસે જઈ ઊભા રહ્યા ને કહ્યું : ''આ ઘોડો જુઓ જે કાંઈ ખોટ્ય છે ?'' ત્યારે જીવે ખાચરે ચારેકોર ફરીને જોયો પણ કાંઈ ખોટખપાટ જણાણી નહીં ત્યારે કહે : ''મહારાજ ! ઘોડામાં કાંઈ ખોટખપાટ નથી ને આવો જબરો ઘોડો ક્યાંઈ દીઠો નથી.'' એમ બહુ વખાણ કર્યાં. ત્યારે મહારાજે કહ્યું : ''જીવાખાચર ! તમે આ ઘોડા ઉપર ચડીને ફેરવો ને અમે હેઠા ઊતરીએ.'' ત્યારે **જીવાખાચર** કહે : ''મહારાજ ! તમ જેવો સવાર બીજો કોઈ નથી ને એની ચાલ ચલાવો જોઈએ.'' ત્યારે ઉગમણી ઓશરીથી આથમણી તરફ ઓશરી સુધી બે વાર ફેરવ્યો. ત્યારે જીવાખાચરે 'આ ઘોડો કોઈક ચાબુકનો હશે માટે બહુ સારી ચાલ છે.' એમ કહીને વખાણ કર્યાં. પછી મહારાજ ઘોડેથી હેઠા ઉતર્યા ને નાનભક્તને ઘોડો આપી પોતે ઉત્તરાદાબારના ઓરડાની ઓશરીયે આવી બિરાજમાન થયા ને બીજા કાઠી વગેરે હરિભક્ત બેઠા હતા તેણે મહારાજ આગળ ઘોડાના બહુ વખાણ કર્યાં.

(શ્રીહરિચરિત્રચિંતામણી : ભાગ-૨, વાત નં. ૧૦૮)

### ભગવાન શ્રીહરિએ વછેરીની વૃત્તિ ખેંચી અને વૈદ પાસે ડામ દેવરાવ્યા :

એકવખત તાજણ ઘોડીની **વછેરી** માંદી થઈ ગઈ હતી. પછી તેને ડામ દેવા માટે વૈદને બોલાવ્યાં. વૈદે કહ્યું જે, ''ઘોડીને દોરડા બાંધી હેઠી પાડો, પછી ડામ દઉં.'' તે સમે મહારાજ અક્ષરઓરડીમાંથી એક ખેસભર આવી ઊભા રહ્યા. મહારાજે પૂછ્યું કે, ''શું કરો છો ?'' સૌ કહે, ''મહારાજ ! આ વછેરીને ડામવી છે, તેથી આડી પાડવી છે.'' મહારાજ કહે, ''જાતવંત ઘોડીને આડી પડાય નહીં, લાવો અમારી ખુરશી.''

પછી પાર્ષદ ખુરશી લાવ્યા તે ઉપર મહારાજ વિરાજમાન થયા. પછી **મહારાજ** કહે, ''હવે માંડો ચોબા દેવા.'' અને ઘોડીની વૃત્તિ શ્રીજીમહારાજે પોતામાં તાણી લીધી, એટલે મહારાજની મૂર્તિ સામી સ્થિર થઈ ઊભી રહી. પછી વૈદે જે ઠેકાણે રોગ હતો તે ઠેકાણે ચોબા દીધા. પછી મહારાજ બોલ્યા જે, ''આવી **જાતવંત ઘોડી** પડે નહીં.'' તે જોઈ વૈદ બહુ જ આશ્ચર્ય પામ્યો અને પગે લાગ્યો.

(શ્રી અક્ષરાનંદ સ્વામીની વાતો : ૬)

### ભગવાન શ્રીહરિએ કારિયાણીમાં દશેરાએ ઘોડા દોડાવ્યા :

મહારાજે કારિયાણીમાં દશેરાનો સમૈયો કર્યો હતો અને ખીજડી પૂજવાને માટે ગયા હતા. પછી ત્યાં ખીજડી પૂજીને સખાને કહ્યું જે, ''ઘોડા દોડાવો.'' પછી સૌ કાઠીઓએ પોતપોતાનાં ઘોડાં દોડાવ્યાં. તેમાં કેટલાકનાં ઘોડાં મોર થઈ ગયા. તે જોઈ મહારાજે એકબીજાની પ્રશંસા કરી, ને બહુ રાજી થયા.

(શ્રી અક્ષરાનંદ સ્વામીની વાતો : ૪૭૫)

**નોંધ :**

**ભગવાન શ્રીહરિના અશ્વલીલા-પ્રસંગો અનંત છે, પરંતુ અહીં યથાયોગ્ય સમાવેશ કરવા પ્રયત્ન કર્યો છે.**



# સત્સંગ સમાચાર પત્રિકા

સ્વામી ઘનશ્યામદાસજી તથા શા. સ્વામી સર્વમંગલદાસજી
તથા સાધુ ધર્મવલ્લભદાસજી

દશાબ્દિ મહોત્સવ
**બીલીમોરા**










વડતાલ પ્રદેશના બીલીમોરાને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાન્નિધ્યમાં ઉજવાયેલ શ્રી સ્વામિનારાયણ મંદિરનો દશાબ્દી મહોત્સવ તથા પૂ. સર્વમંગલ સ્વામીના વક્તાપદે શ્રીમદ્ ભાગવત કથાપારાયણ.

રાષ્ટ્રીય સંઘ શિબિર
**સરધાર**





સરધારધામને આંગણે શ્રી સ્વામિનારાયણ મંદિર પટાંગણમાં યોજાયેલ સપ્તદિનાત્મક રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સભ્યોની પ્રાથમિક શિક્ષા વર્ગ શિબિર.





કેનેડાના રજાઈનાને આંગણે યોજાયેલ **સત્સંગ સભા**માં કથાવાર્તાનો લાભ આપતા પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી તથા સંતમંડળ





કેનેડાના વિનીપેગને આંગણે યોજાયેલ **સત્સંગ સભા**માં કથાવાર્તાનો લાભ આપતા પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી તથા સંતમંડળ





પેન્સીલવિલીયા રાજ્યના પીટર્સને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાન્નિધ્યમાં યોજાયેલ
**સત્સંગ સભા**માં કથાવાર્તાનો લાભ આપતા પૂ. સ્વામી શ્રી પૂર્ણસ્વરૂપદાસજી





અમેરિકાના બોસ્ટનને આંગણે યોજાયેલ **સત્સંગ સભા**માં કથાવાર્તાનો લાભ આપતા પૂ. સ્વામી શ્રી પૂર્ણસ્વરૂપદાસજી તથા સંતમંડળ




કેનેડાના ઓટાવાને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાન્નિધ્યમાં યોજાયેલ
સત્સંગ સભામાં કથાવાર્તાનો લાભ આપતા પૂ. સ્વામી શ્રી પૂર્ણસ્વરૂપદાસજી




II Shree Swaminarayan Vijaytetram II

VADTAL DHAM
Shree Swaminarayan Hindu Temple
Bridle Road, Pinner, London, HA5 2SH UK

# Siddhant
Satsang Shibir

Date : 10-11 August | 9:00 AM - 8:00 PM

Ashish Gothadiya - 07970548656 Nilesh Alagiya - 07809144926 | www.svg.org/london

Laxminarayan Dev Yuvak Mandal UK | LNDYM.UK | LNDYMUK | ssausm.uk@gmail.com uklndym@gmail.com

UK
LNDYM

P.P.D.D 1008 Acharya Shree
Ajendraprasadji Maharaj

P.P. 108 Bhavi Acharya Shree
Nrigendraprasadji Maharaj

Inspired by :
Nana Lalji Shree
Pushpendraprasadji Maharajshree - Vadtal

Please Join us For Satsang Presentations & Funfilled Group Activities

II શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ II

HK

હરિકૃષ્ણ ગ્રુપ (ધોળકીયા પરિવાર) આયોજીત દુધાળાને આંગણે

KISNA
DIAMOND JEWELLERY

# શ્રીમદ્ ભાગવત
## મોક્ષગાથા

II કથા પ્રારંભ II
તા. ૨૩-૮-૨૦૧૯
શ્રાવણ વદ - ૭

વક્તા : પૂ. સ.ગુ. શ્રી નિત્યસ્વરૂપદાસજી સ્વામી

II કથા વિરામ II
તા. ૨૯-૮-૨૦૧૯
શ્રાવણ વદ - ૧૪

કથા સમય : સવારે ૮.૩૦ થી ૧૨.૩૦

કથાસ્થળ : મું. દુધાળા, તા. લાઠી, જી. અમરેલી

हमारा लक्ष्य
विश्व का कल्याण हो...

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

## તીર્થધામ માણાવદરને આંગણે નવમી

# શ્રી સ્વામિનારાયણ સત્સંગ શિબિર

**તારીખ : ૩૧ થી ૬-૯-૨૦૧૯** | **પ્રયોજક : પૂ.સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી**

**સ્થળ : 'પટેલ સમાજવાડી', મું. માણાવદર, જી. જૂનાગઢ**

સંપર્ક : શ્રી શાંતિભાઈ રતનપરા – મો. ૯૪૨૬૧૬૭૭૦૮ | શ્રી ધર્મેન્દ્રભાઈ મહેતા – મો. ૯૪૨૬૨૩૦૭૬૬

---

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# VADTAL DHAM

**Shree Swaminarayan Hindu Temple**

Pinner, London, UK

Invitation

દ્વારા આયોજીત



# વચનામૃત 200 YEARS દ્વિશતાબ્દી મહોત્સવ

**3 TO 9 AUGUST 2019**

Katha Timing - 5:00 to 8:00 PM

અંતર્ગત

## ॥ શ્રીમદ્ સત્સંગિજીવન ॥

### કથા પારાયણ



P.P.D.D. 1008 Shree Acharya
**Shree Ajendraprasadji Maharaj**

વક્તા : પૂ. સ. ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી



P.P. 108 Shree Bhavi Acharya
**Shree Nrigendraprasadji Maharaj**

## Shree Swaminarayan Hindu Temple

**Bridle Road, Pinner, London, HA5 2SH, UK. Contact : 020 3972 2274**

Ghanshyambhai Patel - 07809 608 831 Narayanbhai Soni - 07830 979 829, Bhimjibhai Khetani - 07949595447, Naresh Gothadiya - 07889 728 585

---

તીર્થધામ સરધારને આંગણે

૨૪ મી

## શ્રી સ્વામિનારાયણ

# સત્સંગ છાવણી

**તા. ૨૫ થી ૧-૧૧-૨૦૧૯**

**પ્રયોજક : પૂ. સ. ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી**

**સ્થળ :- 'શ્રીસ્વામિનારાયણ બાગ' મું. સરધાર, જી. રાજકોટ**














વડતાલ પ્રદેશના **ત્રાલસા** (તા. ભરૂચ)ને આંગણે **પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી**ના રૂડા આશીર્વાદથી **પ.પૂ. ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના દિવ્ય સાનિધ્યમાં ઉજવાયેલ **શ્રી સ્વામિનારાયણ મંદિરનો રજત જયંતિ મહોત્સવ** તથા **સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી**ના વક્તાપદે **'શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ'** (તા. ૨૧ થી ૨૭-૪-૨૦૧૯)






**અમેરિકાના સ્કેન્ટન** ખાતે પ.પૂ. ૧૦૮ શ્રી **ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના દિવ્ય સાનિધ્યમાં અમેરિકાના જુદા જુદા સેન્ટરોના યુવક-યુવતી તથા બાળ-બાળિકાઓની **'નેશનલ સત્સંગ શિબિર'** યોજાઇ હતી. 'સદ્વિવેક'ના વિચારને કેન્દ્રમાં રાખીને યોજાયેલી આ શિબિરમાં યુવક-યુવતીઓએ સંપ્રદાયના મૂળભૂત સિદ્ધાંતો તેમજ ભારતીય સંસ્કૃતિના મૂલ્યોને પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા યુવાન હરિભક્તોના પ્રેરણાત્મક પ્રવચનો દ્વારા દૃઢ કર્યા હતા

Swaminarayan Chintan, July-2019, RNI NO.GUJGUJ-2013/47868, Postal Registration No-Rajkot/624/2019-21 Valid Up To 31/12/2021
Posted At Rajkot RMS On 20th Of Every Month, W.p.p No-G-PMG-RJT/018/2019,Valid Up To 31/12/2021












**પેન્સીલવેલીયા** રાજ્યના **સ્કેન્ટન**ને આંગણે પ.પૂ. ૧૦૮ શ્રી **ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના સાનિધ્યમાં **શ્રી સ્વામિનારાયણ મંદિર** માં બિરાજમાન **બાળપ્રભુ શ્રી ઘનશ્યામ મહારાજ**નો **પાંચમો વાર્ષિક પાટોત્સવ** તથા **પૂ. સ્વામી શ્રી પૂર્ણસ્વરૂપદાસજી**ના વકતાપદે **'હરિસ્મૃતિ કથાપારાયણ'** (તા. ૨૬ થી ૩૦-૬-૨૦૧૯)

Swaminarayan Chintan, Publisher, Printer, Owner, editor :- SWAMI PATITPAVANDASJI , Place of Publication :- Shree Swaminarayan Mandir, At : SARDHAR, Ta. & Dist. Rajkot (GJ) - 360025.
Printing press with complete address : SHREEJI ART, GF-12, ASHIRVAD SHOPPING CENTER, ASHRAM ROAD, PALDI AHMEDABAD, (GJ) - 380007